# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 9-10 ❖ Pages : 120 ❖ Mumbai ❖ Oct-Nov. 2023 ❖ Price : Rs.8/-



# Samrat Pharmachem Limited

**Manufacturers & Exporters of Pharmaceutical Chemicals**

*The King of Iodine Chemistry*





**REGISTERED OFFICE & FACTORY**
Plot No. A2/3445,
GIDC, Phase 4,
Ankleshwar – 393002,
Gujarat, India.
Tel.: +91-7045456789 / 7046456789

**CORPORATE OFFICE**
701/702 Business Square,
M. A. Road, Andheri (West),
Mumbai – 400058,
Tel.: +91-7507534567 / 8760345678
Email: contact@samratpharmachem.in

**Leading Manufacturers of IODINE Derivatives in India**



**www.samratpharmachem.com**

તંત્રી સ્થાને થી...

# શબ્દો (વાણી) અને તેનુ મહત્વ

શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦



આજનો યુગ શબ્દોનો યુગ છે. મૌનના યુગનો સિતારો આથમી ગયો હોય તેવું લાગે છે. મૌનની પરિભાષા સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. પહેલા શબ્દોને સમજવા માટે મૌન રાખવામાં આવતું હતું. આજે મૌનને સમજવા માટે શબ્દોનો મારો ચાલી રહ્યો છે.

વાણી (શબ્દો) જોડે છે, વાણી તોડે છે, વાણી દુ:ખ આપે છે, તે જ વાણી શાતા પણ આપી શકે છે. જીવનના પ્રત્યેક ભાવને વ્યકત કરવા માટે આપણે વાણીનો સહારો લઈએ છીએ. મોનની શક્તિ વાણી કરતા અનેક ગણી વધારે હોવા છતાં આપણે બોલવાની ઈચ્છા ટાળી શકતા નથી. મૌનનો મહિમા વ્યકત કરતું સૂત્ર છે.

गुरोस्तु मौनम व्याख्यानं,
शिष्यास्तु छीन्नसंशया।

અર્થાત ગુરૂનું મૌન એ જ તેમનું પ્રવચન બને છે. જેને શિષ્યો હૃદયરૂપી કાન વડે સાંભળી પોતાના સંશયોનું નિવારણ કરે છે.

કેટલાક લોકો શબ્દોને શસ્ત્ર બનાવીને ઉપયોગ કરતા હોય છે. તેમનો એક એક શબ્દ સામી વ્યક્તિને ઘાયલ કરતો રહે છે. કોઈને બરબાદ કરવા માટે શબ્દોનો ઉપયોગ જીભમાં બંદૂક ભરી હોય તેવી રીતે પણ થતો હોય છે.

શબ્દ ખૂબ જ મૂલ્યવાન ઘરેણું છે. શબ્દ (વાણી) કોણ, ક્યારે, કેવી રીતે વાપરે છે. તેના આધારે તેની કિંમત - વજન નક્કી થતું હોય છે. શબ્દ આશીર્વાદ પણ બને અને શાપ પણ બને. તેનો કેવો ઉપયોગ થાય છે તે અગત્યનું છે. એક કહેવત છે શુકનથી શબ્દ આગળ!

મતલબ કે ચોઘડિયા સારા હોય કે ખરાબ જો શબ્દ યોગ્ય મળી જાય તો શુકન - અપશુકનનું કંઈ મહત્વ રહેતું નથી.

સજ્જન વ્યક્તિ નકામું કે તોછડું બોલે નહીં. ઈર્ષા કે દ્વેષભાવથી ઉચ્ચારણ કરે નહીં. પરિણામે તેના બોલનું મૂલ્ય, અને વ્યક્તિનું પણ માન વધે.

**"ક્યારે, ક્યાં, શું, અને કેટલું બોલવું તે પણ એક અનોખી આવડત છે અને તે બધામાં હોતી નથી."**





## માનનીય પ્રમુખ સેવક ની કલમે

આપણા ભવ્ય સમાજના આદરણીય વડિલો, દરિયાદિલ દાતાશ્રીઓ અને પ્રિય પરિવારજનોને નતમસ્તકે જય જીનેન્દ્ર સાથે દિપાવલી અને નવલ વર્ષના હાર્દિક અભિનંદન અને શુભ કામના પાઠવતા સમાજની કમિટી વતી હું ગર્વ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું.

સપના............... જે રાતે સૂઈ જઈને આવે તે સાચા પડે કે ન પડે

પરંતુ.................. જે સપના તમને સૂવા જ ન દે તે તો સાચા પડે  પડે અને પડે જ

અંતે................. અમારા સપના સાચા પડયા, સાકાર થયા, આ ૫૦ વર્ષમાં સમાજે જોઈ તો નથી જ પણ... વિચારીય નોંતી, કલ્પેલી પણ નહોતી એટલી ઉમટી રહી હતી જનમેદની

તેવી જ રીતે, વર્તમાન સમયમાં યુવા અને યુવતીઓની જાગૃતિનો મહાસાગર આ વર્ષે ઉભરાઈ રહ્યો છે સમાજના આ સુર્વણમય વરસમાં ઉત્સાહપૂર્વક અવસરોમાં વિરાટ સંખ્યામાં સહભાગી થઈને અમને રોમાચિંત ને અંચબિત કરીને અમારો થનગનાટ પણ અનેકગણો વધારી દીધો છે.

૫૦-૫૦ વર્ષોની ઉજમણીરૂપે કંઈક વધુ, કંઈક નવું પીરસવા માટે આપની કમિટીએ વચન આપ્યા પ્રમાણે ગઈ ભાઈબીજના અનેરા સંમેલનમાં ૫૦ વર્ષોમાં વિશિષ્ટ સેવા પ્રદાન કરી ગયેલા પ્રમુખશ્રીઓ અને મુખપત્ર સુજ્ઞ તંત્રીઓનું સન્માન યાદગાર બની ગયેલ હતું. ઉપરાંત એ સંમેલન ના દરેક અતિથિવિશેષ, મહાનુભાવો પણ સમાજના ઉત્સાહને અનુરૂપ ઉદારદિલે અનુદાન આપી ગયેલ હતા. વિશેષમાં સુવર્ણ મહોત્સવને ચાર ચાંદ લગાડવાની શુભ ભાવનારૂપે અમેરિકા સ્થિત ડૉ.ભુપેન્દ્રભાઈ નરોત્તમદાસ વોરા અને ડૉ.શોભનાબેન ભુપેન્દ્રભાઈ વોરા પરિવાર તરફથી S.S.C. પરિક્ષામાં સમાજના ત્રણ છાત્રો જે પ્રથમ દ્વિતિય અને ત્રીજા નંબરે ઉતિર્ણ થયા તેમને રૂા.૫૦,૦૦૦, રૂા.૩૦,૦૦૦, રૂા.૩૦,૦૦૦ ના માતબર પુરસ્કારથી સન્માનિત કરેલ તેથી સમગ્ર સમાજ અભિભૂત થઈ ગયેલ હતો. બીજુ અને ત્રીજુ ઈનામના માર્ક્સ સરખા હોવાથી દાતાશ્રીએ ઉદારદિલે બીજા અને ત્રીજા ઈનામની રકમ ૩૦,૦૦૦ કરી દીધી હતી.

ત્યારબાદનો બીજો અવસર એટલે સાંસ્કૃતિક કાર્યક્રમ "મેઘધનુષ" જે ઘાટકોપર ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ખાતે તા.૩૦-૦૪-૨૦૨૩ ના દિવસે યોજેલ જેમાં આપણા જ સોરઠ સમાજના કલાકારોએ રંગ જમાવ્યો હતો. અને સર્વે મહાનુભવોએ ખૂબ માણ્યો હતો.

અને ત્રીજો અવસર એટલે રાસગરબાનો કાર્યક્રમ તા.૧-૧૦-૨૦૨૩ના રોજ રઘુલીલા મોલ કાંદીવલી ખાતે ઉજવવામાં આવ્યો જેમાં શક્ય તેટલા વધુ સભ્યોને સમાવવાની કોશિશ રૂપે અલગ ભોજન હોલની વ્યવસ્થા કરીને વધારાના ૨૫૦ સભ્યોનો સમાવેશ શક્ય બન્યો હતો. લગભગ ૧૨૦૦ થી વધુ સભ્યોએ હાજરી આપી હતી.

આગામી વર્ષોમાં આપ સહુના સાથ સહકાર અને સહયોગ થકી કંઈક અવનવા કાર્યક્રમો આપવાની તમન્ના છે.

જિંદગી જીને કા મગસદ ખાસ હોના ચાહીયે,
અપને આપ પર વિશ્વાસ હોના ચાહીયે,
જીવનમે ખુશીઓકી કભી કોઈ કમી નહીં હોતી,
બસ જીને કા અનોખા અંદાજ હોના ચાહીયે

સમાજલક્ષી કોઈ પણ આયોજનમાં ખર્ચ તો ચોક્કસ થાય જ છે અને સાથે સાથે અલભ્ય લાભ પણ થાય જ છે. અમારો અનુભવ એવો રહ્યો છે કે સમાજલક્ષી કોઈ પણ યોજના ક્યારે ય પણ પૈસાના અભાવને કારણે અટકતી નથી લોકો હોશેં હોશેં પૈસાનો વરસાદ વરસાવે છે માત્ર તેમને ખાત્રી થવી જરૂરી છે કે પૈસાનો યોગ્ય સદુપયોગ થાય છે.

સારા સંસ્કાર ધર્મની પ્રેરણા આપે અને,
અને આ પ્રેરણા ''માનવસેવા'' કરવા પ્રેરે છે,
ધર્મ એ પાયો છે તો ''માનવસેવા'' ઈમારત છે,
ધર્મ બીજ છે તો ''માનવસેવા'' વૃક્ષ છે.

આપણા શ્રી સોરઠ સમાજ મુંબઈની સ્થાપના તા.૦૩-૧૦-૧૯૭૦ ના શુભદિને થયેલી તેથી તા.૦૩-૧૦-૨૦૨૩ થી ૦૨-૧૦-૨૦૨૪ દરમિયાન સમાજનું પાવન ૫૪મું વર્ષ ઉજવણીનું ગણાય અને એની ભવ્ય ઉજમણી રૂપે તા.૦૩-૧૦-૨૦૨૩ના રોજથી ''આરોગ્ય આર્થિક સહાય યોજના'' **(Health Assitance Scheme)** બનાવી છે જેની સંપૂર્ણ વિગત મુખપત્રના દિપોત્સવી અંક-૨૦૨૩માં આપી રહ્યા છીએ.

ચાલો સાથે મળીએ અને નીભાવીએ
સમાજ પ્રત્યે આપણી જવાબદારી
શરૂ કરીને ''આરોગ્ય આર્થિક સહાય યોજના''

૫૦માં સુવર્ણ વર્ષની ઉજવણી દરમ્યાન સોરઠ સમાજની સેવા આપનાર દરેક દાનવીરો, મહાનુભવો અને કાર્યકર્તાઓની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

આપશ્રી સહુએ આપની આ કારોબારી સમિતિ પર વિશ્વાસ મૂકીને સમાજને ઉપયોગી થવાની જે તક આપી છે. તેની અનુમોદના સાથે

અમે કહીએ શુ કે અમને મળ્યુ શું,
આ હસી ખુશીમાં, આ અમન ચમનમાં
અને આ સમાજલક્ષી કાર્યોમાં,
તમે જોઈ શકો તો જોઈ લ્યો અમારા સજળ નયનમાં

૫૦માં વર્ષ સુવર્ણ જયંતિ ઉજમણી દરમિયાન મારાથી કે મારા સાથીદારો તરફથી સમાજના કોઈ પણ સભ્યને અણછાજતો વ્યવહાર થયો હોય તો અમારા તમામ કારોબારી સભ્યો વતી આપ સર્વેને અંતરથી મીચ્છામી દુક્કડમ્

સુજ્ઞ સમાજ માટે હજી ઘણા કાર્યો કરવાની તમન્ના છે અને આપ સહુના આશીર્વાદ અને પ્રેમથી આગામી વર્ષોમાં સિધ્ધ કરવાની ભાવના ભાવીએ છીએ. અત્યારે આપણે ભવ્ય ઈમારતના પ્રથમ સોપાન પર પહોંચ્યા છીએ અને સાથે મળીને મંજિલ ઉપર પહોંચશું જ

પ્રમુખ સેવક કિરીટકુમાર પ્રભુલાલ મહેતાના સબહુમાન પ્રણામ

## અતિથી વિશેષ

# વર્ષાબેન જેઠાલાલ શાહ



થાણાદેવડી (અમરનગર) નિવાસી હાલ મુંબઈ ડૉ.વર્ષાબેન જેઠાલાલ શાહ Ph.D. in Electronics Engineering & Technology (અને બીજી વિવિધ ડીગ્રીઓ ધરાવનાર)નું આજના ભાઈબીજ સંમેલનમાં સમગ્ર સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવે છે. જે સમયમાં એન્જિનિયરિંગ અભ્યાસનું ક્ષેત્ર ફક્ત પુરૂષોનું ગણાતું તે સમયમાં તેમણે એન્જિનિયર થવાનું નક્કી કર્યું. શાહ એન્ડ એન્કર કોલેજમાંથી B E Electronics ની ઉપાધિ મેળવી. ત્યારબાદ ૧૯૯૮માં તેમણે વધારે આગળ અભ્યાસ કરવા માટે સાંગલીની વાલચંદ કોલેજ ઓફ એન્જિનિયરિંગ માંથી M E ઈલેક્ટ્રોનિક્સની ડિગ્રી મેળવવાનું નક્કી કર્યું. તે સમયે મુંબઈમાં ફક્ત બે જ કોલેજ અને મર્યાદિત સીટો હોવાથી સાંગલી પસંદ કર્યું. સાંગલીમાં લેડીઝ હોસ્ટેલની વ્યવસ્થા ન હોવાથી પેઈંગ ગેસ્ટ તરીકે રહેવાની સગવડ કરી. બચપણથી જૈન ધર્મમાં પૂરી આસ્થા ધરાવતા અને ધાર્મિક સંસ્કારોથી રંગાયેલા વર્ષાબેનને જમવા માટે જૈન ભોજન મળવાનું મુશ્કેલ હતું જૈન ભોજનશાળા કોલેજથી ખૂબ દૂર હોવાથી બપોરે ફક્ત નાસ્તો કરી સાંજે ભોજનશાળામાં જમી લેતા. આવી તકલીફોને પણ નજર અંદાજ કરી તેમણે M E Electronicsનો અભ્યાસ પૂર્ણ કર્યો.

અધ્યાપન ક્ષેત્ર તેમનું માનીતું ક્ષેત્ર હોવાથી તેઓ બાંદ્રા સ્થિત રીઝવી કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા. બે જ વર્ષમાં પોતાની સખત મહેનત અને તેમના કાર્યની આવડત થકી તેઓ હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ બન્યા. તે સાથે જ તેમની પી.એચ.ડી થવા માટે વાલચંદ કોલેજ સાંગલીમાં enroll કર્યું. નોકરીની સાથે Ph.D ના અભ્યાસ માટે અવારનવાર સાંગલી જવું પડતું હતું. પી.એચ.ડી. કરવા માટે તેમને ખાસ વિષય પસંદ કર્યો હતો. Audio signal processing અર્થાત્ Digital Signal Processing માં તેમણે પી.એચ.ડી. ની ડીગ્રી હાંસલ કરી. તેમના પી.એચ.ડી.ના કાર્ય પર ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ માં રિસર્ચ પેપર પ્રકાશીત થયા.

વર્ષ ૨૦૦૯માં વર્ષાબેનની નિમણૂક રીઝવી કોલેજ ઓફ એન્જિનિયરિંગના પ્રિન્સિપાલ તરીકે કરવામાં આવી. રીઝવી કોલેજ જેવી મુસ્લિમ minority કોલેજમાં પ્રિન્સિપાલ બનવું એ ખૂબ જ મોટી સિદ્ધિ ગણી શકાય. વર્ષાબેને રીઝવી કોલેજમાં ૨૩ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમની પાસેથી ઉચ્ચ શિક્ષણ અને સલાહ લઈને કેટલાય વિદ્યાર્થીઓએ ખૂબ મોટી કંપનીમાં ઉચ્ચ પદવી ધરાવીને ઉજ્જવળ કારકિર્દી સર કરી છે. વર્ષાબેન પોતાને હજુ પણ એક વિદ્યાર્થી માને છે અને હજુ ઘણું ઘણું શીખવાની ઈચ્છા અને ધગશ ધરાવે છે. હાલમાં તેમણે એલ.એલ.બી.નો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને ઈન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં L.L.M. નો અભ્યાસ KES કોલેજમાંથી કરી રહ્યાં છે. તેઓ બે વખત ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એન્જિનિયરિંગના બોર્ડ ઓફ સ્ટડીઝના મેમ્બર તરીકે મુંબઈ યુનિવર્સિટી તરફથી એપોઈન્ટ થયેલ છે. તેવો ગવર્મેન્ટ ઓફ મહારાષ્ટ્રના ન્યુ એજ્યુકેશન પોલિસી માટેના એક પેનલ મેમ્બર તરીકે Nominate થયેલ છે. આ ઉપરાંત મુંબઈ યુનિવર્સિટી તરફથી લોકલ ઈન્કવાયરી કમિટીના મેમ્બર તરીકે નિમણૂક પામેલ છે. આ સિવાય બીજી ઘણી સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા છે.

સ્વ.માતુશ્રી નિર્મળાબેન જેઠાલાલ શાહ અને સ્વાતંત્ર સેનાની પિતાશ્રી શ્રી જેઠાલાલભાઈ શાહનો અત્યંત ધાર્મિક અને ઉચ્ચ વિચારોનો વારસો વર્ષાબેનને મળેલ છે. તેમના માતુશ્રી એ જીવન દરમ્યાન ઘણી કઠીન તપશ્ચર્યાઓ પૂર્ણ કરેલ હતી. પિતાશ્રી જેઠાલાલભાઈનું માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. તેવો Publicity Department - Mantralaya ના Director તરીકે સેવા આપી નિવૃત્ત થયેલ છે. આ ઉપરાંત મુંબઈ યુનિવર્સિટી તરફથી લોકલ ઈન્કવાયરી કમિટીના મેમ્બર તરીકે નિમણૂક પામેલ છે. આ સિવાય બીજી ઘણી સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા છે.

વર્ષાબહેન ના ભાઈ શ્રી વિજયભાઈ સોફ્ટવેર એન્જિનિયર છે અને પોતાનો Software Security Surveillance નો બિઝનેસ કરે છે. વિજયભાઈના ધર્મપત્નિ શ્રીમતી વીણાબહેન હોમ મેકરનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષાબહેન તેમના કુટુંબ-ભાઈ ભાભીના પરિવાર સાથે સંયુક્ત પરિવારમાં રહે છે.

શિક્ષણ સાથે તેઓએ ધર્મિક શિક્ષણ પણ લીધેલ છે. રોજ એક સામયિક અચૂક કરે છે અને ત્યારબાદ જ પોતાનો નિત્યક્રમ ચાલુ કરે છે. શ્રી ભક્તામર મહામંત્ર સ્તોત્ર તેમને પૂર્ણપણે મૌખિક છે અને રોજ તેમનો ઉચ્ચાર કરે છે. આ સ્તોત્રમાં તેઓ ખૂબ જ વિશ્વાસ ધરાવે છે. તેઓ પોતાની સફળતાનું શ્રેય, શ્રી ભક્તામર સ્તોત્ર, જૈન ધર્મ અને પોતાના માતા પિતાને આપે છે.

**આવા વિદુષી અતિથિ વિશેષ આપણા સમાજનું ગૌરવ છે અને આપતા શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજની કારોબારીના તમામ સભ્યો અત્યંત આનંદની લાગણી અનુભવે છે.**





## સુશીલભાઈ જયંતભાઈ શાહ

ખારચિયા (રાણપુર ભેંસાણ) નિવાસી હાલ કાંદીવલી શ્રી સુશીલભાઈ જયંતભાઈ શાહની ગણના એક બેન્કર અને ફાઈનાન્સિયલ સર્વિસીઝના નિષ્ણાંત તરીકે થાય છે. ઉચ્ચશિક્ષિત અને દેશની વિવિધ બેન્કોમાં ઉચ્ચ હોદ્દાઓ ધરાવી ઉજવળ કારકિર્દી ધરાવતા શ્રી સુશીલભાઈનું આજના ભાઈબીજ સંમેલનમાં સમગ્ર સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ વતી હાર્દિક સ્વાગત કરવામાં આવે છે.

મિકેનિકલ એન્જીનિયરિંગમાં ગ્રેજ્યુએશન કરીને સન ૨૦૦૩માં ભારતની ટોચની બિઝનેસ સ્કુલમાંથી એમ.બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી, તેમને ભારતની ટોચની બેંકો જેમકે બર્કલેઝ બેંક, એચ.એસ.બી.સી, સીટી બેન્ક વગેરેમાં વિવિધ હોદ્દા ઉપર રહીને કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે. હાલમાં છેલ્લા દસ વર્ષથી તેઓ HSBC Bank India માં S V P (Senior Vice President) તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. Wholesale Banking Business of HSBC Bank of India અને HSBC Gift City ના Non-Financial Risk ના Head તરીકે સેવા આપી રહ્યા છે. મુંબઈ ઉપરાંત બેંગ્લોર, ચેન્નાઈ અને મણીપાલ તેમના કાર્યક્ષેત્ર છે. આ ઉપરાંત અધ્યાપન ક્ષેત્રે ઉંડો રસ ધરાવતા હોવાથી ભારતની ૨ ખ્યાતનામ બિઝનેસ સ્કૂલમાં Visiting Faculty તરીકે વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપી રહ્યા છે.

તેમના પિતાશ્રીની નોકરીના સ્થળો બદલાતા હોવાથી તેમણે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ સ્થાનીય ભાષા (મરાઠી)માં કરેલ હતો. મરાઠી Medium માં અભ્યાસ કરેલ હોવા છતા તેમણે દરેક courses માં Merit પર એડમિશન લેવામાં સફળતા મેળવી હતી. **તેઓ દ્રઢપણે માને છે કે દરેક વિદ્યાર્થીઓએ સારી શિક્ષણ સંસ્થાઓમાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું જોઈએ. પછી ભલે તેઓ નોકરી કરવા માગતા હોય કે પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરવા ઈચ્છતા હોય.**

પરિવારમાં તેમના પિતાશ્રી શ્રી જયંતભાઈ ન્યાલચંદ શાહ Bank of Baroda માં ૩૦ વર્ષથી વધુ સમય માટે સેવા આપી હાલ VRS લઈ નિવૃત્ત જીવન ગાળે છે. માતુશ્રી આરતીબેન શાહ એક ગૃહિણી તરીકે આર્થિક મુશ્કેલીઓમાં કુટુંબને સાચવીને સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવામાં સફળ નિવડ્યા છે. શ્રી સુશીલભાઈના ધર્મપત્ની શ્રીમતી નેહાબેન પોસ્ટ ગ્રેજ્યુએટ (M.Com) છે. ઉપરાંત ફેશન ડિઝાઈનીંગનો પણ કોર્સ કરેલ છે. નેહાબેને જોબ કરવાને બદલે કુટુંબ ભાવનાને પ્રાધાન્ય આપી ઘરની સંભાળ રાખવાનું પસંદ કર્યું છે. તેમનો પુત્ર તનય શાહ હાલ NM કોલેજ ઓફ કોમર્સમાં અભ્યાસ કરે છે. તેમણે વર્ષ ૨૦૨૩માં ICSE બોર્ડમાં ઓલ ઈન્ડિયા રેન્કમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તનય MBA કરીને CA કરવા માટે ઉત્સુક છે.

સુશીલભાઈના મોટા બહેન જસ્મીબહેન દોશી બ્રાસ પાર્ટનો બિઝનેસ ધરાવતા તેમના પતિ શ્રી નિલેશભાઈ પી. દોશી સાથે જામનગર ખાતે સ્થાયી થયા છે. બીજા બહેન ડોક્ટર રશ્મિ મહેતા MD (ગાયનેકોલોજીસ્ટ) તેમના પતિ ડૉ.ધવલ પી. મહેતા MD (ENT) સાથે ઉપલેટા (જુનાગઢ જીલ્લો) ખાતે ડોક્ટર તરીકે સેવા આપી રહ્યા છે.

આવા ઉચ્ચ શિક્ષિત અને કુટુંબ પ્રેમી શ્રી સુશીલભાઈનું શ્રી સો.વિ. જૈન સમાજ મુંબઈની કારોબારીના સમગ્ર સભ્યો આજના ભાઈબીજના સંમેલનમાં અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવા બદલ ગૌરવ અનુભવે છે.

અતિથી વિશેષ

## રૂપા રાજન સચદેવનાં પરિચયને અનુરૂપ ચાર લાઈનો



"સફર મેં ધૂપ તો હોગી, તુમ ચલ શકો તો ચલો,
સભી હૈં ભીડમે તુમ ભી નીકલ શકો તો ચલો,
કિસી કે વાસ્તે રાહેં કહા બદલતી હૈં
તુમ અપને આપ કો ખુદ હી બદલ શકો તો ચલો"



એવી જ ફિલસૂફીને અનુરૂપ વ્યક્તિત્વ ધરાવતી રૂપાનો જન્મ ૧૯ ઓક્ટોબર ૧૯૭૧માં મમ્મી જ્યોતીબેન અને પપ્પા પ્રવીણભાઈ વોરા (P.C.Vora) ની લાડકી દિકરીએ વોરા પરિવાર અને શ્વસૂર શ્રી કૃષ્ણકુમાર શિવજી સચદેવ પરિવારમાં રૂપાએ અજવાળુ પાથર્યુ છે.

અભ્યાસ જયહિંદ કોલેજમાં થી સાયકોલોજી સાથે BA ઓનર્સ કર્યા પછી શૈક્ષણિક ક્ષેત્રે Advance કોર્સ કર્યો છે.

૧૯૯૩માં CA શ્રી રાજન સચદેવ સાથે સ્નેહલગ્ન અને ત્યારબાદ રૂપા એક માતબર ફર્મમાં સેલ્સ ફોર્સમાં જોડાઈ હતી. ત્યાં ત્રણ વર્ષ કામ કર્યું. તે સમય દરમ્યાન તેના પૂ.સાસુ કાન્તાબેન સચદેવ પેરાલીસીસને લીધે પથારીવશ થતા રૂપાએ નોકરી છોડી દીધી અને પૂ.સાસુની સેવા ચાકરી અને ઘર ગૃહસ્થી ૭ વર્ષ સંભાળી અને તેમના દેહાવસાન પછી ૨૦૦૭ થી વડાલા પ્રિ.સ્કુલમાં શિક્ષક અને સ્કુલ સંચાલનનો કાર્યભાર સંભાળ્યો અને અત્યારે પણ તેમાં કાર્યરત છે.

સ્કુલના સમય પછી બપોરે ફ્રી થયા પછી જગપ્રસિધ્ધ ઈન્સયોરન્સ ગ્રુપ TATA AIA Life & General Insurance Service Oriented કાર્યમાં ઓતપ્રોત છે. છેલ્લા ૪ વર્ષથી સતત World Recognised Million Dollar Round Table ના Prestigious સ્થાન ઉપર બેસવા હકદાર બની છે. જેના પરિણામે Company Sponsered અનેક વિદેશ યાત્રાઓ કરી છે અને હજુ પણ કરવાની છે.

**"MDRT" નો અર્થ અને Scope એટલે MDRT Members Demonstrates Exceptioal Professional Knowledge Strict Ethical Conduct & Outstanding Client Services જેમાં સોસાયટીના માનવોનું કલ્યાણ કરવાની ભાવના એ જ પાયાનો સિદ્ધાંત રહેલો છે.**

રૂપાના જીવનસાથી અને પથદર્શક શ્રી રાજન સચદેવ CA પ્રતિષ્ઠિત બિઝનેસ ગ્રુપમાં શરૂઆતથી જ અગત્યની સિનિઅર પોઝીશન ધરાવે છે. તેમની મોટી પરિણીત પુત્રી સલોની દિપ સચદેવ સત્રા પણ CA છે. અને હિંદુસ્તાન યુનિલિવર કોરપોરેટ ઓફિસમાં Senior Finance Executive તરીકે જવાબદારી સંભાળી રહી છે. જ્યારે નાની પુત્રી દેવાંશી સચદેવ Corporate Law માં LLB એડવોકેટ થઈને પ્રતિષ્ઠિત JSW ગ્રુપમાં Legal Department માં કાર્યરત છે.

જીવનની અનેક વિષમતા અને વ્યથાને દૂર હડસેલો મારીને વ્યવસ્થા અને સુંદર પ્લાનીંગ પ્રત્યે આસ્થા રાખીને રૂપા બન્ને પરિવારનું પ્રેમ પૂર્વક જતન કરી રહી છે અને પારિવારીક સામાજીક ધાર્મિક વ્યવહારો પણ ખેવનાપૂર્વક સાચવી રહી છે.

સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈની સભ્ય તો ભલે નથી પરંતુ સોરઠ સમાજની દીકરી હોવાનું ગર્વ અને ગૌરવ તો ધરાવે જ છે.

## અતિથી વિશેષ





## શ્રી અભયભાઈ કિરીટભાઈ પારેખ

આજના સમારંભના અતિથિ વિશેષ શ્રી અભયભાઈ પારેખ એટલે આપણા શ્રી સો.વિ.મુખપત્રના ભૂતપૂર્વ તંત્રી શ્રી સ્વ. ચુનીલાલ પ્રેમચંદ પારેખ અને મંજુલાબેન ચુનીલાલ પારેખના પૌત્ર શ્રી અભયભાઈ કિરીટભાઈ પારેખ. આજના આ પ્રસંગે ખૂબ જ સૌમ્ય, મીતભાષી અને શિક્ષણપ્રેમી શ્રી અભયભાઈ પારેખનું સમગ્ર સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજવતી હાર્દિક સ્વાગત કરવામાં આવે છે.

પોદ્દાર કોલેજ માટુંગામાંથી સમગ્ર મુંબઈમાં 7th રેન્ક મેળવી બી.કોમ ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૨૧ વર્ષની નાની ઉંમરે Chartered Accountant ની ઉપાધી મેળવી. પરંતુ આટલાથી તેમની જ્ઞાનપીપાષા ન સંતોષાતા તેમણે, M.Com Certified Financial Manager (C F M - with 1st Rank in India), Certified Financial Planner ની degree મેળવી. વધારેમાં વધારે ડિગ્રીઓ પ્રાપ્ત કરવાનો જાણે તેમને શોખ વળગ્યો હતો તેમ કહીએ તો ચાલે.

છેલ્લા ૨૬ વર્ષથી તેઓ કોમર્સના શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. અભય કોર્મસ ટ્યુટોરીયલ (A C T) ના નેજા હેઠળ 11th Std., 12th Std., C A Course, B A F, B M S વિ.ના વિદ્યાર્થીઓને તેઓ જ્ઞાન પ્રદાન કરે છે. કોલેજ લેવલ ઉપરાંત ISC, CBSE અને IG Board નો પણ તેમના કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે. Accounts, Maths અને Economics તેમના મુખ્ય વિષયો છે. તેમના કોચિંગ ક્લાસમાં 9th અને 10th Standard ના ઈકોનોમિક્સ અને કોમર્સના વિષયો પણ શીખડાવાય છે. પ્રતિવર્ષ Top માં સ્થાન ધરાવનારાઓમાં તેમના હાથ નીચે તૈયાર થયેલા વિદ્યાર્થીઓ Abhay Commerce Tutorial (ACT) નું નામ રોશન કરે છે.

આ ઉપરાંત તેઓ ફેમિલી ફાઈનાન્સિયલ કન્સલ્ટન્સીનું કાર્ય પણ કરે છે. જેમાં ઈન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ, ટેક્સ પ્લાનિંગ, રિસ્ક મેનેજમેન્ટ અને ઈન્સ્યોરન્સ પ્લાનિંગનો સમાવેશ થાય છે. તેઓ બહોળો કલાયન્ટ વર્ગ ધરાવે છે. લાઈફ ઈન્સ્યોરન્સ ક્ષેત્રે તેઓએ મિલિયન ડોલર રાઉન્ડ ટેબલ (MDRT) અને કોર્ટ ઓફ ધ ટેબલ (COT) સર કરેલ છે. Mutual fund investment માં પણ તેવો અગ્રેસર છે.

તેઓ વર્ષોથી ઘણા કાઉન્સેલિંગ સેમિનાર અને Sessions કરતા આવ્યા છે. જેમાં તેઓ નેશનલ અને ઈન્ટરનેશનલ ડિગ્રી વિશે વિશેષ જાણકારી આપે છે. યોગ્ય સમયે યોગ્ય ડિગ્રીના કોમ્બિનેશન અને વિનિંગ ફોર્મ્યુલા આપી અસંખ્ય વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં તેઓએ મહત્વનું યોગદાન આપેલ છે. તેઓના માર્ગદર્શન દ્વારા તેમના ઘણા વિદ્યાર્થીઓની કારકિર્દી ઝળહળતી કારકિર્દી બનાવવામાં સફળ થયા છે.

સાંસારિક અને વ્યવસાયિક બાબતોનું મેનેજમેન્ટ તેમના અર્ધાંગિની ચૈતાલી બહેન સંભાળે છે. તેઓ પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી હાલ કોમર્સ સ્ટ્રીમમાં શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે.

અભયભાઈના પરિવારમાં પિતા કિરીટભાઈ, માતા જ્યોત્સનાબેન, ધર્મપત્ની ચૈતાલીબેન તથા પુત્ર ક્રિશનો સમાવેશ થાય છે. ક્રિશ વર્ષ ૨૦૨૨માં ધોરણ ૧૦માં ICSE બોર્ડમાં 99.60% માર્ક સાથે ઓલ ઈન્ડિયા મેરીટ લીસ્ટમાં સેકન્ડ અને સમગ્ર મુંબઈમાં ફર્સ્ટ આવેલ હતો.

અભયભાઈનું ધ્યેય સમાજના લોકોમાં આર્થિક બાબતો વિશે જાગૃતિ લાવી ઉજ્વળ અને નિશ્ચિત ભવિષ્ય બનાવવાનું છે. જે વિદ્યાર્થીઓ પોતાની કેરિયર વિશે અવઢવમાં છે તેમને નિર્ણાયક માર્ગદર્શન આપી તેમનું ભવિષ્ય ઉજળું બનાવવામાં સહાયક બનવાનું છે.

**અભયભાઈ દ્રઢપણે માને છે કે - સખત પરિશ્રમનો કોઈ પર્યાય નથી. અભયભાઈ, આપને આજના સમારંભમાં અતિથિવિશેષ તરીકે આમંત્રણ આપી સમગ્ર સમાજ હર્ષ અનુભવે છે.**

યજમાન પ્રતિનિધિ





## શ્રી અશ્વિનભાઈ ગીરધરલાલ વોરા

આપણા સમાજના પ્રતિષ્ઠિત અને દાનવીર પરિવાર સ્વ. સમજુબેન ગીરધરલાલ વોરા અને સ્વર્ગસ્થ ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવારના સુશીલ શિક્ષિત,મૃદુભાષી અને **Down to Earh** એવા શ્રી અશ્વિનભાઈ વોરાનું આજના ભાઈબીજ સંમેલનમાં સમગ્ર સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ વતી હાર્દિક સ્વાગત કરવામાં આવે છે.

છ ભાઈઓમાં સૌથી નાના શ્રી અશ્વિનભાઈ ની શૈક્ષણિક કારકિર્દી ખૂબ જ ઉજ્જળ રહી છે શ્રી વલ્લભ વિદ્યાલય થી શાળામાં એસ એસ સી માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ત્યારબાદ રૂઈયા કોલેજમાં અભ્યાસ કરી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા થી બી કેમિકલ એન્જિનિયરિંગ ની ડિગ્રી મેળવી વધુ અભ્યાસની ભાવના હોવાથી, **USA** જઈ ત્યાંની યુનિવર્સિટી ઓફ એકોર્ન **(OHIO - U.S.A)**, થી **M.S. Polymers** અને **MBA** ની ડીગરી પ્રાપ્ત કરી

સન ૧૯૮૬માં ભાવનગર નિવાસી ચંદ્રકાંતભાઈ શાંતિલાલ શાહની સુપુત્રી ચેતનાબેન સાથે લગ્નગ્રંથી જોડાયા. શ્રી અશ્વિનભાઈના પરિવારમાં પત્ની ચેતનાબેન, પુત્ર શ્રેણીક, પુત્રવધુ રુચિ પુત્રી રિદ્ધિ અને જમાઈ નિશાંત નો સમાવેશ થાય છે.

શિક્ષણ પ્રત્યે ખૂબ જ લગાવ અને દીર્ધદ્રષ્ટિ ધરાવતા શ્રી અશ્વિનભાઈના સંતાનોએ તેમનો ઉચ્ચ શિક્ષણનો વારસો જાળવી રાખ્યો છે પુત્ર શ્રેણીકભાઈએ **USA** થી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં **Ph.D** કર્યું છે પુત્રી રિધ્ધિ એ **B.com** સાથે **C.S.** અને ફાઈનાન્સમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

શ્રી અશ્વિનભાઈનું વ્યક્તિત્વ શાંત,સરળ,પારદર્શક અને નિરાભિમાની છે. કોઈપણ જાતનો બાહ્ય આડંબર તેમને પસંદ નથી. તેઓ કોઈ પણ જાતના ભેદભાવ વગર બધાને મદદ કરવા સદાય તત્પર રહે છે. માતા સમજુબેન તથા પિતા શ્રી ગીરધરભાઈ નો ધાર્મિક અને સામાજિક સંસ્કારોનો અમૂલ્ય વારસો તેમણે જાળવી રાખ્યો છે. શૈક્ષણિક અને તબીબી સહાય કરવા તેઓ હંમેશા તૈયાર રહે છે.

આવા ઉચ્ચ શિક્ષણ અને નમ્ર વ્યક્તિત્વ ધરાવતા શ્રી અશ્વિનભાઈ વોરાનું આજના ભાઈબીજ સંમેલનમાં શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજની કારોબારી સમિતિના તમામ સભ્યો તરફથી ઉષ્મા ભર્યું સ્વાગત છે.

# મંત્રી સ્થાનેથી.....



શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી



શ્રી આશિષ વિનોદરાય મહેતા

આદરણીય સભ્યો,

માનનીય પ્રમુખશ્રી કિરીટભાઈના સુસંચાલન હેઠળ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈનું ગત વર્ષ એક અવિસ્મરણિય અને સિમાચિન્હ વર્ષ તરીકે હંમેશા યાદ રહેશે. દીર્ઘદ્રષ્ટિવાળા અને સ્વપ્નદ્રષ્ટા એવા શ્રી કિરીટભાઈએ ભાઈબીજના ૫૦માં સંમેલનમાં સમાજના ભૂતપૂર્વ પ્રમુખો તથા મુખપત્રના તંત્રીઓનું ભાવભર્યું સન્માન કર્યું.

આ જ સંમેલનમાં અમેરિકા સ્થિત ડૉ.શોભનાબેન બી.વોરા અને ડૉ.ભૂપેન્દ્ર નરોત્તમદાસ વોરા તરફથી ૧૦માં ધોરણમાં ઉતીર્ણ થયેલા સમાજના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને કુલ એક લાખ દસ હજારની રકમ આપવામાં આવી હતી. ગોકળદાસ મૂળજી સંઘવી પરિવાર તરફથી ઉગ્ર તપશ્ચર્યા કરનાર ૨૮ તપસ્વીઓનું બહુમાન અંધેરી ખાતે કરવામાં આવ્યું હતું જેમાં તપસ્વીઓ એ પોતાના અનુભવ જણાવ્યા હતા. બહુમાન બાદ ચોવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતા.

વર્ષ ૨૦૨૨ના શૈક્ષણિક સહાય માટે માટુંગા ખાતે સમાજ દ્વારા દાતાઓની એક સભાનું આયોજન મે મહિનામાં ગોઠવવામાં આવ્યું જેમાં દાતાઓનો અભૂતપૂર્વ સહકાર મળ્યો અને ૫૦ લાખ જેટલી માતબર રકમ ભેગી કરવામાં આવી. એજ વર્ષ દરમ્યાન ૨૪ લાખ જેટલી રકમ શૈક્ષણિક સહાય તરીકે મુંબઈ તથા બહારગામના વિદ્યાર્થીઓને આપવામાં આવી. તેવી જ રીતે આ વર્ષે પણ દાતાઓ ના સહયોગથી ૧૫ લાખ જેટલી રકમ ભેગી કરવામાં આવી. આ વર્ષે પણ ૨૧ લાખ જેટલી રકમ શૈક્ષણિક સહાય તરીકે મુંબઈ અને બહારગામના વિદ્યાર્થીઓને આપવામાં આવી. વર્ષ ૨૦૨૨માં શ્રીમતી કંચનબેન અમીચંદ વોરા તરફથી શૈક્ષણીક યોજના માટે રૂા.૧૦ લાખનું કોર્પસ ફંડ સમાજને મળ્યુ હતુ. તેમજ ગત વર્ષ ભાઈબીજ ના સંમેલન દરમ્યાન શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ મથુરાદાસ સાવડીયા પરિવાર તરફથી કાયમી મેડીકલ સહાય યોજના અંતર્ગત રૂા.૫ લાખનું કોર્પસ ફંડ મળ્યુ હતુ. સમાજ તે બદલ બંને નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

રવિવાર તા.૩૦-૦૪-૨૦૨૩ના રોજ ઘાટકોપર ખાતે સમગ્ર મુંબઈ સમાજના સભ્યો દ્વારા "મેઘધનુષ" કાર્યક્રમ અંતર્ગત વિવધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો જેમાં ૫૫ કલાકારોએ ભાગ લીધો. મુંબઈ સમાજ સ્તરે આવો કાર્યક્રમ પ્રથમ વખત આયોજીત કરવામાં આવ્યો હતો. રવિવાર તા.૦૧-૧૦-૨૦૨૩ના રોજ કાંદિવલી ખાતે "રાસ ગરબા" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૧૦૦૦ થી વધુ નાના મોટા સહુએ ભાગ લઈને કાર્યક્રમને તથા સમાજને ચાર ચાંદ લગાવી દીધા હતા. "મેઘધનુષ" અને "રાસગરબા" ની સફળતા બાદ સમાજની દરેક વ્યક્તિની એક જ વિનંતી હતી કે આવા કાર્યક્રમો દર વર્ષે યોજવામાં આવે. બંને કાર્યક્રમોની સફળતા માટે સમાજની કમિટીના સભ્યોનો અથાગ પરિશ્રમ અને દાતાઓનો અપ્રતિમ સહકારને આભારી છે.

સમાજનું મુખપત્ર જે વિશેષ સંજોગોને કારણે અનિયમિત હતું તે તંત્રીશ્રી રાજેન્દ્રભાઈ પુનાતર અને શ્રી જયેશભાઈ એસ. વસાની મહેનતથી નિયમિત થઈ ગયું છે.

સમાજની સ્થાપના તા.૦૧-૧૦-૧૯૭૩ના થઈ હતી. ૫૪ વર્ષમાં પ્રવેશતા સમાજ સ્તરે આરોગ્ય આર્થિક સહાય યોજના રજૂ કરવામાં આવી જે અંતર્ગત હોસ્પિટલોમાં મસ મોટા ખર્ચમાં રાહત આપવાનો મુખ્ય હેતુ છે.

સમાજની કમિટીમાં પરાના દરેક મંડળના પ્રતિનિધિઓની નિયુક્તીથી સમાજનું કામ ખુબજ આસાન થયું અને સમાજનો દરેક સભ્ય એક બીજાને ઓળખતો થયો અને નિકટ પણ થયો. સમાજની યુવાવર્ગ સમાજની પ્રવૃત્તિઓમાં હોંશભેર ઓતપ્રોત થઈ સમાજને ઉચ્ચ સ્તરે જવામાં પૂરક બળ બનીને રહેશે. પ્રમુખશ્રી તથા સમાજના તમામ કમિટીના સભ્યો સમાજની દરેક વ્યક્તિ અને દાતાઓનો હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. અને વર્ષ દરમ્યાન જાણતા અજાણતા કોઈને મન દુઃખ થયું હોય તો "મિચ્છામી દુક્કડમ"

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ (મુંબઈ) ને ઉદારદિલ દાતા પરિવારના શુભઆશિષ.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ (મુંબઈ) સહર્ષ ખુશાલી અને આનંદ સાથે જણાવે છે, કે સમાજના ઉદારદિલ દાતા **શ્રીમતી કંચનબેન અમીચંદ વોરા પરિવારે** નવી તબીબી રાહત યોજના તેમના પરિવારના નામે શરૂ કરવા ઇચ્છા વ્યક્ત કરેલ જેને **શ્રી શરદભાઈએ** શ્રી તારાચંદ ધનજી મેહતા પરિવાર તરફથી ઉદારતા સાથે અનુમતિ આપતા, **શ્રીમતી કંચનબેન અમીચંદ જીવનભાઈ વોરા મેડિકલ ક્રિટિકલ** રાહત (કેન્સર, કિડની ડાયાલીસીસ) ફંડ યોજના નામે શરૂ કરવા તેમના પરિવાર તરફથી સંસ્થાને રૂપિયા **૨૫ લાખ કોર્પોસ ફંડ રૂપે આપેલ છે.**

જેનો સંસ્થાના **પ્રમુખ શ્રી શશીકાંતભાઈ ગીરધરલાલ વોરા** અને **શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળના કમિટી મેમ્બર્સ શ્રીમતી કંચનબેન અમીચંદ વોરા પરિવારનો હૃદયપૂર્વક આભાર માની કોટી કોટી વંદન સાથે અનુમોદના વ્યક્ત કરે છે.**

શ્રી શશીકાંત ગીરધરલાલ વોરા - પ્રમુખ,<br>
શ્રી અજય કાંતિલાલ પારેખ - માનદ્ મંત્રી,<br>
શ્રી વિનોદભાઈ ભગવાનજીભાઈ મેહતા - માનદ્ મંત્રી










## દીપોત્સવી અંકના સૌજન્યદાતા

# શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર



શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા

કુશાગ્ર બુદ્ધિ, ચાતુર્ય, સાહસ, ધૈર્ય અને બાહુબળ વડે સખત પરિશ્રમ અને પ્રારબ્ધના બળે મુંબઈની ધરતી પર પગ મૂકીને જેમણે જબ્બર સફળતા, પ્રતિષ્ઠા અને ખ્યાતિ મેળવી છે. એવા સમાજના ટોચના આગેવાનોમાં શ્રી માણેકલાલ ઝવેરચંદ વસાનું નામ તેજસ્વી તારકની જેમ સદૈવ ચમકતું રહેશે.

શ્રી માણેકલાલ વસાનો જન્મ તા.૧૨-૧૨-૧૯૨૨ના થયો હતો અને તા.૧૫-૭-૧૯૯૪ના ચિરવિદાય લીધી હતી. શ્રી માણેકલાલભાઈએ મુંબઈમાં આવીને સખત પરિશ્રમ અણે પુરુષાર્થ વડે જીવનનું ઘડતર કર્યું હતું. મહેનત, બુદ્ધિબળ અને નસીબયોગે તેમણે ઉત્તરોત્તર ધંધામાં સફળતા હાંસલ કરી હતી અને મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

શ્રી માણેકલાલભાઈએ સામાન્ય અદના માનવી તરીકે શરૂઆત કરીને શૂન્યમાંથી સર્જન કર્યું હતું. કટલરીના નાના એવા ધંધાથી શરૂઆત કરીને પોતાના વેપારી સામ્રાજ્યને વિસ્તારીને એક મોટું વટવૃક્ષ બનાવી દીધું હતું. જર્મનીની ખ્યાતનામ કંપની બી.એસ.એફ.ની એજન્સી મેળવી હતી અને કેમિકલ્સના વ્યવસાયમાં તેમના સ્થાનને વધુ મજબૂત બનાવ્યું હતું. મુંબઈમાં હિમાલય હાઉસ ખાતે હેડઑફિસ ઉપરાંત મદ્રાસ, બેંગલોર, કોચીન, અમ્બુર, વનિયમવાડી, રાણીપેઠ વગેરે સ્થાને બ્રાન્ચ ઑફિસો શરૂ કરી હતી. તેમણે સ્થાપેલી અને વિકસાવેલી કંપનીઓમાં ઈન્ડકેમ માર્કેટિંગ કોર્પોરેશન, મિહિર કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., ઈન્ડકેમ ડિસ્ટ્રિબ્યુશન પ્રા.લિ., ઈન્ડકેમ ડિસ્ટ્રીબ્યુટર, મિહિર ડાયકેમ, એમ. નરેન્દ્રકુમાર એન્ડ કું વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી માણેકલાલભાઈ વસાએ લક્ષ્મી મેળવી હતી અને તેનો સદ્‌ઉપયોગ કર્યો હતો. તેમનું સમગ્ર જીવન સેવા અને સમર્પણનો ઈતિહાસ છે. તેમનો માયાળુ પ્રેમાળ સ્વભાવ અને બીજાને માટે કાંઈક કરી છૂટવાની ભાવના અને બીજા માટે ભોગ આપવાની તૈયારી અને અંગત સુખના ભોગે સમષ્ટિ સુખની ઉદાત ભાવના અને એ માટેના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો નિરંતર યાદ રહેશે. શ્રી માણેકલાલભાઈ વસા આપણા સમાજના એક ઊંચા ગજાના માણસ હતા. તેમના જીવન અને કવનને શબ્દોમાં મૂલવી શકાય નહીં. તેમનું ચાર દાયકાનું સામાજિક અને જાહેરજીવન ધબકતું હતું. જ્ઞાતિમાંથી સમાજ બન્યો, આપણો સામાજિક માહોલ ઘડાયો. જીવનમાં સમૃદ્ધિનાં મંડાણ થયાં. શ્રીમંતાઈ આવી, સામાજિક ભાવના અને ઉદારતાનાં દર્શન થયાં. સામાજિક મોભો, ગૌરવ, વિનય, વિવેક, આદર-સત્કાર, હોંશ અને કાંઈક સુંદર વિશિષ્ટ કરવાની જે તમન્ના ઊભી થઈ અને મુંબઈ શહેરમાં આપણી નાની એવી કોમ્યુનિટીને જે સ્ટેટસ મળ્યું તેમાં મુ.શ્રી શ્રી માણેકલાલભાઈનો ફાળો નાનસૂનો નથી.

શ્રી માણેકલાલભાઈ મહાવીર જૈન વિદ્યાલયના ખજાનચી બન્યા હતા અને શિક્ષણના ક્ષેત્રે અનોખી સેવા બજાવી હતી. રાજકોટ ખાતેની દેવકરણ મૂળજી જૈન બોર્ડિંગના વિકાસમાં તેમણે મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી અને ટ્રસ્ટી તરીકે સેવા બજાવી હતી. તેઓ સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના અગ્રગણ્ય આગેવાન હતા અને બીજી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમણે દે.મૂ. જૈન બોર્ડિંગમાં સારું એવું અનુદાન કર્યું હતું. આ ઉપરાંત તેમની સ્મૃતિમાં તારાચંદ બાપા હોસ્પિટલ - સાયન ખાતે રૂા.૧૧ લાખનું અને સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહમાં રૂા.અઢી લાખનું દાન કરવામાં આવ્યું છે. તેમણે સૌરાષ્ટ્ર અને ખાસ કરીને પાણવાવ ખાતે જુદી જુદી શૈક્ષણિક, ધાર્મિક અને તબીબી સંસ્થાઓને ઉદાર હાથે અનુદાન કર્યું હતું. મુંબઈની જુદી જુદી જૈન સંસ્થાઓને પણ તેમની ઉદારતાનો લાભ મળ્યો હતો. સો.વિ.જૈન સમાજના જરૂરિયાતવાળા લોકોની રહેઠાણ યોજના માટે તેમણે સારું એવું અનુદાન કર્યું હતું.

મુ.શ્રી માણેકલાલમાં કોઈપણ જાતની મોટાઈ કે અભિમાન નહોતાં. સરળ મૈત્રીભર્યા સ્વભાવને કારણે તેમણે આસપાસના વર્તુળોમાં અનહદ ચાહના પ્રાપ્ત કરી હતી. દરેક વ્યક્તિ પ્રત્યે તેમને સમભાવ હતો. દરેક પ્રશ્નનું તેના ખરા સંદર્ભમાં સમજવાની અને મૂલવવાની તેમનામાં કુનેહ અને સૂઝ હતી. તેમની આ સૂઝ અને ઉદારતાનો લાભ સમાજની અનેક સંસ્થાઓ અને લોકોને મળ્યો હતો. તેઓ માણસપારખું હતા. સામા માણસને ઓળખવામાં અને સમજવામાં તેમણે કદી થાપ ખાધી નહોતી. તેણે મોટાથી નાના સુધીના તમામ માણસો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો બાંધ્યા હતા અને વિકસાવ્યા હતા. આવ વ્યાપક મૈત્રીભર્યા સંબંધો અત્યારના જમાનામાં જાળવી રાખવા મુશ્કેલ બને પરંતુ તેઓ સૌ કોઈના મિત્ર બની શક્યા હતા અને સૌનાં સુખ-દુઃખમાં ભાગીદાર પણ બની શક્યા હતા. સારા-માઠા પ્રસંગોએ તેઓ સંબંધિત વ્યક્તિઓના ઘેર પહોંચ્યા વગર રહે નહીં. તેઓ વ્યવહારકુશળ અને વ્યવહારદક્ષ માનવી હતા.

તબીબી અને શૈક્ષણિક ક્ષેત્રે જરૂરિયાત માણસોને બનતી સહાય કરવી એ મુ. શ્રી માણેકલાલભાઈનો સંકલ્પ હતો. જરૂરિયાતવાળા માણસને હોસ્પિટલમાં દાખલ કરવાથી માંડીને એક સ્વજનની જેમ દેખભાળ કરવાનું કાર્ય તેમણે વર્ષો સુધી કર્યું હતું અને દીન-દુઃખિયાના આંસુઓને લૂછ્યાં હતાં. કોઈપણ કામ માટે માણેકલાલભાઈને ફોન કરો અને તે ન કરી આપે એવું કદી બન્યું નહોતું. આ કામ મારાથી નહીં થાય કે આ કામ અશક્ય છે. એવો શબ્દ તેમની ડિક્ષનરીમાં હતો નહીં. કોઈપણ કામ હસતે મોઢે કરી આપવું. તે માટે કોઈ પણ જાતની આભારની - માનની અપેક્ષા રાખવી નહીં એ તેમનો સ્વભાવ હતો. તેમને ઉદ્યોગપતિઓ, વેપારીઓ, સરકારી અમલદારો અને પોલીસ અફસરો સાથે તથા પત્રકારો સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. આ બધા સંબંધોના કારણે ઉચ્ચકક્ષા સુધી તેમનની પહોંચ હતી અને કોઈપણ કામ તેઓ કરાવી શકતા હતા. આ માટે જશ મળે એવી પણ તેમને અપેક્ષા નહોતી. સામા માણસની મુશ્કેલી દૂર થાય. દુઃખી માણસ હળવાશ અનુભવે એમાં તેમને આનંદની અનુભૂતિ થતી હતી. બીજાનું દુઃખ જોઈને તેઓ દ્રવી જતા હતા. તેઓ ખૂબજ લાગણીશીલ, સંવેદનશીલ વ્યક્તિ હતા. કેટલીક સાચી વાત વિનયપૂર્વક કહેવાની તેમની આગવી સૂઝ હતી જેથી સામા માણસને માઠું લાગે નહીં અને પરિસ્થિતિની ચોખવટ થાય. તેમના આવા વલણને કારણે તેમને ભાગ્યે જ કોઈની સાથે મતભેદો થયા.



પાટણવાવ ખાતે તા.૧૯-૧૨-૧૯૯૩નાં રોજ ભાડાની જગ્યા લઈ સરસ્વતી શિશુ મંદિર પ્રાથમિક વિદ્યાલયની સ્થાપના કરી શરૂઆતમાં ૮ વિદ્યાર્થીઓથી વિદ્યાલયનો પ્રારંભ થયો. તા.૧૪-૦૧-૧૯૯૯ના મકર સંક્રાંતિના દિવસે પોતાની જગ્યા લઈ ભૂમિપૂજન કરવામાં આવ્યું. તા.૧૪-૦૨-૧૯૯૯નાં મહાશિવરાત્રિના દિવસે વિદ્યાભવનનો શિલાન્યાસ થયો. અને તા.૦૮-૦૬-૨૦૦૦ના રોજ કુંડી ગાયત્રી યજ્ઞ કરી નૂતન ભવનમાં પ્રવેશ થયો. અને ભણતરનાં શ્રીગણેશ થયા. હાલમાં **LKG, HKG,** બાલવાટિકા તથા ધો.૧ થી ૮ના વર્ગ ચાલુ થયેલ છે. કુલ ૧૧ વર્ગ છે. હાલમાં ૧૭૭ વિદ્યાર્થીઓ ભણે છે.

મુ. શ્રી માણેકલાલભાઈને સાહિત્ય, વાંચન અને ચર્ચા-વિચારણામાં ઊંડો રસ હતો. તેમની પાસે શ્રેષ્ઠ ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ હતો. વાંચનમાં કાંઈ સારું લાગે તો તેનું કટિંગ સાચવીને રાખતા હતા. જીવનના તમામ વિષયો - રાજકારણથી માંડીને ધર્મ સુધીની બાબતોમાં તેઓ રસ કેળવી શક્યા હતા. જે કાંઈ વાંચે, વિચારે તેનું ઊંડું મંથન પણ કરતા હતા. દરેક પ્રશ્નને ઊંડાણથી સમજીને તેનો તાગ કાઢવાનું તેમનું વલણ હતું. જીવનનાં રહસ્યો અને આંટીઘૂંટીઓને તેઓ સાચી રીતે સમજી શક્યા હતા.

મુ. શ્રી માણેકલાલભાઈએ હોદ્દાનો કે ઊંચા આસને બેસવાનો કદી મોહ રાખ્યો નહોતો. તેમનામાં ઉદાર દિલ અને નેક ભાવના હતાં. જરૂરિયાતવાળા માણસો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ તેમના હૈયામાં હતી. સમાજના લોકો ખૂબ ખૂબ પ્રગતિ સાધે અને જીવનમાં ઊંચા આવે તેવી એમની ભાવના હતી અને આ અંગે જીવનભર તેમના પ્રયાસો રહ્યા હતા.

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે... વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...

એ ભાવનાને ચરિતાર્થ કરનાર મૂઠી ઊંચેરા માનવીને કોટિ-કોટિ વંદન....

### દીપોત્સવી અંકના સૌજન્યદાતા પ્રેમ, સ્નેહ, કર્તવ્યપરાયણતા અને કુટુંબભાવના

# સ્વ. નર્મદાબેન માણેકલાલ વસા


સ્વ. નર્મદાબેન માણેકલાલ વસા

શાંત, સરળ, મિલનસાર સ્વભાવ અને સૌ પ્રત્યે પ્રેમ અને કુનેહની લાગણી, દુઃખી અને પીડિતો માટે કરુણાની ભાવના ધરાવતાં સ્વ. નર્મદાબેન માણેકલાલ વસાએ કુટુંબ અને પરિવારમાં આદરભર્યું સ્થાન મેળવ્યું હતું.

એક આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને ઘરનાં મોભી તરીકે તેમણે સુપેરે જવાબદારી નિભાવી હતી અને પરિવારના તમામ સભ્યો પ્રત્યે પ્રેમ વર્ષાવ્યો હતો. બહોળું કુટુંબ, કૌટુંબિક વહેવારો, સામાજિક જવાબદારી આ બધામાં ક્યાંય પણ ઓછું ન આવે એની તકેદારી અને દરેક કાર્ય દીપી ઊઠે તેનો તેમણે પૂરો ખ્યાલ રાખ્યો હતો.

ઘર ચાર દીવાલોથી બનતું નથી. ગૃહિણી માત્ર ઘરની શોભા નથી, પરંતુ સંસ્કારની દાત્રી છે. તેમણે સંતાનોને એવા સંસ્કાર આપ્યા હતા કે તેઓ મર્યાદા અને આમન્યા ભૂલે નહીં, વિવેક રાખે અને સૌ પ્રત્યે આદર જાળવે. આ સંસ્કાર વારસાનાં આપણને તેમના પરિવારમાં દર્શન થાય છે.

સ્વ. નર્મદાબેન બહુ ભણેલાં નહોતાં. ઘણી મુશ્કેલીઓ વેઠી હતી. પરંતુ કદી હિંમત હાર્યા નહોતાં, ધૈર્ય ગુમાવ્યું નહોતું, કુટુંબ પ્રત્યેની ફરજ ચુકાઈ નહોતી. જીવનમાં સારા દિવસો આવ્યા પરંતુ કશું અભિમાન નહીં. કશી મોટાઈ નહીં. ખૂબ જ નિખાલસતા, કડવું કદી બોલવું નહીં, કોઈની ટીકા કરવી નહીં અને કર્તવ્ય નિભાવ્યે જવું એ તેમનો શ્રેષ્ઠ ગુણ હતો.

જિંદગીમાં તડકા-છાયા બધું જોયું હતું. તેઓ બધામાં ખુશ હતાં. ગમે તે પરિસ્થિતિમાં આનંદમાં રહેવું, પોતાન દુઃખનો કોઈને અણસાર આવવા ન દેવો. બીજાના સુખેસુખી અને બીજાના દુઃખે દુઃખી એવો તેમનો માયાળુ સ્વભાવ હતો.

કોઈને પણ દુઃખી જોઈને તેમનું હૃદય દ્રવી ઊઠતું હતું. તેઓ પોતાનાથી બનતું બધું કરી છૂટતા હતાં. ઉદાર દિલ, નેક ભાવના, બધાનું સારું જોવું આ બધા ગુણોને કારણે તેમણે પરિવાર અને સ્નેહીજનોમાં અપાર ચાહના હાંસલ કરી હતી.

કુટુંબની પ્રગતિ, વિકાસ અને સફળતામાં પડદા પાછળ તેમનો બહુ મોટો હાથ હતો. આજે સ્વ.માણેકલાલભાઈ વસાનો પરિવા પ્રગતિના શિખર પર છે, તેનો યશ પણ પૂ.નર્મદાબેનને જાય છે. કુટુંબને તેમણે એક તાંતણે રાખ્યું હતું. પ્રેમ, સ્નેહ, કરુણા અને કર્તવ્યપરાયણતા દ્વારા તેમણે જીવનનો સાચો ધર્મ બજાવ્યો હતો.

## ઓક્ટોબર માસના મુખપત્રના સૌજન્ય દાતા

# શ્રી નરોત્તમદાસ જીવણભાઈ વોરા

જન્મ
તા.૨૧-૦૬-૧૯૧૦



અરિહંત શરણ
તા.૨૫-૧૦-૧૯૯૫

આપણા સમાજના સત્કાર્યમાં સિંહફાળો આપનારા સ્વ. શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા આપણા સમાજ, અનાજ વિતરણ, શુભેચ્છક મંડળ, શેઠ દેવકરણ મુળજી જૈન બોર્ડિંગ રાજકોટ તેમજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને લાયન તારાચંદ બાપા હોસ્પિટલમાં તેમજ પરાઓના મંડળો માટે નોંધનીય સહયોગ દ્વારા સેવા બજાવી છે. તેવીજ રીતે ધાર્મિક ક્ષેત્રમાં પણ રસ લઈને ઘણા સુંદર કામો કર્યા છે. અનેક સેવા તેમજ અનુદાન આપી પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે. આ દરેક કાર્યમાં પત્ની દિવાળીબહેનનો સાથ પણ એટલોજ હતો. આજ માતા પિતાનો વારસો તેમના દરેક કુટુંબીજનોએ જાળવી રાખ્યો છે.



પુત્રો : સ્વ.ધીરજલાલ, ડૉ.ભુપેન્દ્ર, અને ચંદ્રકાન્ત
પુત્રવધુઓ : સ્વ.પુષ્પા, ડૉ.શોભના અને મધુ
પુત્રીઓ : સ્વ.તારાબેન રમણીકલાલ વસા, સ્વ.રસીલા ચંદુલાલ વોરા,
સ્વ.પ્રફુલચંદ્ર ધોળકિયા, હેમા નવિનચંદ્ર દોશી
પૌત્ર : સચિન, મનીષ, આશિષ
પૌત્રવધુ : નિશા, પરીતા
પૌત્રી : નેહા, સોનાલી

ઓક્ટોબર માસના મુખપત્રના સૌજન્ય દાતા

# સ્વ. શ્રીમતી તારાબેન રમણીકલાલ ઝવેરચંદ વસા







સ્વ. શ્રીમતી તારાબેન રમણીકલાલ વસા

શ્રીમતી તારાબેનનો જન્મ તા.૨૦-૧૦-૧૯૩૩ (કારતક સુદ ૧) ના થયો હતો. તેઓ શાંત, સરળ સ્વભાવ, ઉત્તમ કુટુંબ ભાવના ધરાવતા અને દરેક સાથે હળવું, મળવું, સરળ વાણી વર્તન તેમજ વ્યવહાર કુશળ હતા. તેમનું નિખાલસ લાગણીપ્રધાન હૃદય બિલોરી કાંચ જેવું સ્વચ્છ અને પારદર્શક હતું. જે તેમની નિર્મળતા, વિશાળતા અને સરળતા દર્શાવતું હતું.

તેમની ધીરજ, સહનશીલતા, વિશ્વાસ અને સ્વાભિમાને હંમેશા તેમના બહોળા પરિવારને સંગઠીત રાખ્યા હતા. તેમની આજ સરળતાએ તેમનાં નામ તારાબેનને સાર્થકતા બક્ષી હતી. સમાજ સેવામાં તેમના પતિ શ્રી રમણીકભાઈને જીવનની દરેક પળે હંમેશા સાથ અને સહકાર આપ્યો હતો. તેમના ત્રણ પુત્રો તથા એક પુત્રીને ખુબજ સારા સંસ્કાર તથા ઉચ્ચ કેળવણી આપવા અથાગ પરિશ્રમ કરી પોતાના છેલ્લા દિવસોમાં લીલી વાડી જોઈને ખૂબજ સંતોષ પામ્યા હતા. તેમની કુટુંબ ભાવનાએ તેમના વિશાળ વટવૃક્ષ સમા વસા પરિવારને ઘટાદાર વડલાં જેવી છાયા તથા શીતળતા અર્પી હતી.

બીજા માટે કંઈક કરી છુટવાની ઉદાર ભાવના તથા દરેકને પ્રેમથી સાથ સહકાર આપી અને પોતાના ચહેરે સદાય સ્મિત રાખતા, તે જ તેમની જીવનભરની મૂડી હતી.

**પહેલા આસું આવતા અને તમે યાદ આવતા,**
**આજે તમે યાદ આવો છો અને આંસુ આવે છે.**

સ્વ. રમણીકલાલ ઝવેરચંદ વસા
જયેશ - સોનલ, કમલેશ - પ્રીતિ, સુનીલ - શ્વેતા,
ભવ્ય - મૈત્રી,
રૂપા - નરેશકુમાર મકાણી,
રચના - હિમાંશુ મોદી, બીજલ - ભાવેશ કક્કા,
માનસી, સીલ્કી - સાહીલ પરીખ, નીલ, આશના, દિયા, પહેલ, અનીષ્કા

# નવેમ્બર માસના મુખપત્રના સૌજન્ય દાતા



## સ્વ. શ્રી નટવરલાલ મોહનલાલ શાહ

**આપણાં સમાજમાં નટુભાઈના લાડલા નામથી ઓળખાતા**

**મૂળવતન :** ધોરાજી, **જન્મ :** તા.૨૫-૦૧-૧૯૩૦

મુંબઈમાં યુવાનીમાં વકીલાતના વ્યવસાયમાં રસ લઈને નટુભાઈ વકીલ તરીકે સારી નામના મેળવી હતી. જીવનમાં શૂન્યમાંથી સૃષ્ટી સર્જન કરી આપ મેળે આગળ આવી જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં સંસ્થાઓને અનુદાન આપી પોતાનું જીવન સાર્થક કર્યું.

આપણા સમાજમાં ઉપ-પ્રમુખ અને કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે ઘણાં લાંબા સમય સુધી સેવા આપેલ હતી. શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ - ઘાટકોપરના સ્થાપક પ્રમુખ હતાં. તેમ જ ઘાટકોપર મંડળની ઓફિસ લેવા માટે પણ માતબર રકમનું યોગદાન આપેલ હતું. ઘાટકોપરના શ્રી સોરઠ વિશા શ્રીમાળી સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી હતા અને આ ટ્રસ્ટને પણ મોટું યોગદાન આપેલ હતું નોચલ ફાર્માસ્યુટીકલ લી. ના ડાયરેક્ટર હતા.

તેમના પરિવારમાં તેમના ધર્મપત્ની સ્વ.લલિતાબેન, જેતપુર નિવાસી શ્રી જગન્નાથ લક્ષ્મીચંદ શેઠના દીકરી હતા. તેમનો દીકરો સંજય હાલ રીટાયર્ડ આંતરરાષ્ટ્રીય મોર્ગન સ્ટેનલી લી. કંપનીમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા. પુત્રવધુ નંદીતા અને બે પૌત્ર હિમાનીષ-પ્રણય, બે દીકરીઓ ભાવના અને સંગીતા પરિણીત છે. નટુભાઈના શુભ કાર્યો તેમના પરિવારના પ્રેરણા સ્ત્રોત બની રહ્યાં છે.

નટુભાઈ ધૂપસળી જેવું જીવન જીવી, સમાજની ઉત્કૃષ્ટ સેવા બજાવતા તા.૩૦-૧૧-૨૦૦૪ના સ્વર્ગવાસ થયા અને સુગંધ ચોતરફ મુકતા ગયા.

પરોપકારી કર્મયોગીને

## બીજી પુણ્યતિથિએ ભાવભરી સ્મરણાંજલિ



જન્મ :

૨૩-૧૦-૧૯૩૦

સ્વર્ગવાસ :

૨૯-૧૧-૨૦૨૧

# સ્વ. રમણીકલાલ ઝવેરચંદ જુઠાભાઈ વસા

સંકલ્પશક્તિ અને કાર્યશક્તિ, ચોક્કસાઈ અને ચિવટ, દરેક બાબતમાં આગવી સુઝ અને દીર્ઘ દ્રષ્ટિ આત્મવિશ્વાસ અને મનોબળ સેવાકીય અને પરોપકારી કાર્યો માટે સતત રીતે સક્રીય, સંચિત, સજાગ અને પ્રવૃત્તિમય રહી સામાજીક, ધાર્મિક, તબીબી, શૈક્ષણિક સંસ્થાઓમાં જેમનું યોગદાન ખૂબજ વિશિષ્ટ રહ્યું એવા પ્રેરક, પરોપકારી અને લાગણીઓથી તરબતર પિતાશ્રીની પુણ્યતિથિએ અમારા સહુના શત્ શત્ વંદન

## પ્રેમાળ સ્મૃતિમાં

**ધર્મ પત્ની** : સ્વ. તારાબેન

જયેશ-સોનલ, કમલેશ - પ્રિતી, સુનીલ - શ્વેતા,

ભવ્ય - મૈત્રી,

રૂપા - નરેશકુમાર મકાણી

રચના - હિમાંશુ મોદી, બીજલ - ભાવેશ કક્કા,

માનસી, સીલ્હી - સાહીલ પરીખ, નીલ,

આશના, દિયા, પહેલ, અનીષ્કા,

**મહેન્દ્રકુમાર એન્ડ કાું ❖ વસા બ્રધર્સ ❖ સુનીલ કનસ્ટ્રકશન કાું**

Color 2/5 - 2023

# નવમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



તા.૨૦-૧૦-૧૯૩૩

તા.૧૪-૧૦-૨૦૧૪

## સ્વ. તારાબેન રમણીકલાલ વસા

આપનો પ્રેમાળ, નિખાલસ, મિલનસાર સ્વભાવ, ઉદાર ભાવના, પરોપકારી વૃત્તિ, કુટુંબ પ્રત્યેની અનોખી નિષ્ઠા, ધર્મ પ્રેમભરી જીવનશૈલી સદૈવ અમારા હૈયામાં રહેશે.

**પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના**

સ્વ. રમણીકલાલ ઝવેરચંદ વસા

જમેશ-સોનલ, કમલેશ - પ્રિતી, સુનીલ - શ્વેતા,

ભવ્ય - મૈત્રી,

રૂપા - નરેશકુમાર મકાણી

રચના - હિમાંશુ મોદી, બીજલ - ભાવેશ કક્કા,

માનસી, સીલ્કી - સાહીલ પરીખ, નીલ,

આશના, દિયા, પહેલ, અનીષ્કા,

Color 2/5 - 2023

MDRT

TATA AIA
LIFE INSURANCE



ROOPA RAJAN SUCHDEV
MDRT- CHIEF LIFE PLANNER

I am an expert financial and life insurance advisor offering sound advice for financial planning for key milestones in life. I have , Over 17 years of experience in the industry & Over 300+ happy customers.

Call me for a free consultation and receive an expert analysis for your needs.

+919819524994

roopa.suchdev@talicadvisors.com

https://rooparajansuchdev.tataaiapartner.com

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ


**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**



**સમાજની કારોબારી સમિતિ**

| | |
|---|---|
| શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા......... | પ્રમુખ |
| શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા ........... | ત.ભૂ.પ્રમુખ |
| શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા.................. | ઉપપ્રમુખ |
| શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા............. | માનદ્‌મંત્રી |
| શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી......... | માનદ્‌મંત્રી |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા......... | ખજાનચી |
| શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર.......... | મુખપત્ર તંત્રી |
| શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા................ | સભ્ય |
| શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી............. | સભ્ય |
| શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી................. | સભ્ય |
| શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા............. | સભ્ય |
| શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા................. | સભ્ય |
| શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી................. | સભ્ય |
| શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા............... | સભ્ય |
| શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.................. | સભ્ય |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા................. | સભ્ય |
| શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા................. | કો-ઓપ્ટ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા................ | કો-ઓપ્ટ |


**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910


કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂ.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


## સ્વરોજગાર યોજના - આર્થિક સહાય

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ દ્વારા સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક જરૂરિયાતમંદ લોકોને પોતાનો સ્વતંત્ર ધંધો કરવા માટે રૂપિયા ૨૫૦૦૦/- સુધીની વ્યાજમુક્ત લોન આપવામાં આવશે.

લોન મેળવવા ઈચ્છુક વ્યક્તિઓએ આપણા સમાજની ઓફિસમાંથી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત ભરીને જરૂરી ડોક્યુમેન્ટ સાથે આપણા સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ દેવચંદભાઈ વસાને ત્યાં નીચે એડ્રેસ ઉપર મોકલી દેવા. સમાજના ધારા ધોરણ પ્રમાણે લોન મંજુર કરવામાં આવશે.

**Shri Dhirenbhai Devchand Vasa**
B-801, Kailash Jyot, Building No.1,
Derasar Lane, Ghatkopar (East),
Mumbai - 400077 Mob.: 9820012454

## ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા
# મેડિકલ સહાય યોજના

આ યોજના હેઠળ જે પણ વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ થયેલ હોય અને તેમને દવાના ખર્ચ રાહત પેટે રૂ.૫૦૦૦/- સુધી સહાય રૂપે આપવામાં આવશે,

આ યોજના મુંબઈ પરિસરમાં વસતા આપણા સમાજના મેમ્બર્સને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોય તેમના ખર્ચને પહોંચી વળવા માટેની છે જેની નોંધ લેશો.

આ યોજનામાં લાભ લેવા ઈચ્છુક દર્દીને માટે નીચે મુજબના નિયમો છે. એપ્લિકેશન લેટર સાથે નીચે મુજબના જરૂરી દસ્તાવેજો આપણા સમાજના ખજાનચી શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરાને ત્યાં નીચે જણાવેલ એડ્રેસ ઉપર મોકલવા જરૂરી છે.

૧) હોસ્પિટલમાં દાખલ થયેલા એડમિશન કાર્ડની ઝેરોક્ષ
૨) હોસ્પિટલમાંથી મળેલ ડિસ્ચાર્જ કાર્ડની ઝેરોક્ષ (ડિસ્ચાર્જ મળ્યો હોય તો)
૩) મેડિસિન પ્રિસ્ક્રિબશન લેટર ફ્રોમ ડૉક્ટર
૪) દવાના બિલ ઓરિજિનલ અથવા તો ઝેરોક્ષ
૫) દર્દીના આધારકાર્ડની ઝેરોક્ષ

**Shri Yogeshbhai Vinodrai Vora**
503 / 504, Dharam Kutir Apartment,
Kharkar Ali Road, Nr. Police School,
Thane (West) - 400601 M.: 7977779713



- મહેન્દ્રભાઈ પુનાતર

# જૂઠી શાન અને શોભા,
# આ રાજ અને તાજ બધું છેવટે માટીમાં મળી જવાનું છે

**માણસને બે વસ્તુનો અતિ મોહ છે : એક ધન અને બીજું કીર્તિ. સૌ કોઈ આ માટે ઝંખે છે. કેટલાક લોકો નાનું એવું બિરુદ, ચંદ્રક કે એવોર્ડ મળે તો ગામ ગજાવી મૂકે છે. લાયકાત વગરના માનમોભાનો કોઈ અર્થ નથી. આ બધું ક્યાં સુધી રહેવાનું છે ? તો પછી આ બધા ઉધામા શા માટે ?**

ધર્મમાં કહ્યું છે કે મોહ, માયા અને આસક્તિ આ ત્રણે પ્રલોભનો જીવનને દુ:ખમય બનાવે છે. આ દુનિયામાં માણસને બે વસ્તુઓનો અતિ મોહ છે એક, ધન અને બીજું કીર્તિ. આ બંને વસ્તુ મેળવવા માણસ બનતું બધું કરી છૂટે છે. જેને મહેનત વગર જલ્દીથી આ મળી જાય અને જેને સખત મહેનત અને મથામણ કરવા છતાં ન મળે એ બંને માટે આ બાબત ખતરનાક બની જાય છે. એકને આનો મદ અને નશો ચડે છે અને બીજો નિરાશા હતાશામાં ધકેલાઈ જાય છે. જેની પાસે ધન આવે છે તેને મોટા થવાનો, પ્રસિદ્ધિ મેળવવાનો અને કીર્તિ પ્રાપ્ત કરવાનો ચસકો લાગે છે. એક વખત આ બધું મળે પછી તેનો મોહ જતો નથી. માન ન મળે, ઉચિત સ્વાગત ન થાય કે ઊંચા આસને બેસવા ન મળે તો તેનાથી સહેવાતું નથી. દિલમાં ઘા લાગે છે.

ધન, પદ, પ્રતિષ્ઠા અને માન-મોભા માટે સૌ કોઈ ઝંખે છે. માણસને ધન પ્રાપ્ત કર્યા પછી આ ઝંખના સવિશેષ જાગે છે. જીવનમાં જો આ બધું ન મળે તો ધન વ્યર્થ બની જાય છે. માણસ બધું છોડી શકે પણ આનો મોહ છૂટતો નથી. ધન સાથેનું આ વળગણ છે. ઈચ્છા, અપેક્ષા અને લાલસા અનેક દુ:ખો સર્જે છે. આમ છતાં દુનિયા આ બધી વસ્તુઓ પાછળ પાગલ છે. ધન અને કીર્તિને જીરવવાનું, ટકાવી રાખવાનું મુશ્કેલ છે. માણસને સેવા અને શુભ કાર્યો દ્વારા જે માન મળે છે તે લાંબો સમય ટકી રહે છે. પરંતુ ધન સાથે જે માન-મરતબો આવે છે તે ધન ચાલ્યું જતાં ટકી શકતું નથી. હકૂમત અને સત્તા દ્વારા મળેલું માન, હોદ્દો હોય ત્યાં સુધી જ ટકે છે. માણસ એક વખત ખુરશી પરથી ઊતરી જાય પછી તેનો કોઈ ભાવ પૂછતું નથી.

ધન, કીર્તિ અને પ્રસિદ્ધિનો મોહ માણસને ચેનથી રહેવા દેતો નથી. આ અહંકાર માણસને સહજ અને સ્વાભાવિક રીતે વર્તવા દેતો નથી. તેના કારણે દંભ અને દેખાવ વધે છે અને તે પોતાને બીજા કરતાં ચડિયાતો માનવા લાગે છે. પોતે બીજા કરતાં સવિશેષ છે એવું તેને લાગે છે. કૂવામાંના દેડકા જેવી આ પરિસ્થિતિ છે. બહારની તરફ નજર કરતા નથી એટલે આપણને લાગે છે દુનિયા આપણી મુઠ્ઠીમાં છે. આપણે નાનાં વર્તુળોમાં કોલર ઊંચા રાખીને ફરીએ છીએ અને લોકો સલામ ભરે છે એટલે ફુલાઈ જઈને માનવા લાગીએ છીએ કે આપણે સર્વશ્રેષ્ઠ છીએ. મોટા દેખાવાના દંભમાં માણસ કેટલીક વખત એવી હરકતો કરતો હોય છે જે તેને શોભા આપતી નથી. બધા પૈસાથી અંજાઈ જાય છે એટલે સાચું કહે કોણ? અને આ પ્રકારના માણસોને સાચું સાંભળવું પણ ગમતું નથી.

સમાજમાં લોકો હંમેશાં કહેતા હોય છે, ભાઈ આપણને ખુરશીનો મોહ નથી. આપણને હોદ્દો જોઈતો નથી, આપણે તો લોકોનું સારું કરવું છે, સેવા કરવી છે, પરંતુ હકીકતમાં તેને આગ્રહ કરીને હોદ્દા પર બેસાડો નહીં ત્યાં સુધી તેઓ સહાય કરતા નથી કે કામ કરતા નથી. નાના અને મોટા બંનેને હોદ્દાનો મોહ હોય છે. એક આ માટે વલખાં મારે છે અને બીજાને આગ્રહ કરીને હોદ્દા પર બેસાડવો પડે છે. સંસ્થાઓને પણ આવા શોભાના કાંગરાઓની જરૂર હોય છે. કેટલાક માણસોને હોદ્દા અને માન -પાન વગર ફાવતું નથી. કેટલાક માણસો સેવાની વાત કરીને સિફ્તથી હોદ્દો છીનવી લે છે. કેટલાકને સહેજ આગ્રહ થાય તો સ્ટેજ પર ચડી બેસે છે. કેટલાક માઈક પર ચીટકી રહે છે તો કેટલાક માઈક ઝૂંટવી લે છે અને બોલતા આવડે કે ન આવડે, ભરડતા રહે છે. આ બધા પાછળ માણસને બહાર દેખાવું છે. પોતે કાંઈક છે એવું પ્રદર્શિત કરવું છે. કેટલાક લોકો નાનું એવું બિરુદ મળે કે કહેવાતો એવોર્ડ મળે તો ગામ ગજવી નાખે છે જાણે કે ભારતરત્નનો ઈલકાબ મળ્યો હોય.

જુદા જુદા સમાજોમાં આવી જૂઠી શાન, શોભા અને શોહરતનું ઘેલું લાગ્યું છે. આપણે એકબીજાની વધુ પડતી પ્રશંસા કરતા થઈ ગયા છીએ. પ્રશંસા અને ખુશામત વચ્ચે વાળ જેટલું અંતર હોય છે. મોટે ભાગે આપણે ખુશામત કરતા રહીએ છીએ. જુદી જુદી સંસ્થાઓ સન્માન સમારંભો યોજીને ઈલકાબો અને એવોર્ડની લહાણી કરતી હોય છે. તેનું કોઈ ચોક્કસ ધોરણ હોતું નથી. આમાં એવૉર્ડ લેનાર અને દેનાર બંનેની ગરિમા જળવાતી નથી. યુવક રત્ન, પત્રકાર રત્ન, સમાજ રત્ન, ભૂષણ, સમાજ શિરોમણી વગેરે અનેક જાતનાં બિરુદો પાનબીડાની જેમ અપાતાં હોય છે. આવા પ્રસંગોએ રાજકારણીઓને પણ આમંત્રણ અપાતાં હોય છે. આ માત્ર સસ્તી પ્રસિદ્ધિ છે. નવા ઊગીને ઊભા થયેલા અને બે પૈસા કમાયેલા લોકોને પૈસાના જોરે થોડા મોટા માણસો વચ્ચે બેસવાનું મળે એટલે તેમને એમ લાગે છે કે જીવન ધન્ય થઈ ગયું. સમારંભના પ્રમુખ, અતિથિવિશેષ, માનવંતા મહેમાન

વગેરે સ્થાનો માટે પણ કિંમત ચૂકવવી પડે છે. આવા સમારંભો તેમના હિસાબે અને જોખમે યોજાતા હોય છે. કેટલાક સમાજસેવકો આવો ધંધો લઈને બેઠા હોય છે. એવૉર્ડ અને ઈલકાબ મેળવનારા મોટા માણસો પણ એ સમજી શકતા નથી કે આ એવોર્ડનું મૂલ્ય શું? એવોર્ડ આપનાર સંસ્થા લાયક છે કે નહીં? આવા એવૉર્ડ આપવાનું તેનું કાર્યક્ષેત્ર છે કે કેમ? તે માન્ય પ્રતિષ્ઠિત વિશ્વસનીય સંસ્થા છે કે નહીં? માન મળતું હોય તો આવું બધું વિચારવાની કોને ફુરસદ છે. સમાજના ઊંચા ગજાના પ્રતિષ્ઠિત માણસો આવા નાના નાના ઈલકાબો પાછળ દોડતા હોય છે ત્યારે વામણા લાગે છે.

આજકાલ લોકોને પોતાનું સ્ટેટસ અને મોભો જળવાઈ રહે તેની પણ બહુ ચિંતા હોય છે. તેમની નજર બીજા તરફ હોય છે. પોતાને શું ગમે છે તેના કરતાં લોકો શું કહેશે, લોકો શું ધારશે તેની વધુ દહેશત હોય છે. આ બધું જાળવવા માણસે દોડવું પડે છે. કોઈ આગળ નીકળી જાય તો જલન થાય છે. પ્રતિષ્ઠાનું આ જગત થકવી નાખે છે. તેમાં ઊંચે આવ્યા પછી ફંગોળાઈ જતાં વાર લાગતી નથી. માણસ સારો હોય કે ન હોય, પણ તેને બીજા કરતાં વધુ સારા દેખાવું છે.

અગાઉ ધનિકો અને ગર્ભશ્રીમંતો એકદમ નોખા તરી આવતા હતા. પૈસાની સાથે ઠાવકાઈ હતી. ઠાઠની પરિપક્વતા હતી. હવે એવું રહ્યું નથી. માણસનો દેખાવ જોઈને તેનું સાચું માપ નીકળતું નથી. બધું આભાસી બની ગયું છે. પહેલાં પૈસાદાર માણસોને ઓળખવા બહુ સહેલા હતા. એક નૂર આદમી, હજાર નૂર કપડાં જેવો ઘાટ હતો. પુરુષનાં કપડાંમાં અને મહિલાઓના અલંકારમાં તેમની શ્રીમંતાઈ છલકી ઊઠતી હતી. આજે એવું રહ્યું નથી. સ્ટેટસ સિમ્બોલ માટે હવે કપડાં-ઘરેણાંનું મહત્ત્વ રહ્યું નથી. એવી જ રીતે વિદેશમાં ફરવા જવાનું. મોટી મોટી ક્લબોના સભ્ય બનવાનું, લગ્ન કે બીજા પ્રસંગોએ લખલૂંટ ખર્ચાઓ કરવાની બાબત પણ મોભાનું પ્રતીક રહી નથી. સામાન્ય મોટરકારો, મોંઘા મોબાઈલ ફોન, કમ્પ્યુટર કે લેપટોપ કે બે-ત્રણ બેડરૂમના ફ્લેટોની કોઈ વિસાત નથી. આ બધુ મોટા ભાગના લોકોની પહોંચમાં આવી ગયું છે. ફાર્મહાઉસ, હિલ સ્ટેશન પર બંગલો અને થોડા મોંઘાં પેઈન્ટિંગો અને કલાકૃતિની અમૂલ્ય ચીજો અંગે તમે થોડો ગર્વ અનુભવી શકો છો. મોટા પત્રકારો, તંત્રીઓ, ફિલ્મસ્ટારો, સંગીતકારો અને કલાના ક્ષેત્રમાં રહેલી વ્યક્તિઓ સાથેના સંબંધોથી થોડીક પ્રસિદ્ધિ મળી શકે. રાજકારણીઓ અને ભાઈઓ સાથે સંબંધો રાખવાથી મોભો વધે છે. પણ તેની મોટી કિંમત ચૂકવવી પડે છે. સાધુ, સંતો, મહંતો ફરતે વીંટળાઈ રહેવામાં વાંધો નથી. આમાં પૈસા સિવાય બીજું કશું નુકસાન નથી.

દરેક વસ્તુની મર્યાદા છે. ધન આવે ત્યારે કુદકા મારવાની જરૂર નથી. માણસે કાંઈક પ્રાપ્ત કરે ત્યારે નમ્ર બનવું જોઈએ. વૃક્ષને જ્યારે ફળ આવે છે ત્યારે તે ઝૂકી જાય છે. જે લોકો સત્કૃત્યો અને નિષ્ઠાપૂર્વક સેવા કરે છે અને બીજાને સહાયભૂત થતા રહે છે તેમની સુગંધ ચોમેર પ્રસરે છે. તેમને ઢોલનગારાં વગાડવા પડતાં નથી. અધૂરા ઘડા વધુ છલકાતા હોય છે. સાચા અને સારા માણસોને છીપના મોતીની જેમ શોધવા પડે છે. ઢંઢેરો પીટવાવાળા માણસો ઢેઢે પિટાતા હોય છે.

કોઈ પણ જ્યોતિષીને, સાધુ, સંતોને પૂછો કે લોકો તમારી પાસે શા માટે આવે છે? તેમની શી કામના છે? ક્યા પ્રશ્નોનું તેઓ સમાધાન ઈચ્છે છે? આ બધા પ્રશ્નોનો એક જવાબ છે : માણસ ધન અને કીર્તિ માટે આ પ્રકારના આંટાફેરા કરે છે. પ્રભૂની ભક્તિ પાછળ પણ આવી જ મનોકામના હોય છે.

કેટલાક માણસો નાનાં એવાં કાર્યો કરીને કીર્તિના ધજાગરા ફરકાવતા હોય છે. થોડું કરીને વધુ દેખાવ કરવા પાછળ પ્રશંસા સિવાય બીજું કશું નથી. આવા ધાંધલિયા લોકોને સાચી કીર્તિ મળતી નથી. થોડી વાર ચમકીને આ પૂંછડિયા તારાઓ ખરી પડે છે. લાયકાત વગર મેળવેલી ચમક ક્યાં સુધી ટકે? કીર્તિ અને પ્રસિદ્ધિ મહેક છે, વારંવાર સૂંઘ્યા કરીએ તો તે ઊડી જાય.

સફળતા, માન-ચાંદ, કીર્તિ-પ્રસિદ્ધિ કે લોકપ્રિયતા મળે તો ફુલાવાની જરૂર નથી. મળે તો નમ્રભાવે સ્વીકારી લેવું. ન મળે તો નાસીપાસ થવાની કે હતાશ થવાની બિલકુલ જરૂર નથી. મજેથી, આનંદથી જીવવા માટે આ કોઈ એવી જડીબુટ્ટી નથી.

આ એક નશો છે. થોડીવાર મજા આવે છે. તેનું ઘેન ચડવા ન દેવાય. આપણે આપણાં સાધનોમાં આપણી રીતે જીવવાનું છે. માથે ભાર લઈને ફરવાથી કશું વળવાનું નથી. આ બધું હોય કે ન હોય, શું ફરક પડવાનો છે અને આ બધું કાયમના માટે થોડું ટકી રહેવાનું છે. જૂઠી શાન-શોભાનો મતલબ પણ શું છે?

જે લોકોનું બાહ્ય અને આંતરિક જીવન સરખું છે, જેમનામાં દંભ-દિખાવટ નથી, માન-મરતબની પડી નથી, તેને કોઈની સાથે સરખામણી કરવાની રહેતી નથી. તેઓ તો નિજાનંદમાં મસ્ત હોય છે. આ તેમનું સુખ છે. આ તેમનો વૈભવ છે. બાકી બધું માટીમાં મળી જવાનું છે. આ અંગે કુતુબ આઝાદની એક રચના.....

સહુને એક દિ માટી મહીં મળી જવાનું છે,
ઢળે છે સંધ્યા એમ ઢળી જવાનું છે,
યુવાની એટલે ટટ્ટાર ચાલવાનું છે,
બુઢાપો એટલે વાંકા વળી જવાનું છે,
આ રાજ, તાજની પાછળ હરાજ થાઓમા,
બરફની જેમ બધું ઓગળી જવાનું છે,
હતા જ્યાં મહેલ ત્યાં ખંડેર આજ ઊભાં છે,
બરાબર એ જ રીતે ભળભળી જવાનું છે.

## ૩રમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



# સ્વ. જયંતીલાલ જીવનભાઈ વોરા

**દેહ વિલય : ૦૭-૧૦-૧૯૯૧**

□□□□□□□□□□□□□□

**તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા**

**સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં, જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.**

**અમારા સુખ-દુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે**

**અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના...**

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

**સ્વ. દમયંતીબેન જયંતીલાલ જીવનલાલ વોરા પરિવાર**

**પુત્ર પરિવાર : અજીત-પ્રજ્ઞા, નિશાંત-પ્રાચી-હિયા, મનાલી, સ્વ.વિજય-સંગીતા**

**પુત્રી પરિવાર : નયના-સ્વ.પ્રદીપકુમાર, મયંક-મુમુક્ષા-જીયાના, માનસી-પુનિતકુમાર-આરવ-ધિયારા**

**ભાઈ : સ્વ.નરોત્તમભાઈ, સ્વ.ગીરધરભાઈ, સ્વ.જેઠાભાઈ, સ્વ.અમીચંદભાઈ**

**બહેન : સ્વ.સાકળીબેન, સ્વ.સમરતબેન, સ્વ.દયાબેન, સ્વ.નવલબેન**

**તેમજ**

**શ્રી જીવનલાલ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

Kayami - October

## ૨૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



# સ્વ.નરોત્તમદાસ જીવણભાઈ વોરા

**જન્મ : તા. ૨૧-૦૬-૧૯૧૦ ❖ સ્વર્ગવાસ : તા.૨૫-૧૦-૧૯૯૫**

આપનો મિલનસાર, માયાળુ અને લાગણીભર્યો સ્વભાવ, કુટુંબવાત્સલ્ય, પ્રભુના પરમતત્ત્વમાં શ્રદ્ધા અને વિશ્વાસ, સર્વ જીવો પ્રત્યે પ્રેમ, દયા અને કરુણા તેમ જ બીજાને માટે કાંઈક કરી છૂટવાની ઉદાર ભાવના હંમેશા યાદ રહેશે. આપનુ કર્તવ્યપરાયણ, સેવામય આદર્શ જીવન હમેશા અમને શ્રેયને પંથે દોરી જશે.

પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતિ બક્ષે એવી પ્રાર્થના

લિ.

## નરોત્તમદાસ જીવણભાઈ વોરા પરિવાર

**પુત્રો : સ્વ.ધીરજલાલ, ડૉ.ભુપેન્દ્ર અને ચંદ્રકાંત**

**પુત્રવધુ : સ્વ.પુષ્પા, ડૉ.શોભના અને મધુ**

**પુત્રીઓ : સ્વ. તારાબેન રમણીકલાલ વસા, સ્વ. રસીલા ચંદુલાલ વોરા,**

**સ્વ. રમા પ્રફુલચંદ્ર ધોળકિયા, હેમા નવીનચંદ્ર દોશી**

**પૌત્ર : સચીન, મનીષ, આશિષ**

**પૌત્રવધૂ : નિશા, પરીતા**

**પૌત્રી : નેહા, સોનાલી**

Kayami - October

# તર્પણ

## મધુભાઈ ભીમાણી

ઘરમાં બધા પોતપોતાના કામમાં પરોવાયેલા હતા. સવારનો ચા-નસ્તો ઉદયકુમારના ટેબલ પર મુકાઈ ગયો. ત્યાં જ ઘરની શાંતિને ચીરતો ઉદયકુમારનો અવાજ ઘરમાં ફરી વળ્યો. : હંસાગૌરી.... અને અહીં રસોડામાં હંસા હેબતાઈ ગઈ. તેનાં મોં સામે વસુધા વહુએ જોયું. બંન્ને અકળાયા. હંસા ગૌરી... સંભળાય ત્યારે ઘરમાં જાણે વાવાઝોડું ખાબકશે તેવી ભીતિ વ્યાપી જાય.

હંસા બહાર આવી. ઉદયકુમાર સામે નીચે મોએ ઉભી. ‘‘આમ સોગિયું મોં કરી સામે શું આવ્યા ?’’ ઉદયકુમારના મોંમાંથી શબ્દ ગોળો વછૂટ્યો. ‘‘જરા જુઓ તો ખરા આ તે ચા છે કે...’’ અને થુ થુ કરવા લાગ્યા, ‘‘જરાક તો વેતો રાખો... સરખી ચા બનાવતાં ય આ ઉંમરે હજી આવડ્યું નહીં.’’ મોં સાથે આંખ પણ સાથ પુરાવતી હતી કે ઉદયકુમારના મગજમાં ક્રોધના ગોટેગોટા ઉછળતા હતા. હંસા ધીમે સાદે બોલી : ‘‘પાછી લઈ જાઉં. બીજી બનાવીને આપી જઉં.’’ ‘‘નવી કરશો તો શું નવાઈ કરી? પેલેથી જ ધ્યાન રાખોને.’’ ઉદયકુમારના બોલવામાં નર્યો તિરસ્કાર લબકારા મારતો હતો. હંસા માટે આતો રોજનું થયું. દરરોજ, કોઈકને કોઈક કારણસર અવહેલના વેઠવાની. બીજી ચા બનાવીને વસુધા બહાર આવી કહે : ‘‘પપ્પા, ચા તો મેં ઉકાળેલી. તમને લીલી ચા ની સોડમ બરાબર ન આવીને....’’

‘‘એમ તમે ખોટું - ઉપરાણું લીધા ન કરો. એના કામમાં કે દિ ભલીવાર હોય છે...’’ આ સાંભળીને વસુધાને થયું કે પપ્પાને કંઈક સંભળાવી દઉં. પણ બોલ્યા વગર રસોડામાં પાછી ફરી. ત્યાં પહોંચ્યા પછી વસુધા બોલ્યા વગર રહી શકી નહીં : ‘‘મમ્મી, તમે મૂંગા મૂંગા ક્યાં સુધી સહ્યા કરશો ?’’ હંસાએ સામે કંઈ જવાબ ન આપ્યો. તે મૂંગા રહેવાનું વધારે પસંદ કરતી. અને બોલીને પણ શું ? તેનું કોણ સાંભળતું ? પતિનો સ્વભાવ અતિ કડક અને ક્રોધી. તો દીકરો શતાયું પણ કંઈ ઓછો ગરમ નહીં. નાનપણથી જ મમ્મી સામે બોલવાની ટેવ પડી ગયેલી. વળી બૌદ્ધિક દલીલો એટલી બધી કરે કે હંસાનો બોલવાનો કંઈ અર્થ સરે નહીં.

શતાયુના લગ્ન થયા. વસુધાએ થોડા દિવસમાં જ જાણી લીધું કે મમ્મીનું સ્થાન ઘરમાં ક્યાં હતું. વસુધાના મનમાં મમ્મી તરફ પ્રેમભાવ મનોમન વધ્યો. ઔચાપરિક રીતે મમ્મી બોલતી હતી તે હવે ખરા ભાવથી બોલવા લાગી. સમયે સમયે ક્યારેકતો ઢાલ બનીને ઉભી રહેવા લાગી.

શનિવારની વાત છે. બપોરના ટપાલી એક ટપાલ નાખી ગયો. અમદાવાદથી સુધામાસીનો એ પત્ર હતો. કોઈ કારણથી ઉદયકુમારને આપવાનો રહી ગયો. બસ... ઉદયકુમાર ઉકળી પડ્યા. ‘‘તમને શું યાદ રહે છે ઈ તો ક્યો... સુધામાસીના જમાઈને મળવા જવાનું હતું. ખાસ કામ હતું. સુધામાસીને કેવું લાગશે... થાક્યો હું તો તમારાથી...’’ અને ઉદયકુમારની વાણી અવિરત ચાલતી જ રહી. વસુધાથી આ જોયું ન ગયું. પૂછ્યું : ‘‘તમને મમ્મી, ક્યારેય ખોટું નથી લાગતું ?’’ ‘‘શેનું ?’’ ‘‘વાતે વાતે તમારૂં અસહ્ય અપમાન કરે છે તેનું’’ ‘‘એ બચાડો જીવ બહાર કામાં કેટલા તપતા હશે ? કેટલાય - કામ તેમને કરવાના હોય તેમાં ક્યારેક આપણાં પર તપી જાય તો તેમાં શું ?’’ હંસાએ જવાબમાં કહ્યું. ‘‘ક્યારેક નહીં, મમ્મી આતો હંમેશા તમારા પર તપેલા જ હોય છે. મેણાં-ટોણાં તો હોય જ. સાચું કહું મમ્મી, તમે માણસ જ ન હો તેમ પપ્પા તમારી સાથે વર્તતા હોય છે. સહન કરવાની ય હદ હોય કે નહીં ?’’

ત્યારે હંસા મોટા ભાગે એમ જ કહેતી : ‘‘પરણીને આવ્યા પછી આવા વિચારો કરવાના ન હોય. એમણે ગુસ્સો ઠાળવવો હોય તો ક્યાં ઠાળવે ? ઘરનું માણસ જોઈએ ને...’’ વસુધા વચમાં જ તાડૂકી : ‘‘તમે તો હદ કરો છો મમ્મી. હંમેશા આમ જ સહન જ કરશો શું ?’’ ‘‘વહુ બેટા, બેઉ ઝઘડો કરે તે શોભે ? બેમાંથી એ કે તો મૂંગા રહેવું પડે. સામેનાનો ગુસ્સો પછી ઓછો થઈ જાય.’’

‘‘તમારી આ સમજ ઘણી ઉંચી છે પણ પપ્પા કંઈ એમ લેવાના નથી. તેમણે મન તમે કંઈ જ નથી....’’ ગળુ ભરાઈ આવતા વસુધા વધુ કંઈ બોલી શકી નહીં.

વસુધા બહુ અકળાતી ત્યારે શતાયું ને કહેતી. શતાયુંનો જવાબ આમ હોય, ‘‘તને જે લાગતું હોય તે પણ મમ્મીની સમજણ અમુક હદ સુધીની છે. પપ્પાની ખુશી શેમાં છે કે તેમને ક્યારે શું જોઈએ છે તેટલું ય મમ્મીને સમજાતું નથી પછી ખટરાગ થાય જ ને. મમ્મી મૂંગી રહે છે એટલે તું તેમનો પક્ષ લે છે પણ મમ્મીને એવું બોલતાંય ક્યાં આવડે છે કે તેમનો પ્રભાવ પડે.’’

‘‘અરે મારાં વરજી, મમ્મી જે સમજે છે તેમાં આધુનિક બદલાવ આવશે ત્યારે તમને ય ભોં ચાટતા કરી દેશે.’’ વસુધા

મનોમન બોલી ઉઠી પણ પ્રગટપણે શતાયુ ને એવુ કંઈ કહ્યું નહીં.

પાંચમની છઠ કોણ કરે? થોડા દિવસની માંદગી બાદ હંસા પરલોકવાસી થઈ. વ્યવહાર મુજબના બધા કર્મકાંડ થયા. આ બધી વખતે વસુધા અંદરથી ખુબ વલોવાતી હતી.. અજંપો તો પારાવાર હતો. મમ્મીની ઉદારતાને, સહન કરી લેવાની તેની મક્કમતાને તે ભૂલી શકતી ન હતી. મમ્મીને થયેલા પારાવાર અન્યાયને તો પોતે જ અનુભવતી હતી. આજે અત્યારે પણ. દુ:ખના ઓસડ દહાડા તેમ દિવસો વીતતા ગયા. દરમ્યાન એક વાત બની. મોં ફાડ જબાન હવે બંધ હતી.

એક રવિવારે બધા સાથે જમવા બેઠા હતા. મમ્મીને ખૂબ ભાવતી દાળઢોકળી બનાવેલ. તેમાંથી કાજુ કિસમિસના ટુકડા વીણતો, શતાયુંનો દીકરો જીત, અચાનક બોલી ઉઠ્યો : ''બા ને દાળઢોકળી બહુજ ભાવતી. નિર્દોષ ભાવે, બાળ મોઢે બોલાયેલ શબ્દોની અસર બધા પર થઈ, એકાદ ક્ષણ એમજ વીતી. વસુધા પ્રથમ બોલી : ''મમ્મી યાદ તો રોજ આવે છે, પણ જીતે યાદને વધારે તાજી કરી.'' બોલીને શતાયું તથા પપ્પા સામે જોયું. શતાયુંના મોઢેથી શબ્દો સરી પડ્યા. ''યાદ તો આવે જ ને,'' વસુધાએ શતાયું સામે આશ્ચર્યથી જોયું. તેનું મન ના પાડતું હતું કે આ શબ્દો શતાયુંના ના હોય. શતાંયુએ સ્થિર દ્રષ્ટિથી વસુધા સામે જોયું. પછી કહે : ''મમ્મીની હયાતી નથી ત્યારે વધુ યાદ આવે છે. તેમના મૃત્યુ પછી મને ખ્યાલ આવ્યો કે મમ્મી મૂંગી રહેતી હતી તે સમજપૂર્વક રહેતી હતી. ખેર.. મમ્મીને સમજી શક્યો નહીં, હુંય કેટલીયે વાર મમ્મીને ખિજવાયો છું. ખુબ ગુસ્સે થયો છું મમ્મી પર. નાની નાની વાતોમાં માથું મારે તે મારાથી સહન નહોતું થતું.'' જાણે કે શતાયુ ભૂતકાળ વાગોળતો હતો તેમ વસુધાએ મહેસુસ કર્યું શતાયુંનો અવાજ પાછો સંભળાયો : ''જીત સ્કૂલે જતો હોય ત્યારે પૂછ્યા કરે... રૂમાલ લીધો બેટા. બેગમાં નાસ્તો મુક્યો... છુટા પૈસા સાથે રાખ્યા... ને હું તાડૂકી ઉઠતો. શું મમ્મી તું યે... જીત હવે નાનો નથી પછી શતાયું જે બોલ્યો તે શબ્દો સ્પર્શી જાય તેવા હતા. ''તાડુકતો ત્યારે થતું કે તેની તે લાગણીઓ સમજવા જેટલી લાયકાત અમારામાં જ ન હતી. અમારી બૌધિક તાકાત પાસે તે સાવ ઢીલીઢબ થઈ જાય અને અમે જીત્યાંનો કેફ અમને ચઢી જાય.'' વસુધા તો જોઈજ રહી. થયું શતાયું પ્રાયશ્ચિત કરતો લાગે છે. ખરેખર હેત-પ્રિત મમતા લાગણીની અસર લાંબે ગાળે વરતાય. શતાયું અને વસુધાએ જોયું તો ઉદયકુમારની આંખે આંસુ ટપકતા હતા. વસુધાને થયું કે મમ્મીને આજે સાચું તર્પણ અપાઈ રહ્યું છે.

## આરોગ્ય આર્થિક સહાય યોજના :

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની સ્થાપના ૫૪માં વર્ષમાં પ્રવેશતા સમાજના ટ્રસ્ટ તરફથી એક યોજના **"આરોગ્ય આર્થિક સહાય યોજના"** જાહેર કરે છે.

આ યોજનાનો લાભ હોસ્પિટલના ખર્ચ બાબતમાં સહાય કરવા માટે જ છે.

લાભ લેવા માટે નીચે મુજબના નિયમોને ધ્યાનમાં લેવા

(૧) આ સ્કીમ મુંબઈમાં રહેતા આપણા શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈના મેમ્બર્સ માટેની જ છે.

(૨) સહાય માં લાભ લેનાર દર્દીનો મેડીક્લેમ હોવો જરૂરી છે.

(૩) ૮૦ વર્ષના ઉપર ના દર્દીનો વીમો ન હોય તો પણ તેઓ લાભ લઈ શકશે.

(૪) આ સ્કીમ તા.૦૩-૧૦-૨૦૨૩ થી અમલમાં આવે છે. અને ૩-૧૦-૨૦૨૩ બાદ હોસ્પિટલ માં દાખલ થયેલ દર્દીઓ લાભ લઈ શકશે.

(૫) વીમા કંપની તરફથી મળેલ (સેટલમેન્ટ લેટર) તથા અન્ય સંસ્થા કે સમાજ કે વ્યક્તિ તરફથી મળેલ રકમની તમામે તમામ વિગત સાથે અરજી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ ના નામે કરવી અને સમાજની ઓફિસે પહોંચાડવાની રહેશે.

(૬) અરજી પત્રની નકલ સમાજની ઓફિસમાં થી મળશે.

વધારે જાણકારી માટે નીચે જણાવેલ વ્યક્તિ ને કોન્ટેક કરી શકશો

**શ્રી કિરીટભાઈ પી. મહેતા - ૯૮૨૦૨ ૨૯૦૩૬**

**શ્રી ધીરેનભાઈ ડી. વસા - ૯૮૨૦૦ ૧૨૪૫૪**

## ૧૬મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



: જન્મ :
૨૬-૦૪-૧૯૧૯

: અરિહંત શરણ :
૦૭-૧૦-૨૦૦૭

# સ્વ. ગીરધરલાલ જીવનભાઈ વોરા

**આપનો હસતો ચહેરો, પરોપકારી સ્વભાવ, ધર્મ અને જીવ પ્રત્યેની ઉદાર ભાવના, સમાજ અને કુટુંબ પ્રત્યેની શુભભાવના સદાયે યાદ રહેશે.**

**સ્વ. સમજુબેન ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર**

**પુત્રો :** શશિકાંત, દિનેશ, પ્રદીપ, જીતેન્દ્ર, મનોજ, અશ્વિન

**પુત્રવધુ :** સ્વ.ચંદ્રિકા, જ્યોતિ, બીના, સ્વ.સોનલ, નીલિમા, ભારતી, ચેતના

**પુત્રી :** મંજુલા - **જમાઈ :** દિપકભાઈ

**પૌત્રો :** કેજલ, કૌશલ, અંકુર, શ્રેણિક, ધર્મીલ - **પૌત્રવધુ :** સપના, માનસી, પૂજા, રૂચી, ધરા

**પૌત્રી :** કવિતા, પુનિતા, તોરલ, પ્રણાલી, રિધ્ધિ

**જમાઈ :** જગદીપ, રાજેન, ઉમંગ, વિશાલ, નિશાંત

**દોહીત્ર :** દર્શન - **દોહીત્ર વધુ :** અમી - **દોહીત્રી :** નિરાલી, હેલી - **દોહીત્રી જમાઈ :** જીજ્ઞેશ, તુષાર

**પ્રપૌત્ર :** હેત, સૌમિલ, જશ, યશ, દેવ, શ્રેહાન

**પ્રપૌત્રી :** હેતાંશી, વંશિકા, હ્રિત્વી, નવ્યા, હ્રુતી, શનાયા, નાયરા

## શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર

૨૪૩/૬, વર્ધમાન, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.

Kayami - October

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



# સ્વ. ધીરજલાલ છોટાલાલ શેઠ (ઉ.વર્ષ :૬૮)

**સ્વર્ગવાસ : તા.૧૮-૧૦-૧૯૮૦**

**હળવું હળવું તમારૂં અસ્તિત્વ ને એમાથી પ્રસરેલી ભીની ભીની સુવાસ**
**સંકોરે છે એ પ્રેમાળ વદન, જાણે તમે અહીંજ છો અમારી સાથે જ**

## : અહર્નિશ વંદન :

સ્વ. છોટાલાલ હરખચંદ શેઠ (ઉના) ● જીવાલાલ બબજી ઠક્કર (રાણપુર-ભેંસાણ)

પુત્ર : શરદ - કિશોર ● પુત્રવધુ : મીના, જ્યોતિ ● પૌત્ર : ધવલ, સમીપ ● પૌત્રી : ધારા

પુત્રી - જમાઈ : કુમુદ પ્રવીણચંદ્ર શાહ, હસુમતી મણીકાંત મહેતા, કોકિલા શરદકુમાર મહેતા,
રેખા દિનેશકુમાર વડાલિયા, સ્મિતા મનીષકુમાર દોશી, નીતા મુકુન્દકુમાર પારેખ

દોહિત્ર - વધુ : મનીષ - મેઘાવી, હિરેન - ઊર્મિ, અમિત - અદિતિ, વિરલ - પીયુષા, દર્શન - ફેમિના

પ્રદોહીત્રી : મહેક, આરુષી - અવની ● પ્રદોહીત્ર : ક્રીશીવ, અદ્વિત્ત

દોહીત્રી - જમાઈ : ખ્યાતી નિરવકુમાર પારેખ, સ્વાતી ભાવિકકુમાર ગોહિલ, વૈશાલી પ્રતિકકુમાર સરવૈયા,
વિધિ મીતકુમાર જાગાણી, રિદ્ધિ જેનીશકુમાર શાહ

પ્રદોહીત્ર : હર્ષિલ - ભવ્ય, આરવ, વિહાન - હિતાંશ ● દોહિત્ર : સર્વેશ,

---


**કિશોર ધીરજલાલ શેઠ**
બી-૮૦૨, શુભમ લાવિસ્ટા, હેપ્પી હોમ કો.ઓ.હા.સો.લી., પંતનગર,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૫
**મો. : ૯૮૨૧૦૧૮૩૪૨**


Kayami - October

# ભારતીય સમાજની મહિલાઓ

પ્રવિણ ઝ. વસા (અમદાવાદ)

૮મી માર્ચ-મહિલા દિવસ ને ઘણો સમય વીતી ગયો હોવાથી કદાચ કોઈને આ લેખ ક-સમય નો અને અપ્રાસંગિક લાગે પરંતુ તાજેતરમાં મણીપુરના બનાવો અને સંસદમાં મહિલા માટે ૩૩% અનામતની જોગવાઈ માટે ની સંસદની કવાયતને કારણે આ લેખ વધારે પ્રસંગિક બની રહે છે. વળી જો આપણે સમાજમાં આમૂલ પરિવર્તન લાવવું હોય તો તે અંગેનો વિચાર કોઈ એક વ્યક્તિ કે કોઈ એક વ્યક્તિ કે કોઈ જૂથ પૂરતું મર્યાદિત ન રહેતા સમયની કોઈ પણ મર્યાદા વિના સૌ કોઈના દિમાગ ની કસરત નો ભાગ બનવો જોઈએ. જેથી આ વિચાર માત્ર એક વિચાર ન રહેતા મનન. ચિંતન,વચન અને વર્તન દ્વારા એક વિચારધારા બની જાય અને પરિવર્તન લાવી શકાય. ભારતીય મહિલા સમાજની આબાદી દેશની કુલ આબાદી ના ૫૦% એટલે કે આશરે ૬૦ થી ૬૫ કરોડની છે. આટલા મોટા માનવ સમુદાયને સ્પર્શતા વિષયને એક દિવસ ની કેદમાં બંદી ન બનાવી શકાય.

અત્રે મને એક વાત યાદ આવે છે. બે દારુડીયા મિત્રો દરિયા કિનારે ચાંદની રાતે ફરવા ગયા. કિનારે પડેલી હોડીમાં બેસી હલેસા મારવા ચાલુ કર્યા. કલાકો સુધી હલેસા મારી થાકીને સૂઈ ગયા. સવારે ઊઠીને જોયું તો હોડી દરિયા કિનારે જ પડેલી હતી. નશો ઉતરી ગયો એટલે ખ્યાલ આવ્યો કે હોડી દોરડાથી કિનારે બંધાયેલી હતી.

આપણા ભારતીય મહિલા સમાજની આ જ હાલત છે. અજ્ઞાન, નિરક્ષરતા, અલ્પ શિક્ષણ, રુઢીચૂસ્તતા વગેરે દોરડાઓથી બંધાયેલ આપણો મહિલા સમાજ વર્ષો પછી ઠેર નો ઠેર જ છે. જો કે પ્રગતિ થઈ છે. પરંતુ તેતો સમગ્ર વિશ્વના બદલાતા આર્થિક પ્રવાહો નું સહજ અને કુદરતી પરિણામ છે. વળી થોડી મહિલાઓની પ્રગતિ આખાય મહિલા સમાજની સ્થિતિ નું ન પ્રતિબિંબ પાડી શકે કે ન તો પ્રતિનિધિત્વ કરી શકે.

મને યાદ છે કે ૧૯૭૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય સ્તરે નારી વર્ષ જાહેર કરવામાં આવેલ ત્યારે આપણા દેશમાં પણ સ્ત્રી વિકાસ માટે કેટલાક કાર્યક્રમો યોજવામાં આવેલ હતા. આ વાતને આજે ૪૮ વર્ષ થયા. આપણે પાછળ ફરીને જોઈએ તો જણાશે કે ૪૮ વર્ષના લાંબા ગાળા પછી પણ આપણે કોઈ ખાસ પ્રગતિ કરી નથી. સ્ત્રી વિકાસને નામે સમયે સમયે થતાં તમાસાઓ સ્ત્રી વિકાસ તો નથી જ, રાજકીય પક્ષોએ કશુંક કરવું જોઈએ તે માટે મહિલા વિકાસ અંગેની ઉજવણી નો ટુકડો ફેંકીને પોતાની આર્થિક અને રાજકીય ખીચડી પકાવે છે. સંનિષ્ઠ નાગરીકો, સામાજીક સંસ્થાઓ અને સરકારી એજન્સીઓ નો ઉત્સાહ ઉજવણી પૂરી થતા જ ઓસરી જાય છે. શેરીએ શેરીએ સ્ત્રી વિકાસ ને લગતા સૂત્રો લખવા; છટકબારી રાખી કાયદા ઘડવા; પ્રસુતિગૃહો અને વંધ્યત્વ નિવારણ કેન્દ્રો માં અહીં જાતીય પરીક્ષણ થતું નથી એવા બોર્ડ મુકાવવાના નાટક કરવા. અને આગળ પડતી થોડી મહિલાઓના સન્માન કરવા આ બધાથી શું મહિલા વિકાસ થઈ શકશે ? જવાબ છે, ના. આમ છતાં કહેવાનો લોભ જતો નથી કરી શકતો કે ૨૧મી ઓગષ્ટ ૨૦૦૭નો દિવસ ભારતીય પ્રજાસત્તાકના ઈતિહાસમાં યાદગાર બની રહેશે. દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશમાં પ્રથમવાર મહિલા (શ્રીમતી પ્રતિભા પાટીલ) રાષ્ટ્રપતિ બન્યા. કદાચ કોઈ કહે કે આ કોઈ ભારતીય મહિલા જગતની સિદ્ધિ નહોતી એ તો રાજકીય ગુણાકાર, ભાગાકાર અને બાદબાકીનો સરવાળો હતો; રાજકીય આટાપાટાનું પરિણામ હતું. તો હવે એ સમજવું જરૂરી છે કે રાજકીય આટાપાટા એ લોકશાહીમાં અનિવાર્ય જરૂરિયાત છે. રાજકીય આટાપાટાની ગરણીમાં હળાઈને ગણાવું તે પણ એક સિધ્ધિ છે.

સમાનતા એ મહિલા ઉત્કર્ષનો ધોરીમાર્ગ છે. આજના જમાનામાં સામાન્ય માણસમાં સમાનતાની સભાનતા રાજકીય જીવનથી થાય છે. આપણે ત્યાં સામાન્ય માણસોનું રાજકીય જીવન (દ.આફ્રિકાથી) ગાંધીજીના આગમન ૧૯૧૫ થી થયું આઝાદીની ચળવળમાં મહિલાઓ મોટા પ્રમાણમાં ભાગ લેતી થઈ. મીઠાના સત્યાગ્રહમાં ઘણી મહિલાઓ એ હાજરી નોંધાવી, પરંતુ ગાંધીજીનો એક મત (Opinion) મહિલાઓ ઘર સંભાળે, બાળકો ઉછેરે, સારી માતા અને સારી પત્ની બને ને આદેશ માની લેવામાં આવતા મહિલાઓનો રાજકીય પ્રવાહ મંદ થઈ ગયો. પરિણામે સ્વતંત્રતા પછીના પહેલા તબક્કમાં પાર્લામેન્ટમાં મહિલાઓની સંખ્યા ૫% રહી. જે આજે વધીને માત્ર ૧૪.૫% ટકા થઈ છે. આની સામે આફ્રિકાના રવાન્દા દેશની પાર્લામેન્ટમાં મહિલાઓની સંખ્યા ૬૨% છે. જો કે

આનંદ સાથે આશા છે કે સંસદની પ્રાસ્તાવિક મહિલા અનામતની જોગવાઈ મહિલાઓને સર્વ પ્રકારના વિકાસ માટે તક અને પ્રોત્સાહન પુરૂં પાડશે અને ભવિષ્યમાં સંસદમાં મહિલાઓનું સંખ્યાબળ જરૂરથી વધશે. આનંદ અને ગૌરવની વાત છે કે આ દેશને ફરી એકવાર મહિલા રાષ્ટ્રપ્રમુખ મળ્યા છે. આજે મહામહિમ રાષ્ટ્રપતિ ના સ્થાને શ્રીમતી મુરમુ બિરાજમાન છે. વળી હાલના સંજોગોમાં સોનિયા ગાંધી, વિજયા રાજે સિંધિયા, માયાવતી, મમતા બેનરજી. નિર્મલા સીતારમન, સ્મૃતિ ઈરાની, કિરણ ખેર એવી અનેક મહિલાઓએ રાજકીય ક્ષેત્રે નામ કાઢેલ છે. કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સે તેમના અંતરીક્ષ અંગેના જ્ઞાન માટે જ નહીં પરંતુ આંતરિક શક્તિનો સાક્ષાત્કાર કરાવી ભારતનું નામ રોશન કર્યું છે. ચંદ્રયાન-૩ ની સફળતા પાછળ ઈસરોની મહિલા ટીમ સભ્યોના સખત પુરૂષાર્થ નું પીઠબળ છે, જેના થકી વિશ્વમાં આપણા દેશની ઈમેજમાં ચાર ચાંદ લગાવી દીધા છે. લલીતા અંબિકા, રીતુ કારીધાલ, અનુરાધા ટી.કે, વનિતા મુથેયા, નંદિની હરિનાથ, એન વાલરમથી વિગેરે મહિલાઓ ઈસરોમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહી છે. આર્થિક અને વહીવટી ક્ષેત્રે અનેક મહિલાઓએ પુરૂષોને મહાત કર્યા છે. આ મહિલાઓએ માત્ર આર્થિક વિકાસ જ નહીં પરંતુ વહીવટી ક્ષેત્રે પણ મહત્વનો ફાળો આપેલ છે. આધુનિક ટેકનોલોજીને પરિણામે જ્યારે નોકરીની તકો વધી છે, ત્યારે કેળવણી, કાર્યપ્રત્યેની નિષ્ઠા, દીર્ઘ દ્રષ્ટિ, કાર્યદક્ષતા અને કામ લેવાની નિપુણતાને કારણે મહિલા કર્મચારીઓની માંગ વધી છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું આ પર્યાપ્ત છે? જવાબ છે, ના કારણકે આ બધું ઉપરછલ્લું જ છે. એક અધિકૃત સર્વે પ્રમાણે આ કહેવાતી પ્રગતિ શહેરમાં રહેતી ૧૫% મહિલાઓની છે, બાકી ૮૫% મહિલાઓ હજી જૂની દશામાં જીવે છે. કારણકે કે પુરૂષ સમાજના મહિલા પ્રત્યેના અપમાન ભર્યા અભિગમ ની જડ એટલી જૂની અને ઊંડી છે કે તેને ઉખેડવા સખત પરિશ્રમની જરૂર છે. આજે પણ સ્ત્રીઓને ઘરની ચાર દિવાલો વચ્ચે ગોંધી રાખવામાં આવે છે. કડવું સત્ય એ છે કે જ્યાં વૈદિક ધર્મની અસર વધારે છે તેવા બિહાર અને યુપી જેવા રાજ્યોમાં સ્ત્રીઓની હાલત વધારે ખરાબ છે.

યુગોયુગોથી સ્ત્રીઓ નું શોષણ થતું આવ્યું છે "સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ" અને "સ્ત્રી એ નર્કનું દ્વાર" વગેરે જનોઈવઢ કરતી જલદ અને તીખી ઉક્તિઓ પુરૂષ સમાજનો સ્ત્રી સમાજ પ્રત્યે નો તુચ્છકાર ભર્યો અભિગમ દર્શાવે છે. સ્ત્રી સન્માન અને સ્ત્રી અધિકારના દુશ્મનોએ સમાજને સ્ત્રી વિરોધ વિષ પાઈ પાઈને સ્ત્રી પ્રત્યેની દ્રષ્ટિને દૂષિત કરી નાખી છે. જેને કારણે મણીપુર જેવા શરમજનક બનાવ બને છે. બે જુથની લડાઈમાં હંમેશા મહિલાઓને સહન કરવાનું આવે તે મહિલાઓ પ્રત્યેનો પુરૂષ સમાજનો બીભત્સ અભિગમ દર્શાવે છે. સ્ત્રી એટલે પગની જુતી, ગુલામડી અને વંશવેલો આગળ વધારવાનું સાધન- એ વિચારધારાએ સ્ત્રી સમાજનું શોષણ કરવામાં કશું બાકી રાખ્યું નથી. આવા આક્રમક અભિગમ ના અંધારામાં "જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે" કે "યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ" જેવી સ્ત્રી સન્માન કરતી ઉક્તિઓનો પ્રકાશ ઓછો પડે છે. ભૂતકાળમાં કોઈ પ્રખર વ્યક્તિના કડવા અનુભવ કે અભિગમને કારણે સ્ત્રી વિરોધ કહેવતો રચી સ્ત્રી સમાજ પર વજ્રઘાત કર્યો છે જેનો ખરાબ ઉપયોગ નકારા પુરૂષોએ નબળી સ્ત્રીઓના દમન માટે કરેલ છે.

ભારતીય સમાજ પુરૂષ પ્રધાન છે. હિંદુ ફિલોસોફી પ્રમાણે જીવનના ચાર હેતુ ધર્મ-અર્થ-કામ અને મોક્ષ માંથી કામ અને અર્થ પર પુરૂષ સમાજે આધિપત્ય જમાવ્યું; ધર્મ અને મોક્ષની જવાબદારી સ્ત્રી ઉપર નાખવામાં આવી. કાર્લમાકર્સ એ કહ્યું છે **"Religion is the opium of the People"** મતલબ કે ધર્મ નશો છે. પુરૂષ સમાજે મહિલાઓને વર્ષો સુધી ધર્મના નશામાં રાખી પરિણામે પોતાની વ્યાજબી માગણીઓ વ્યક્ત કરવાની શક્તિ મહિલાઓ એ ગુમાવી દીધી. આજે Europe ની મહિલાઓ સમાનતાના હક્ક માટે લડી રહી છે. બે વર્ષ ઉપર સ્વીટઝરલેન્ડની ૧૫ લાખ મહિલાઓ સમાનતા હક્ક માટે રસ્તા પર ઉતરી આવી ફ્રાન્સમાં મહિલાઓએ સમાનતાની માગણી છેક ૧૭૮૯ થી કરી હતી. આ ચળવળ દરમ્યાન અનેક મહિલાઓએ શહીદી વહોરી. ૧૫૦ કરતા વધારે વર્ષ લાંબી લડત બાદ છેક ૧૯૪૬ માં ફ્રાન્સની મહિલાઓને પહેલીવાર સમાનતાના થોડાહક્કો મળ્યા. જ્યારે ભારતીય મહિલાઓને કોઈ પણ પ્રકારની માંગણી, આંદોલન કે શહીદી વિના સ્વતંત્રતાની સાથે ૧૯૪૭ માં બીનસત્તાવાર અને ૧૯૫૦ માં સત્તાવાર સમાનતાના હક્કો મળ્યા. પરિણામે ભારતીય મહિલા સમાજની મોટાભાગની બહેનોમાં પોતાના હક્કો પ્રત્યે જાગૃતિ નથી આવી. આજે પણ હજારો મહિલાઓ મંગળવારની સાંજે તુલસી કૃત રામાયણ ના સુંદરકાંડ ની એક ગાથા "ઢોલ ગંવાર પશુ શુદ્ર, નારી સકલ તાડના કે અધિકારી" પૂરા ભક્તિ ભાવ સાથે આનંદ થી અને તાલીઓના તાલે ગાય છે. જો અહીં "તાડના" નો અર્થ "માર" થતો હોય તો આ મહિલાઓ માત્ર બંધારણ ના પાયાની ભાવના- સ્વતંત્રતા અને સમાનતાનું જ હનન નથી કરતી, પરંતુ પોતાના પગ ઉપર કુહાડી મારી રહ્યું છે.

## ૧૨મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી

: જન્મ :
૨૧-૦૮-૧૯૩૮





: અરિહંત શરણ :
૩૦-૧૦-૨૦૧૧



# સ્વ.શ્રી શાંતિલાલ અંદરજી કોરડિયા

**સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં,**
**જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભુલાય નહીં.**

**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,**
**વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા;
સુગંધ જેની ચૌ-તરફ મૂકતા ગયા.''

**અમારા સુખ-દુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને**
**આશિર્વાદ વરસતાં રહે અને પ્રભુ તેમના**
**આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના..!!**

---

**લી. શ્રીમતી ગુણિયલબહેન શાંતિલાલ કોરડિયા**
**તેમજ**
**અંદરજી પાનાચંદ કોરડિયા પરિવાર**

Kayami - October

# નવમી પુણ્યતિથિએ સ્મરણાંજલી

: જન્મ :
તા.૨૦-૧૦-૧૯૩૩

: અરિહંત શરણ :
તા.૧૪-૧૦-૨૦૧૪



# સ્વ. તારાબેન રમણીકલાલ વસા

**આપનો પ્રેમાળ, નિખાલસ, મિલનસાર સ્વભાવ, ઉદાર ભાવના, પરોપકારી વૃત્તિ, કુટુંબ પ્રત્યેની અનોખી નિષ્ઠા, ધર્મપ્રેમભરી જીવનશૈલી સદૈવ અમારા હૈયામાં રહેશે. પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.**

સ્વ.રમણીકલાલ ઝવેરચંદ વસા
જયેશ - સોનલ, કમલેશ - પ્રીતિ, સુનીલ - શ્વેતા
ભવ્ય - મૈત્રી,
રૂપા નરેશકુમાર મકાણી,
રચના - હિમાંશુ મોદી, બીજલ - ભાવેશ કકકા,
માનસી, સીલ્કી - સાહીલ પરીખ, નીલ,
આશના - દિયા - પહેલ - અનીષ્કા

Kayami - October



# સંબંધોની સોનોગ્રાફી

- દર્શના પરીમલ ભીમાણી

પરસ્પર પારદર્શક લાગણી, વિશ્વાસ, પ્રેમ, વફાદારી એજ સંબંધોની પરીભાષા છે. દરેક માનવી અનેક સંબંધોથી બંધાયેલો હોય છે. પરંતુ અનાયાસે બાંધેલા સંબંધમાં જે કર્તવ્ય કરીએ છીએ તે ભગવાનનો સંકેત હોય છે. તેમ માનતા સ્નેહલતાબેન એકવાર અમેરીકામાં સાનફ્રાન્સીસકો શહેરના પેરેડાઈઝ બિલ્ડીંગમાં પગ મૂકતા પોતાના દિકરા નિશીતને, પુત્રવધુ શ્વેતા અને પૌત્ર પાર્થને જોવાની ઉત્કંઠા વધી ગઈ અને કહે છે ને... લાગણીને વ્યક્ત કરવાની કોઈ ભાષા નથી હોતી. નાનકડો પાર્થ દાદીને જોતા જ ગળે વળગી પડ્યો. સ્નેહલતાબેન ધન્ય બની ગયા. તેને નિશીતનું ઘર, ઘર નહિં બંગલો લાગ્યો. નિશીત આગળ વધે તે વિચારથી સઘળું વેંચીને વિદેશમાં મોકલ્યો હતો. પતિના સ્વર્ગવાસ બાદ અહિં દિકરા નિશીતને ત્યાં આવવાનું બન્યું હતું. દસ દિવસમાં સ્વર્ગનું સુખ પુરૂ થયું અને નિશીતે મમ્મીને કહ્યું... મોમ આ પાર્થને તું કેટલું સરસ રીતે સાચવે છે તો મારા મિત્રનો એક દિકરો છે જોતું... અને એકમાંથી આઠ-દસ બાળકો ભેગા થયા તે સ્નેહલતાબેન બેબી સીટીંગના હેડ બની ગયા. વાપીમાં નોકરી કરતા ત્યારે અગિયારથી છ ની ડ્યૂટી હતી જ્યારે અહિં ચોવીસ ક્લાકની... અજાણ્યો દેશ, બહાર એકલા જવાય નહિં બસ ખુલ્લી કેદમાં જીવવાનું. આમાંય જનમ્યા ત્યારથી આંસુ પીવાની ટેવ પડી હતી. વૈધવ્યના ભાર પછી તો એકલતામાં પણ હસતા આવડતું ને હસી નાંખતાય આવડતું.

છ મહિના બાદ અચાનક એક બાળક જેનું નામ જોય હતું તેને મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યા અને તે બાળક બેશુધ્ધ થઈ ગયો તેથી ધમાલ મચી ગઈ. બધા પર એકસરખુ વહાલ વરસાવતા સ્નેહલતાબેન વિદેશના કાયદાના સકંજામાં સપડાય ગયા. ત્યારે પુત્ર નિશીત અને પુત્રવધુ શ્વેતાએ પંદર દિવસ જેલમાં રહી આવો, બધુ બરાબર થઈ જશે. વહુ-દિકરાના આકરા વેણ એના થીજી ગયેલા આંસુનો બંધ તૂટી પડ્યો. દુઃખના મહાસાગર વચ્ચે પોતે એકલા અટૂલા કોઈ ટાપુ પર હોય એવો અનુભવ થયો. પણ આકાશમાંથી કોઈ દેવદૂત આવે અને આપણા દુઃખોને સાક્ષીભાવે જોઈ આપણી પડખે ઉભો રહે તો પરોપકારના એ અજાણ્યા દેવદૂતને શું કહેવું...? એ હતા ડૉ.એડવીન કે જે બાજુના ઘરમાં રહેતા હતા. સ્નેહલતાબેન તરફ વળીને તેમણે કહ્યુ, લગભગ છ મહિનાથી તમને આ સંઘર્ષ કરતા જોઉં છું. તમે પૂરા તન-મનથી ઓતપ્રોત થઈને બાળકોની સાળસંભાળ કરો છો, અને ક્યારેક રાતના અગાશીની પાળી પર બેસી હિંબકા ભરી રડી લેતા પણ મેં તમને જોયા છે. આ જોય નામનો બાળક જન્મથી અસહ્ય રોગથી પીડાય છે. તેના દર્દથી હું વાકેફ છું. તેમણે સાથે લાવેલી ફાઈલમાંથી થોડા કાગળિયા બતાવી પોલીસ અધિકારી સાથે વાત કરી અને મામલો થાળે પાડ્યો. સ્નેહલતાબેનને સોરી ફોર ટ્રબલ કહી પોલીસ નીકળી ગઈ. ડૉ. એડવીન હાથ જોડી બોલ્યા હું તમારૂં નામ નથી જાણતો કે નથી તમારી ભાષા જાણતો પણ એટલું જરૂરથી જાણું છું કે પ્રેમની કિંમત જ્યારે આંસુથી ચુકવવાની આવે ત્યારે સ્વમાનભેર જીવવા તૈયાર થઈ જાય. પ્રેમ સંવેદના શૂન્ય બની જાય ત્યારે સ્ત્રી કે માતા કેમ ન હોય અબળા ન બની રહેતા સબળા બની જાવ. હું તમને તમારે દેશ જવાની તૈયારી કરી આપું છું તમે તમારે ગામ પહોંચી મને જરૂરથી ફોન કરશો.

પોતાને ગામ સ્નેહલતાબેન પહોચતાં ખુબજ હાશકારોનો અનુભવ કરે છે. અને પોતાના ખાટલે બેઠા વિચારે છે કે જે મા-બાપ લોભ અને લાલચમાં અંધ કેદીની જેમ વિચારોના સળિયા પાછળ પુરાઈ જાય છે. તે મા-બાપથી દૂર જતાં દિકરાઓનો રંગભેદ, ભાષાભેદ, રૂઢિભેદનો સામનો કરવો પડતો હોય છે. ભૌતિકતા અને પશ્ચિમનું અનુરણ કરી મૂલ્યોના મૂળ થોડા ઉખેડાય જાય છે.

કોઈના દુઃખમાં સહભાગી થવા જેવું કોઈ સૌભાગ્ય નથી કે જે ડૉ.એડવીનએ સાબિત કરી બતાવ્યું. આવા સંબંધોની સોનોગ્રાફી કરવી એટલે ચર્મચક્ષુ નહિં પણ હૃદયચક્ષુ જોઈએ.

**''સબંધોની ''પોલીસી'' ચાલુ રાખવા,**
**સંદેશાનું ''પ્રીમિયમ'' નિયમિત ભરતા રહેવું.''**

*With Best Compliments From*

**Parimal M. Bhimani**
**98925 97996**

**Amish P. Bhimani**
**98215 57059**

# Darshana Jewellers

**GOVT. APPROVED VALUERS**

Shop No. 1, Jalaram Nagar No. 3, Vallabh Baug Lane,
Ghatkopar (East), Mumbai - 400077. **Tel.:** 022 - 35913072
**Email :** darshanajewellers@gmail.com

# BHAKTI
## Insurance Services

**LIFE | HEALTH | MOTOR | TRAVEL | PROPERTY**

# Mansukhlal H. Bhimani & Sons

**GOVT. APPROVED VALUERS**

C / 603, Navrang CHS, Bldg. No.86, Tilak Nagar,
Chembur (West), Mumbai - 400089.
**Tel.:** 022 - 3591 3072
**Email :** bhimaniparimal@gmail.com

*With all the Best Wishes to our*

*S.V. Jain Samaj Mumbai*

**"To be Rich is not what you have in your Bank Account, But what you have in your HEART"**

*With Sincere Compliments from*



**PRAVIN CHIMANLAL VORA**

**&**

**JYOTI PRAVIN VORA**

**Residence**

Meena Sadan, Flat 12, 1st Floor,
B-Wing, Tamil Sangam Road,
208 Sion (E), Mumbai - 400022
Tel.: (R) 022 - 2402 - 4757
Cell.: 93210 24757
Email : pravinvora@hotmail.com

**Office**

Jainex Limited - 501 & 502,
Sharda Chambers,
15, Sir Vitthaldas Thackersey
Marg, New Marine Lines,
Mumbai - 400020.
Tel.: 022 - 2200 2252
Email : sales@jainexgroup.net

# હાર્દિક શ્રધ્ધાંજલી



## સ્વ. ધનવંતભાઈ જેચંદભાઈ મહેતા

જન્મ : ૧૭-૦૯-૧૯૫૩ ❖ અરિહંત શરણ : ૦૮-૧૦-૨૦૨૩

આપનો ઉદારદિલ સ્વભાવ, ધર્મ પ્રત્યેની આસ્થા,
પરિવાર પ્રત્યેની લાગણી અને મિત્રો સાથેની મહેફીલ
સદાય અમારા દિલમાં રહેશે.

**અજાતશત્રુ એવા અમારા મિત્રને ભાવભરી શ્રધ્ધાંજલી**

શ્રી મધુકાંતભાઈ મહેતા
શ્રી નટુભાઈ વસા
શ્રી રાજેષભાઈ યુ. શાહ
શ્રી બિપીનભાઈ પુનાતર
શ્રી હરેશભાઈ જી. વોરા

શ્રી હસમુખભાઈ પુનાતર
શ્રી ભરતભાઈ જે. મહેતા
શ્રી દિપકભાઈ શેઠ
શ્રી રાજુભાઈ પુનાતર
શ્રી ભરતભાઈ કે.મહેતા

**(લગડી ગ્રુપ)**

તથા

શ્રી અજીતભાઈ કે. સંઘવી





**સ્વ. છોટાલાલ સૌભાગ્યચંદ સાવડીયા**
અરિહંત શરણ : ૦૪-૦૫-૧૯૫૯

**સ્વ. ચંચળબેન છોટાલાલ સાવડીયા**
અરિહંત શરણ : ૦૯-૦૨-૧૯૮૩





**સ્વ. મથુરાદાસ છોટાલાલ સાવડીયા**
અરિહંત શરણ : ૧૦-૦૨-૨૦૦૧

**સ્વ. શાંતાબેન મથુરાદાસ સાવડીયા**
અરિહંત શરણ : ૦૭-૧૦-૧૯૯૮

હળવું હળવું તમારૂં અસ્તિત્વને તેમાંથી પ્રસરેલી ભીની ભીની સુવાસ,
પ્રેરણારૂપી એ પ્રેમાળ વદન, જાણે તમે અહીંજ છો અમારી આસપાસ

**સૌજન્ય : શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ મથુરાદાસ સાવડીયા પરિવાર**

# શ્રધ્ધાંજલી....





## ધ્રાંગધ્રા નિવાસી - હાલ કાંદિવલી

**સ્વ. ફતેહચંદ પુરષોત્તમ શાહ**
અરિહંત શરણ : ૦૯-૦૧-૧૯૯૧

**સ્વ. સમતાબેન ફતેહચંદ શાહ**
અરિહંત શરણ : ૧૩-૦૮-૧૯૮૮

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી,
વૈયાવચ્ચ ધર્મ અતિ પ્રિય હતો, સત્કર્મ કદી ભૂલ્યા નથી,
વ્યવહાર કદી ચુકયા નથી, આપ જીવંત હતા દેહ રૂપે,
જીવંત છો ભાવરૂપે અને સદાય જીવંત રહેશો આત્મા રૂપે



લી.:
**શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ મથુરાદાસ સાવડીયા પરિવાર**

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## તૃતીય પુણ્યતિથિ નિમિત્તે ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
શનિવાર
તા. ૪-૧૦-૧૯૫૪

અરિહંત શરણ
ગુરુવાર
તા. ૧-૧૦-૨૦૨૦

# સ્વ. ભારતીબેન ગુણવંતરાય મહેતા

જીવનમાં સદાય પ્રેમનાં દીપ પ્રગટાવ્યા, વ્હાલના વાદળ હેત સભર વરસાવ્યા,
સ્મૃતિમાં આપના લાગણીભીના સંભારણા, વહેશે અવિરત આપના આદરતણાં અમી ઝરણાં

**આપની પુણ્યતિથિ નિમિત્તે પરિવારના સર્વ સભ્યોની**

## આદરપૂર્વક ભાવાંજલિ

.....શ્રદ્ધા સુમન.....

**શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા**

પુત્ર-પુત્રવધુ : શ્રી અલ્પેશ મહેતા - અ.સૌ. કુંતલ મહેતા
પુત્રી-જમાઇ : અ.સૌ. રાજુલ નિપુલકુમાર વોરા, અ.સૌ. રૂપલ ચિંતનકુમાર વોરા
પૌત્ર-પૌત્રી : પલક-પ્રશમ
દોહિત્રી : શીલ-જીયા-વિદિતી

Suvidha


Suvidha
Wishes You All
Happy Diwali & Prosperous
New Year
શ્રી ગુણવંતરાય વ્રજલાલ મહેતા પરિવાર
(જેતપુર - ભિવંડી - મુલુન્ડ)
Suvidha
SALES CORPORATION
Importers, Exporters & Dealers :
Textile Weaving Accessories, Machineries & Textile Chemicals
2/14, Kashinath Bhavan, Agra Road, Near Ratan Talkies, Bhiwandi-421302,
Dist. Thane, Maharashtra, India.
+91 93205 68368 / +91 74477 36000
Gunvant V. Mehta
+91 98223 97900
gvmehta1951@gmail.com
Alpesh G. Mehta
+91 93263 31199, 99210 10476
suvidhasalescorp@gmail.com
Trusted Since 1975
જ્યાં સરળતા.....
ત્યાં સફળતા.....

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે આનાજ વિતરણ યોજનાના દાતાઓ


શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા


શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા


શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ


શ્રીમતી વિમળાબેન કાંતિલાલ શાહ


શ્રી ઝવેરચંદ ભુરાભાઈ ભીમાણી


શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ


શ્રીમતી હંસાબેન ઉમેદચંદ શાહ


શ્રી સાકરચંદ વેલજી વસા


શ્રીમતી ઉજમબેન સાકરચંદ વસા


શ્રી ફુલચંદ લીલાધર વોરા


શ્રી પ્રાણલાલ ફુલચંદ વોરા


શ્રી મનસુખલાલ માણેકચંદ વોરા


શ્રીમતી કાન્તાબેન મનસુખલાલ વોરા


શ્રી શાંતિલાલ કાલીદાસ શેઠ


શ્રીમતી જશવંતીબેન શાંતિલાલ શેઠ


શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ


શ્રીમતી દયાબેન ચંદુલાલ શાહ


શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી


શ્રીમતી કસુંબાબેન હરિલાલ ભીમાણી

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે આનાજ વિતરણ યોજનાના દાતાઓ


શ્રી મણીલાલ પાનાચંદ વસા


શ્રીમતી પ્રભાકુંવર મણીલાલ વસા


શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા


શ્રીમતી અચરતબેન નંદલાલ વોરા


શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા


શ્રીમતી નર્મદાબેન માણેકલાલ વસા


શ્રી ગીરધરલાલ લવચંદ વસા


શ્રીમતી ગજરાબેન ગીરધરલાલ વસા


શ્રી અમૃતલાલ રામજી શાહ


શ્રીમતી જેકુંવરબેન અમૃતલાલ શાહ


શ્રી જીવણલાલ વીરચંદ મહેતા


શ્રીમતી જયાબેન જીવણલાલ મહેતા


શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા


શ્રીમતી દિવાળીબેન નરોત્તમદાસ વોરા


શ્રી તારાચંદ ધનજી મહેતા


શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે અનાજ વિતરણ યોજનાના સહાયક દાતાઓ


શ્રી તારાચંદ ધનજી મહેતા


શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા


શ્રી નવિનચંદ્ર ઈશ્વરલાલ શેઠ


શ્રી ચંદ્રકાન્ત ન્યાલચંદ પારેખ


શ્રીમતી હંસાબેન ચંદ્રકાન્ત પારેખ


શ્રી સુરેશભાઈ ગીરધરલાલ ધોળકીયા


શ્રી ચન્દ્રકાન્ત વલ્લભદાસ સંઘવી


શ્રીમતી શારદાબેન ચંદ્રકાન્ત સંઘવી


શ્રી ચંદ્રકાન્ત નરોત્તમદાસ વોરા


શ્રીમતી મધુબેન ચંદ્રકાન્ત વોરા


શ્રી વ્રજલાલ જગજીવનદાસ વોરા


શ્રીમતી વિજયાબેન વ્રજલાલ વોરા


શ્રી વિનોદભાઈ શામજી શાહ


શ્રીમતી વિલાસબેન વિનોદભાઈ શાહ


શ્રીમતી જશવંતીબેન હસમુખ સંઘવી


શ્રી વિનોદ ભગવાનજી મહેતા


શ્રીમતી નયનાબેન વિનોદ મહેતા


શ્રીમતી ચંદ્રાબેન પ્રવિણચંદ્ર વસા


શ્રી નટવરલાલ મોહનલાલ શાહ


શ્રીમતી લલીતાબેન નટવરલાલ શાહ

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે અનાજ વિતરણ યોજનાના સહાયક દાતાઓ


શ્રી ચંપકભાઈ બાબુલાલ શાહ


શ્રી જસવંતભાઈ બાબુલાલ શાહ


શ્રી કમલેશભાઈ બાબુલાલ શાહ


શ્રીમતી કલ્પના ડી. મહેતા


શ્રી પ્રફૂલચંદ્ર અનુપચંદ ધોળકિયા


શ્રીમતી સુધાબેન પ્રતાપ વસા


શ્રી કીશોરકુમાર દેવકરણ શાહ


શ્રી પ્રાણલાલ કપુરચંદ દોશી


શ્રીમતી માધુરીબેન પ્રાણલાલ દોશી


શ્રીમતી ચંદનબેન અરવિંદકુમાર મહેતા


શ્રી કાકુલાલ છગનલાલ મહેતા


શ્રીમતી લવંગિકાબેન કાકુલાલ મહેતા


શ્રી પ્રવીણભાઈ જયચંદ્ર ગાંધી


શ્રીમતી મંજુલાબેન પ્રવીણભાઈ ગાંધી


શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી


શ્રી વિશાલભાઈ મણીલાલ શાહ


શ્રીમતી મધુબેન વિશાલભાઈ શાહ

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## આર્થિક સહાય યોજનાના દાતાઓ


શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ


શ્રીમતી હંસાબેન ઉમેદચંદ શાહ


શ્રી જયસુખલાલ રાયચંદ મહેતા


શ્રીમતી શારદાબેન જયસુખલાલ મહેતા


શ્રીમતી પ્રભાબેન વ્રજલાલ મહેતા


ડૉ. શાંતિલાલ રતિલાલ કોરડીયા


શ્રીમતી તારાબેન શાંતિલાલ કોરડીયા


શ્રી શશીકાંત ગિરધરલાલ વોરા


શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાંત વોરા


શ્રીમતી મંજુલાબેન મણીલાલ શેઠ


શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા


શ્રી હરકિશનભાઈ તારાચંદ મહેતા


શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા


શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંતભાઈ વસા


શ્રીમતી કમળાબેન મુલચંદ વસા


શ્રી મુગટલાલ ગોકળદાસ દોશી


શ્રીમતી કલાબેન મુગટલાલ દોશી


શ્રી કનકરાય સૌભાગચંદ સાવડીયા


શ્રીમતી કુસુમબેન કનકરાય સાવડીયા


શ્રીમતી ગુણીયલબેન મનસુખલાલ સંઘવી

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## આર્થિક સહાય યોજનાના દાતાઓ


શ્રી જીવણલાલ વિરચંદ મહેતા


શ્રીમતી જયાબેન જીવણલાલ મહેતા


શ્રી લલીતભાઈ જીવણલાલ મહેતા


શ્રી રશેષ વિનોદભાઈ મહેતા


શ્રીમતી જશીબેન અમરચંદ શેઠ


શ્રી દલીચંદ ધરમશી પારેખ


શ્રીમતી ઈન્દીરાબેન દલીચંદ પારેખ


શ્રી છગનલાલ અમરશી માંડવીયા


શ્રીમતી કપુરબેન અમૃતલાલ મહેતા


શ્રીમતી જેકુંવરબેન અમૃતલાલ શાહ


શ્રી રતીલાલ કુરજી મહેતા


શ્રીમતી શાંતાબેન રતીલાલ મહેતા


શ્રી વસંતલાલ રતીલાલ મહેતા


શ્રીમતી રસીલાબેન વસંતલાલ મહેતા


શ્રી સોભાગચંદ હિરાચંદ વોરા


શ્રી મનહરલાલ રતીલાલ મહેતા


શ્રીમતી કનકલતાબેન મનહરલાલ મહેતા


શ્રી મનસુખલાલ માણેકચંદ વોરા


શ્રીમતી કાંતાબેન મનસુખલાલ વોરા


શ્રીમતી સુરજબેન ગોકળદાસ સંઘવી

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## આર્થિક સહાય યોજનાના દાતાઓ


શ્રી રમણીકલાલ કાલીદાસ શેઠ


શ્રીમતી જયાબેન રમણીકલાલ શેઠ


શ્રી પ્રાણલાલ મોનજી મહેતા


શ્રીમતી પુષ્પાબેન પ્રાણલાલ મહેતા


શ્રીમતી ચંદનબેન અરવિંદકુમાર મહેતા


શ્રી નાગરદાસ ભગવાનજી શાહ


શ્રીમતી કાન્તાબેન નાગરદાસ શાહ


શ્રી અમીચંદ જીવનભાઈ વોરા


શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ વોરા


શ્રીમતી વ્રજકુંવરબેન ચુનીલાલ મહેતા


શ્રી રમણીકલાલ ચાલચંદ પારેખ


શ્રીમતી મંગળાબેન રમણીકલાલ પારેખ


શ્રી વૃજલાલ દેવચંદ મહેતા


શ્રીમતી નિર્મળાબેન વૃજલાલ મહેતા


શ્રી જમનાદાસ મોતીચંદ મહેતા


શ્રી હિંમતલાલ પ્રભુદાસ સંઘવી


શ્રી શશીકાંત હિંમતલાલ સંઘવી


શ્રીમતી સવિતાબેન શશિકાંત સંઘવી


શ્રી શાંતીલાલ અંદરજી કોરડીયા


શ્રીમતી ગુણીયલબેન શાંતીલાલ કોરડીયા

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## આર્થિક સહાય યોજનાના દાતાઓ


શ્રી કાંતિલાલ પ્રેમચંદ પારેખ


શ્રીમતી ગુણવંતીબેન કાંતિલાલ પારેખ


શ્રીમતી મુક્તાબેન અનુપચંદ ઘોળકિયા


શ્રી પ્રફૂલચંદ્ર અનુપચંદ ઘોળકિયા


શ્રીમતી રમાબેન પ્રફૂલચંદ્ર ઘોળકિયા


શ્રી સુરેન્દ્ર ઝવેરચંદ ભીમાણી


શ્રીમતી ભારતીબેન સુરેન્દ્રભાઈ ભીમાણી


શ્રી પ્રભુદાસ ફુલચંદ ભાયાણી


શ્રીમતી રંજનબેન પ્રભુદાસ ભાયાણી


શ્રીમતી હીરાબેન રતીલાલ પારેખ


શ્રીમતી રસીલાબેન ચંદુલાલ વોરા


શ્રી ચુનીલાલ ગોપાલજી વસા


શ્રીમતી નિર્મળાબેન ચુનીલાલ વસા


કુ. વર્ષાબેન ચુનીલાલ વસા


શ્રીમતી સવીતાબેન ગીરધરલાલ ઘોળકિયા


શ્રી જયંતિલાલ ફુલચંદ વોરા


શ્રીમતી વીણાબેન જયંતિલાલ વોરા


શ્રી માણેકચંદ પાનાચંદ મહેતા


શ્રીમતી જયકુંવરબેન માણેકચંદ મહેતા


શ્રી મહાસુખલાલ ભગવાનદાસ સંઘવી

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## આર્થિક સહાય યોજનાના દાતાઓ


શ્રી કાન્તિલાલ નંદલાલ વોરા


શ્રીમતી નિર્મળાબેન કાન્તિલાલ વોરા


શ્રી મહેશભાઈ કાન્તિલાલ વોરા


શ્રી રમણિકલાલ ઝવેરચંદ વસા


શ્રીમતી તારાબેન રમણિકલાલ વસા


શ્રી ઝવેરચંદ જુઠાભાઈ વસા


શ્રીમતી અચરતબેન ઝવેરચંદ વસા


શ્રી મનસુખલાલ અમૃતલાલ મહેતા


શ્રીમતી લલીતાબેન મનસુખલાલ મહેતા


શ્રીમતી હેમકુંવરબેન કપુરચંદ ભીમાણી


શ્રી ભોગીલાલ વનમાળીદાસ મહેતા


શ્રી ચીમનલાલ લવચંદ વસા


ડૉ. શોભનાબેન ભુપેન્દ્રભાઈ વોરા


શ્રી હસમુખલાલ પ્રેમચંદ પારેખ


શ્રીમતી ભાવનાબેન હસમુખલાલ પારેખ


શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ


શ્રીમતી પન્નાબેન નરેન્દ્રભાઈ શાહ


શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ


શ્રીમતી પુજાબેન પરેશભાઈ શાહ


શ્રી હસમુખભાઈ વિરચંદ મહેતા

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## આર્થિક સહાય યોજનાના દાતાઓ


શ્રીમતી માધુરીબેન પ્રાણલાલ દોશી


શ્રી મનસુખલાલ પ્રેમચંદ શેઠ


શ્રીમતી મધુબેન મનસુખલાલ શેઠ


શ્રી નીતમલાલ ભગવાનજી શાહ


શ્રીમતી વિજયાલક્ષ્મી નીતમલાલ શાહ


શ્રી ધીરજલાલ નરોત્તમદાસ વોરા


શ્રીમતી પુષ્પાબેન ધીરજલાલ વોરા


શ્રી આશીષ ધીરુભાઈ વોરા


શ્રીમતી પરીતા આશીષ વોરા


શ્રીમતી ગુલાબબેન છગનલાલ ભણસાલી


શ્રી ભાયચંદ કપુરચંદ દોશી


શ્રીમતી ધનલક્ષ્મીબેન ભાયચંદ દોશી

## ઘર ગૃહસ્થી પ્રકલ્પ યોજનાના દાતાઓ


શ્રી દેવચંદ કરમચંદ વસા


શ્રી ચુનીલાલ રાયચંદ મહેતા


શ્રી પ્રદીપકુમાર ધીરજલાલ મહેતા


શ્રી પ્રતાપરાય જેચંદ વસા


શ્રીમતી અંદરબેન હિંમતલાલ સંઘવી

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## ઘર ગૃહસ્થી પ્રકલ્પ યોજનાના દાતાઓ


શ્રી ગીરધરલાલ પરશોત્તમદાસ ધોળકીયા


શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ


શ્રી દલીચંદભાઈ ધરમશી પારેખ


શ્રીમતી મંજુલાબેન કાંતિલાલ પારેખ


શ્રીમતી કાંતાબેન નાગરદાસ શાહ


શ્રી કાંતીલાલ ભગવાનદાસ શાહ


શ્રીમતી વિમળાબેન કાંતીલાલ શાહ


શ્રી પ્રેમચંદ દેવચંદ પારેખ

## શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહત ફંડ યોજનાના દાતાઓ


શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા


શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા


શ્રી રમણીકલાલ તારાચંદ મહેતા


શ્રીમતી નીર્મલાબેન રમણીકલાલ મહેતા


શ્રી ચંદ્રકાંત તારાચંદ મહેતા


શ્રી હરકીશન તારાચંદ મહેતા


શ્રીમતી વનીતાબેન હરકીશન મહેતા


શ્રીમતી લતાબેન શરદચંદ્ર મહેતા


શ્રી ભરત રમણીકલાલ મહેતા


શ્રીમતી ચંદનબેન અરવિંદકુમાર મહેતા

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહત ફંડ યોજનાના દાતાઓ


શ્રીમતી સવિતાબેન ઉત્તમચંદ શાહ


શ્રી હસમુખભાઈ નાગરદાસ શાહ


શ્રી કિશોરભાઈ નાગરદાસ શાહ


શ્રી હર્ષદભાઈ નાગરદાસ શાહ


શ્રી હરેશભાઈ નાગરદાસ શાહ


શ્રી પ્રાણલાલ પ્રેમચંદ દોશી


શ્રીમતી કંચનબેન પ્રાણલાલ દોશી


શ્રી ભોગીલાલ વનમાળીદાસ મહેતા


શ્રી બાબુલાલભાઈ જગજીવન શાહ


શ્રીમતી લીલાવતીબેન બાબુલાલ શાહ


શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા


ડૉ. ભૂપેન્દ્રભાઈ નરોત્તમદાસ વોરા


ડૉ. શોભનાબેન ભૂપેન્દ્રભાઈ વોરા


શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા


શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા


શ્રીમતી સોનલબેન જીતેન્દ્ર વોરા


શ્રી શશીકાંત ગિરધરલાલ વોરા


શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાંત વોરા


શ્રી કેજલ શશીકાંત વોરા


શ્રીમતી સપના કેજલ વોરા

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહત ફંડ યોજનાના દાતાઓ


શ્રી સંજય અમીચંદ વોરા


શ્રી પરેશ અમીચંદ વોરા


શ્રી શ્રીકાંત સાકરચંદ વસા


શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંત વસા


શ્રી પ્રફૂલચંદ્ર અનુપચંદ ધોળકિયા


શ્રી પ્રવીણચંદ્ર રતીલાલ મહેતા


શ્રીમતી પુષ્પાબેન પ્રવીણચંદ્ર મહેતા


શ્રી ચુનીલાલ ગોપાલજી વસા


શ્રીમતી નિર્મળાબેન ચુનીલાલ વસા


શ્રી પ્રવિણભાઈ પોપટલાલ દોશી


શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ


શ્રી રમણીકલાલ મણીલાલ મહેતા


શ્રી પ્રમોદ ચુનીલાલ મહેતા


શ્રીમતી હર્ષદા પ્રમોદ મહેતા


શ્રી પ્રભુદાસ લીલાધર સંઘવી


શ્રી ઉમેદચંદ દુર્લભજી મહેતા


શ્રીમતી પુષ્પાબેન ઉમેદચંદ મહેતા


શ્રી રમણિકલાલ ઝવેરચંદ વસા


શ્રીમતી તારાબેન રમણિકલાલ વસા


શ્રી કાંતીભાઈ ખેતશી શેઠ

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા તબીબી રાહત ફંડ યોજનાના દાતાઓ


ડૉ. જયસુખભાઈ અમૃતલાલ મહેતા


શ્રીમતી ચંદનબેન જયસુખભાઈ મહેતા


શ્રી રસિકભાઈ લીલાધર સંઘવી


શ્રીમતી સરોજબેન રસિકલાલ સંઘવી


શ્રી વૃજલાલ દામોદર મહેતા


શ્રી પંકજભાઈ કાંતીલાલ વોરા


શ્રીમતી રેખાબેન પંકજભાઈ વોરા


શ્રી ધીરજલાલ હરીલાલ ભીમાણી


શ્રી ભુપેન્દ્રભાઈ ગિરધરલાલ વસા


શ્રી વિનોદરાય હિરાચંદ વસા


શ્રી હરસુખલાલ ખુશાલચંદ ધ્રુવ


શ્રીમતી સુશીલાબેન હરસુખલાલ ધ્રુવ


શ્રીમતી ગુલીયલબેન શાંતિલાલ કોરડીયા


શ્રીમતી જ્યોત્સનાબેન રાજેન્દ્ર પારેખ


શ્રીમતી લલીતાબેન નટવરલાલ શાહ


શ્રી હસમુખલાલ પ્રેમચંદ પારેખ


શ્રીમતી દમયંતીબેન જયંતિલાલ વોરા


શ્રી નવિનચંદ્ર ઇશ્વરલાલ શેઠ


શ્રીમતી ઉષાબેન નવીનચંદ્ર શેઠ


ચિ. વિયોના આશિષ મહેતા

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## નીચે મુજબ સંસ્થા તરફથી આપેલ રાહતની વિગત

| વર્ષ | આર્થીક સહાય | તબીબી સહાય | અનાજ સહાય | ગૃહ પ્રકલ્પ યોજના | મીઠાઈ વિતરણ | ટોટલ રૂપિયા |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨,૬૧,૦૦૦ | ૧,૫૭,૦૦૦ | ૪,૫૦,૮૬૮ | ૨૦,૮૦૩ | ૫૨,૬૯૯ | ૯,૪૨,૩૭૦ |
| ૨૦૧૪-૧૫ | ૩,૦૬,૦૦૦ | ૧,૪૬,૦૦૦ | ૪,૪૬,૨૧૭ | ૩૩,૯૫૦ | ૪૪,૫૪૭ | ૯,૭૬,૭૧૪ |
| ૨૦૧૫-૧૬ | ૨,૬૬,૦૦૦ | ૨,૧૧,૦૦૦ | ૪,૯૬,૭૫૪ | ૫૫,૯૫૦ | ૬૨,૮૬૮ | ૧૦,૯૨,૫૭૨ |
| ૨૦૧૬-૧૭ | ૩,૩૭,૬૦૦ | ૨,૦૫,૦૦૦ | ૫,૧૯,૬૭૬ | ૬૪,૯૫૫ | ૭૭,૪૨૦ | ૧૨,૦૪,૬૫૧ |
| ૨૦૧૭-૧૮ | ૨,૮૪,૨૦૦ | ૧,૪૦,૦૦૦ | ૪,૮૪,૯૦૧ | ૩૨,૫૫૦ | ૫૮,૨૧૭ | ૯,૯૯,૮૬૮ |
| ૨૦૧૮-૧૯ | ૪,૮૫,૪૦૦ | ૧,૮૩,૫૦૦ | ૪,૬૬,૦૦૦ | ૧૧,૮૫૦ | ૧૬,૮૬૬ | ૧૧,૬૩,૬૧૬ |
| ૨૦૧૯-૨૦ | ૪,૯૮,૩૨૧ | ૨,૨૦,૦૦૦ | ૪,૯૦,૨૦૦ | ૨૭,૯૦૦ | ૨૭,૭૯૨ | ૧૨,૬૪,૨૧૩ |
| ૨૦૨૦-૨૧ | ૫,૧૪,૪૦૦ | ૨,૪૮,૦૦૦ | ૫,૪૭,૮૬૨ | - | - | ૧૩,૧૦,૨૬૨ |
| ૨૦૨૧-૨૨ | ૫,૫૪,૦૦૦ | ૨,૩૦,૦૦૦ | ૫,૧૪,૬૩૭ | - | - | ૧૨,૯૮,૬૩૭ |
| ૨૦૨૨-૨૩ | ૪,૯૧,૮૦૦ | ૧,૭૦,૦૦૦ | ૪,૭૬,૯૨૪ | ૨૦,૯૭૨ | ૮૩,૦૬૬ | ૧૨,૪૨,૭૬૨ |
| ટોટલ | ૩૯,૮૦,૯૨૧ | ૧૯,૨૮,૫૦૦ | ૪૮,૯૪,૦૩૯ | ૨,૬૮,૯૩૦ | ૪,૨૩,૪૭૫ | ૧,૧૪,૯૫,૬૬૫ |

### શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

**પ્રમુખ**

**શ્રી શશીકાંત ગીરધરલાલ વોરા**
**(મો. ૯૩૨૪૮ ૦૨૮૯૩)**

**માનદ્ મંત્રી**

**અજયભાઈ કાંતિલાલ પારેખ (મો. ૯૮૨૧૫ ૪૫૪૨૦)**
**વિનોદભાઈ ભગવાનજી મહેતા (મો. ૯૮૩૩૫ ૦૦૫૦૮)**

Ajay S. Sheth
Cell.: 98200 81063

TRIMITI

# R. K. ELECTRICALS

Sole Selling Distributors :
TRIMITI Brand Flame Proof Electric Fittings

19, Tavawala Bldg., 1st Floor, 147, K. M. Sharma Marg,
Lohar Chawl, Mumbai - 400002.

Tel.: 2206 3982 • 3003 7245 • Tel Fax : 2208 7044
E-mail : rkeflp@gmail.com

*With Best Compliments From*

# M/s. PRABHAT INDUSTRIES
# &
# M/s. PRABHAT ELASTOMERS PVT. LTD.

**"PRABHAT BHAVAN"**

96, L.B.S. Marg, Vikhroli (West),

Mumbai – 400083.



**Phone :** 022 – 25785816 / 18

**Email :** export@prabhatind.com

localsales@prabhatind.com

*With Best Compliments From*

# New India Tools Corp.

## IMPORTERS

**Authorised Distributors of**

**Mitutoya Japan Measuring Instruments**

**Tohnichi Torque....ench**

**RSK Japan / Britool**

**ALL TYPES OF SCIENTIFIC INSTRUMENTS**

**Jayesh Parekh**

145, Narayan Dhuru Street, 2nd Floor, Mumbai – 400003.

Tel. 2342 7927 Resi.: 26492610 Fax: 2343 8140 Mo. : 9322221610

Email : jayesh@newindiatools.com


ગોલ્ડ, ડાયમંડ,
વિલંદી અને પ્લેટિનમ જવેલરીનું
મનમોહક કલેકશન
ગુરુવાર બંધ
JAVERAAT
બિલેશ્વર બિલ્ડીંગ, ગણેશ ગાવડે રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.
ટે.: ૨૫૯૦૩૩૯૨/૯૩/૨૫૬૮૨૩૯૪/૮૯૨૮૧૫૯૯૪૭ | સમયઃ સવારે ૧૧ થી ૮

ચરિત્ર કથા

## જીંદગી મેં બહોત શાંતિ મિલતી હૈ

- શ્રી ગિરીશભાઈ ગણાત્રા

એનું નામ વીરો. અઢાર - ઓગણીસ વર્ષનો જુવાન, ઊંચો, મજબૂત બાંધાનો ને પૂરો પહોંચેલો. જુવાનીનું જોમ અંગે અંગમાં તરવરે. ધંધો એનો દાણચોરીનો. પણ ચોખાની દાણચોરી. પોતાની ટોળકી દ્વારા દિલ્હી, દેહરાદૂન, આગ્રા વગેરે સ્થળેથી ચોખાના બાચકાં લઈ આવે. રેલ્વેના માણસોને સાધી રાખેલા. એટલે ટ્રેન દ્વારા જ માલ આવે.

મુંબઈના બારામાં ટ્રેન પ્રવેશે. પછી દહીંસરનું રેલવે ફાટક આવે. અચાનક સાકળ ખેંચાય ને ચોખાના બાચકાઓ ચાલુ ટ્રેન ગબડવા માંડે. વીરો પોતાના માણસો સાથે તૈયાર જ ઊભો હોય. આંખના પલકારામાં માલ ઊંચકાઈ જાયને વીરાના ખાનગી ગોડાઉનમાં પહોંચી જાય. દરરોજનો આ ક્રમ.

એક દહાડાની વાત છે. વહેલી સવારે દેહરાદૂન એક્સપ્રેસ બોરીવલીના પ્રાગંણમાં પ્રવેશવા ફાફાં મારતી હતી ત્યારે અગાઉથી કરેલી ગોઠવણ મુજબ દહીંસર ફાટક પાસે ટ્રેન અટકી પડી. જુદા જુદા ડબ્બામાંથી ચોખાના બાચકા ફેંકાવા માંડ્યા. વીરો હાજરાહજૂર ઊભો રહીને સૂચનાઓ આપતો હતો ત્યાં સાદા વેશમાં ડબ્બે ડબ્બેથી પોલીસ ફોર્સ નીચે ઊતરી પડ્યો. વીરાને પકડવામાં આવ્યો. રંગે હાથ પૂરા દોઢ કલાક સુધી પોલીસે વીરાની મરમ્મત કરી. આખા ડિલે ચાઠાં પડી ગયા. મોંમાથી લોહી નીકળવા માંડયું. ત્યાં સુધી મારવામાં આવ્યો. જેમ તેમ પતાવટ કરી એ ફાટેલા બુશશર્ટને સૂઝેલા મોંએ પોલીસ ચોકીમાંથી બહાર આવ્યો. ત્યારે એના હોશકોશ ઊડી ગયેલા હતા. અઠવાડિયા સુધી એ ખાટલે પડી રહ્યો. પૂરા સાત દિવસ સુધી એની પત્નીએ એને મનાવ્યો. વિનવ્યો અને આ ધંધો છોડી દેવા કાલાવાલ કર્યા. ઉત્તર પ્રદેશના ગામડામાં ઉછરેલા વીરાના મન પર આ કાકલૂદીની કોઈ અસર ન થઈ. એક વખત લોહી ચાખી ગયેલા વાઘ જેવી વીરાની મનોદશા હતી. નોટોના થોકડા સામે ઘડીભર પડેલો માર તે ભૂલી ગયો. અઠવાડિયા પછી પાછો એ મૂળ કામે જવા રવાના થતો હતો. ત્યારે પત્નીએ છેલ્લી વાર વિનંતિ કરી ને છેલ્લે એક છોકરાના સોગંદ આપ્યા ત્યારે વીરાએ કહ્યું, 'પણ ખાશું શું ?' ગમે તે સૂકા રોટલા ખાશું. હું કોઈનાં ઘરકામ બાંધીશ. પણ આ ખોટું કામ કરવાનું છોડી દો. જેમ તેમ કરીને વીરો માન્યો પણ હવે કરવું શું ? એ કોઈના દ્વારા એક બૅન્ક અધિકારીને મળ્યો. ખુલ્લા દિલથી બધી વાત કરી. 'હવે શું કરવું છે ?' એ અધિકારીએ પૂછ્યું, 'તમારી બેન્કમાં ચપરાશી, ક્લાર્કની નોકરીએ રખાવી દો સાહેબ.' 'ક્યાં સુધી ભણ્યા છો ?' 'ઈન્ટર આર્ટ્સ સુધી, ઈન્ટર પરીક્ષા આપી નથી.' 'નોકરીની તો હમણાં કંઈ સગવડતા ન થાય. પણ ધંધો કરી શકાશે.' 'હા જી' 'ક્યો કરશો ?'

'શાકભાજી, કેળાં, કેરી... એનો અનુભવ છે. આ ચોખાની દાણચોરીમાં પડ્યો તે પહેલાં હું બકાલું વેચતો.' 'અચ્છા, સારૂ, કાલે મને મળજો પણ ક્યાં શાકભાજી, ક્યાં ફ્રૂટસના ધંધામાં કેટલો નફો રહે છે, ક્યાંથી માલ લાવવાનો, શું ભાવે લાવો, શું ભાવે વેચો એ બધું વ્યવસ્થિત મને કાલે કહેજો.'

વીરો બીજા દિવસે બધી માહિતી લઈ બૅન્કમાં ગયો. એને જોઈતું ધીરાણ મળી ગયું. સીઝન પ્રમાણે શાકભાજી ફ્રૂટસ વ. જથ્થાબંધ ભાવથી મગાવે ને વેચે. કેરીની સીઝનમાં તો એને ઘેર જમવા આવવાની ફૂરસદ રહેતી નથી. એક દહાડે એ અધિકારી વીરાને મળી ગયા અને પૂછ્યું 'કેમ, ધંધો કેમ ચાલે છે ?' 'બરાબર સાહેબ, તમારી બૅન્કનો એકેય હપતો ભરવાનો ચૂક્યો નથી. ફોન કરીને પૂછી જોજો.' 'દાણચોરીમાં પડ્યો નથી ને ?' 'ના સાહેબ, એનું તો મેં હવે પાણી મૂક્યું છે, પણ સાહેબ એક વાત કરૂં ? જ્યારથી એ ધંધો છોડ્યો છે ને આ શાકભાજીના ધંધામાં પડ્યો છું ત્યારથી રાત્રે નીંદર સરસ આવે છે. ઈશ્વર કી કસમ. સાબ, અભી જિંદગી મેં બહોત શાન્તિ મિલતી હૈ...'

(સુવિચાર - ગોરસ વિશેષાંકમાંથી સાભાર)

### -: શુભ અમૃત વચનો :-

જેને હસતા આવડે, હસાવતા આવડે અને આવેલી આપત્તિને હસી કાઢતા આવડે તે જ મહાપુરૂષ બની શકે.

પૈસાની ઉદારતા બતાવવી હજી સહેલી છે પણ બીજાની પ્રશંસા કરવારૂપ શબ્દોની ઉદારતા બતાવવી ખૂબ અઘરી છે.

મોટો એ બને છે જે મોટા સાથે દોસ્તી કરે છે, મહાન એ બને છે જે નાના સાથે પણ દોસ્તી કરે છે.

મહાપુરૂષો પોતાને જે મળ્યું છે, તે બીજાને આપ્યા વગર રહી શકતા નથી. શું આપણે મહાપુરૂષ બની ન શકીએ ???

મન જો સીધું તો રોજ દીવાળી, મન જો વાંકું તો રોજ હોળી...

મનને નિર્મળ કરવા સુકૃત કરવાનું છે, મન નિર્મળ થશે તો આત્મા નિર્મળ થશે.

આપણી આરાધનાનું લક્ષ્ય મન નિર્મળ કરવાનું હોવુ જોઈએ.

## શ્રદ્ધાંજલિ



: જન્મ :
૧૫-૧૨-૧૯૪૬

: અરિહંત શરણ :
૨૪-૧૦-૨૦૧૫

# સ્વ. શ્રી પ્રમોદભાઈ ચુનીલાલ મહેતા

### મુળવતન : જુનાગઢ

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા સુગંધ જેવી ચૌ-તરફ મુકતા ગયા.''
સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં
''સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે, વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.''
અમારા સુખ-દુઃખની પ્રત્યેક પળોમાં પ્રેરણા અને આશીર્વાદ વરસતાં રહે
અને પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના...

**શ્રીમતી હર્ષદાબેન પ્રમોદભાઈ મહેતા**

**પુત્ર** : ધવલ ❍ **પુત્રવધુ** : ઋતુ ❍ **પુત્રી** : પીનાલી, ભાવીશા ❍ **જમાઈ** : મયુર, હાર્દિક
**દોહિત્ર-દોહિત્રી** : વિવાન, રિશાન, વિયાના
**ભાઈઓ** : સ્વ.જયસુખભાઈ, સ્વ.નવીનચંદ્રભાઈ ❍ **ભાભી** : સ્વ.પુષ્પાબેન, ગં.સ્વ.ઉર્મિલાબેન
**બહેન** : સ્વ.ભાનુબેન, અ.સૌ.સરલાબેન ❍ **બનેવી** : સ્વ.હિંમતભાઈ, ચંદુલાલભાઈ

**સ્વ.વ્રજકુંવરબેન મહેતા પરિવાર - સ્વ.રસિકલાલ ગોકળદાસ સંઘવી પરિવાર**

ધવલ પ્રમોદભાઈ મહેતા
બી-૭૦૨, રાજશ્રી રોયલ એપાર્ટમેન્ટ, કરાણી લેન, ઘાટકોપર (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૮૬. ફોન : ૨૫૦૨૦૫૦૪

Kayami - October

## જૈનમ જયતિ શાસનમ્

# તપસ્વીઓ અમર રહો !!!



અ.સૌ.હર્ષાબેન ગિરીશભાઈ મહેતાના ૫૧ ઉપવાસ ની ઉગ્ર તપસ્યા કરેલ છે.



અ.સૌ.હર્ષાબેન અશોકભાઈ વસાએ સિધ્ધિતપની આરાધના



અ.સૌ.દર્શનાબેન જયેશભાઈ વસાએ સિધ્ધિતપની આરાધના



ચી. કિંજલ મનીષભાઈ મહેતા ૧૬ ઉપવાસ ની તપસ્યા કરેલ છે.



શ્રી જીનાંગ જયરાજ મહેતા (ઉ.વ.૧૨) ૮ ઉપવાસની આરાધના કરેલ છે.



અ.સૌ.હીનાબેન હરેશભાઈ મહેતાએ ધર્મચક્ર તપ પૂર્ણ કરેલ છે.



શ્રી નીતિનભાઈ પ્રવિણચંદ્ર દોશી ધર્મચક્ર તપ પૂર્ણ કરેલ છે.



ચિ. મહેક વિજયભાઈ વોરા જિન દીક્ષા કલ્યાણક તપની આરાધના પૂર્ણ કરેલ છે.



શ્રીમતી મનીષાબેન નીતિનભાઈ દોશી ધર્મચક્ર તપ પૂર્ણ કરેલ છે.



શ્રી વિપીનભાઈ શામજીભાઈ શેઠ (ઉ.વ.૭૩) ઉપધાન તપ પરિપૂર્ણ કરેલ છે.



શ્રીમતી ગુણિયલબેન વિપીનભાઈ શેઠ (ઉ.વ.૭૨) ૨જુ ઉપધાન તપ પરિપૂર્ણ કરેલ છે.

શ્રી કૃતિબેન દિલીપભાઈ પારેખ ધર્મચક્ર તપ પૂર્ણ કરેલ છે.

શ્રી પિયુષભાઈ હરકિશન શાહ અઠ્ઠાઈ તપ પરિપૂર્ણ કરેલ છે.

હર્ષલભાઈ અતુલકુમાર શાહ અઠ્ઠાઈ તપ પરિપૂર્ણ કરેલ છે.

## શ્રદ્ધાંજલી



# સ્વ.શાંતાબેન મથુરાદાસ સાવડીયા

**અરિહંત શરણ : તા.૦૭-૧૦-૧૯૯૮**

મારા નાનકડા મોં થી કેવી રીતે કરી શકું તારા ગુણગાન,
માં તારા પ્રેમની આગળ તો ફિક્કો લાગે છે ભગવાન.
આખો સમુદ્ર નાનો લાગે છે
જ્યારે ‘‘મ’’ અક્ષર ને કાનો લાગે છે



## લી. શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા પરિવાર

Kayami - October

# જૈન માટે દીવાળી પર્વ આનંદ પ્રમોદનો તહેવાર નહિ, બલ્કે આત્મસાધનાનું અનુપમ પર્વ છે.

મહાવીર પ્રભુ નિર્વાણના પાવન દીવાળી પર્વે પ્રભુની જ્ઞાન જ્યોતિ અને શબ્દ જ્યોતિની એક ઝળહળ ઝલક!! તત્ત્વોનું શાસન ગ્રન્થની પ્રશસ્તિમાં પ્રભુને ત્રણ અદ્‌ભુત ઉપમા અપાઈ છે.

(૧) પ્રભુની દેહજ્યોતિની તેજધારામાં સમગ્ર જગત નિમગ્ર થઈ રહ્યું છે.

(૨) પ્રભુની જ્ઞાનજ્યોતિમાં ત્રણેય લોક પ્રકાશિત થઈ રહ્યા છે અને

(૩) પ્રભુની શબ્દજ્યોતિમાં દર્પણની જેમ પદાર્થો વસ્તુતત્ત્વો પ્રતિબિંબિત થઈ રહ્યા છે.

અનંત કરૂણાના સાગર અહિંસાના અવતાર વિશ્વમૈત્રીના અજોડ પુરસ્કર્તા અનેકાંતવાદ અને અપરિગ્રહવાદના ઉહાઈ ચરમતીર્થપતિ ભગવાન મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકનું પવિત્ર પર્વ એટલે દીવાળીનો મંગલ દિન આ દીવાળી પર્વ તા.૧૯ ગુરૂવારથી બરાબર ૨૫૪૨ વર્ષ પૂર્વે પાવાપુરીનગર (બિહાર)માં સોળ પ્રહરની ધર્મદેશના આપતા આપતા ભગવાન મહાવીરપ્રભુ નિર્વાણ પામી મોક્ષે પધાર્યા હતા. આથી પ્રત્યેક જૈન માટે દીવાળીપર્વ આનંદ પ્રમોદનો તહેવાર નહિ, બલ્કે આત્મસાધનાનું અનુપમ પર્વ છે. એક અંગત ધન્યતાનો ઉલ્લેખ કરીએ તો પ્રભુના નિર્વાણનું દીવાળીપર્વ અમારો જન્મદિવસ છે. આ દીવાળીપર્વે તા.૧૯મીએ અમે જીવનયાત્રાના પચાસ વર્ષ પૂર્ણ કરી એકાવનમાં વર્ષમાં પ્રવેશી રહ્યા છીએ.

પ્રભુ મહાવીરદેવનાં નિર્વાણના આ પાવન પર્વને પામી આપણે આજે પ્રભુના કલ્યાણકારી ધર્મોપદેશની આસપાસ ચિંતનની ચાંદની રેલાવીએ.

તત્ત્વાનું શાસન ગ્રન્થની પ્રશસ્તિમાં પ્રભુને ત્રણ અદ્‌ભુત ઉપમા અપાઈ છે. (૧) પ્રભુની દેહજ્યોતિની તેજધારામાં સમગ્ર જગત નિમગ્ન થઈ રહ્યું છે. (૨) પ્રભુની જ્ઞાનજ્યોતિમાં ત્રણેય લોક પ્રકાશિત થઈ રહ્યા છે. અને (૩) પ્રભુની શબ્દજ્યોતિમાં દર્પણની જેમ પદાર્થો વસ્તુતત્ત્વો પ્રતિબિંબિત થઈ રહ્યા છે. સારાંશ કે ગ્રન્થકર્તા પ્રભુના અનુપમ કાંતિમય દેહને સર્વજ્ઞાતામય જ્ઞાનને અને પૂર્વાપર અવિસંવાદી ધર્મદેશનાને જ્યોતિમર્ય ગણાવીને વિશ્વોપકારક દર્શાવી રહ્યા છે.

એ પૈકી પ્રભુની જ્ઞાનજ્યોતિ અને શબ્દજ્યોતિના તેજોવલયનો આછો ચમકાર આપણે નિહાળી શકીએ છીએ. મહાવીરપ્રભુ અને એમના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપ સંવાદમાં.

જૈન શાસ્ત્રોમાં ઠેર ઠેર મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીની તત્ત્વચર્ચા ભરપૂર પ્રશ્નોત્તરીઓ મળે છે. ગૌતમસ્વામી ભંતે સંબોધનથી પ્રશ્ન શરૂ કરે અને મહાવીર પ્રભુ ગોયમા શબ્દથી ઉત્તર શરૂ કરે.

એકમાત્ર ભગવતી સૂત્ર આગમમાં આવા હજારો - હજારો પ્રશ્નોત્તર સંવાદો નિહાળવા મળે છે. અલગ અલગ શાસ્ત્રોમાં મળતા આવા પ્રશ્નોત્તર સંવાદોમાંથી આજે આપણે અહીં ઝલકરૂપે ચાર ગતિમાં ઉત્પત્તિ સંબંધી પ્રશ્નોત્તર સંવાદો અને તેને લગતા દૃષ્ટાંતોનું અલપ-ઝલપ દિગ્દર્શન કરીએ.

ગણધર ગૌતમસ્વામી પ્રભુ મહાવીર દેવને જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો કે ભંતે ? કેવા કર્મો (પ્રવૃત્તિઓ) કરવાથી જીવ નર્કે જાય ? સર્વજ્ઞા ભગવંતે પ્રત્યુત્તરૂપે ફરમાવ્યું કે હે ગૌતમ! જે જીવોહિંસા કરે, જૂઠ બોલે, ચોરી કરે, પરસ્ત્રી (પરપુરૂષ) સેવન કરે - બહુવિધ પરિગ્રહોમાં આસક્ત થાય - પંચ અણુવ્રત વિરોધ, અતિક્રોધી અતિઅભિમાની - ધૃષ્ટ - માયાવી - રૌદ્ર - અતિલોભી - પાપી - પિશુન - શ્રમણનિંદક - અધર્મી - અસંબદ્ધવાદી - દુષ્ટાશય - કૃતઘ્ન હોય એ જીવો ઉપરોક્ત કર્મો (પ્રવૃત્તિ) વશ અતિ દુઃખ અને શોક પામી નરકે જાય.

પ્રભુના આ ઉત્તરમાં નર્ક જેવી ઘોર દુઃખમય દુર્ગતિમાં ધકેલવાનાં જે કારણો દર્શાવાયા છે એમાંનું માત્ર એક પ્રથમ ક્રમનું કારણ વિચારીએ તો, હિંસાની ઘોર પ્રવૃત્તિથી અને અતિ સંકિલષ્ટ હિંસક મન : પરિણામોથી અગણિત આત્માઓ નર્કગતિના મુસાફિર બન્યા હોવાની ઈતિહાસ સાક્ષી પૂરે છે.

રામાયણન ભીષણ સંગ્રામ છેડનાર અભિમાની રાજા

રાવણ મરીને ચોથી નર્કે ગયો. તો સામ્રાજ્ય લાલસા ખાતર સાતમો ખંડ જીતવા નીકળેલ યુદ્ધનો ઉન્માદી સમ્રાટ સુભૂમચક્રવર્તી કમોતે મરીને સાતમી નર્કે ગયો. વૈશાલીનગરીના ગણતંત્ર રાજ્ય સાથે અત્યંત ઘોર યુધ્ધ છેડનાર મહારાજા કુણિક મરીને છઠ્ઠી નર્કે ગયો. તો એ યુદ્ધમાં ભાગ લેનાર મોટા ભાગના સૈનિકો અલગ અલગ નર્કે ગયા.

આ તમામે ભયાનક હિંસાઓ કર્યા બાદ એનો પશ્ચાત્તાર - આલોચના - પ્રાયશ્ચિત કર્યુ ન હોવાથી તેઓ નર્કના મહેમાન બની ગયા હતા. ઘોર હિંસાનું એક વરવું ઉદાહરણ છે ભગવાન મહાવીર પ્રભુના જ સમકાલીન કાલસૌકરિક કસાઈનું. રાજગૃહીમાં વસતો આ કસાઈ હિંસાની ધીખતી દુકાન સમું કતલખાનું ચલાવતો હતો અને એમાં એકે અપવાદ વિના રોજનાં પાંચસો પાડાઓનો વધ-હત્યા કરતો હતો. એની આ કાતિલ હિંસાખોરીમાં જવાબદાર તત્ત્વ જરૂરિયાત નહિ, પરંતુ તીવ્ર હિંસક પરિણતિ હતી. સ્વયં સમ્રાટ શ્રેણિકે એને આ હિંસાખોરી છોડી દેવા સમજાવ્યો. પણ એ ઘરાર ન માન્યો.

આખરે બળપ્રયોગથી એક દિવસ આ હિંસા અટકાવવા સમ્રાટ શ્રેણિકે કાલસૌકરિક કસાઈને કૂવામાં ઊંધે માથે લટકાવ્યો ચોવીશ કલાકે મુક્તિ થયા બાદ એ ગર્વથી મિત્રોને કહેવા માંડ્યો : રોજ પાંચ સો પાડાની કતલ કરવાની મારી પ્રતિજ્ઞા મેં ગઈ કાલે પણ અખંડ રાખીને પાંચસો પાડાની માનસિક કતલ કરી. રાજા મને શું અટકાવતો હતો ? કહેવાની જરૂર નથી કે આવી તીવ્ર હિંસક પરિણતિ અને પ્રવૃત્તિ ધરાવતો કાલસૌકરિક મૃત્યુ પામીને ઘોર નર્કે ગયો.

આ હિંસા હો કે પ્રભુએ જણાવેલ જૂઠ વગેરે પાપાસ્થાન હો એનું તીવ્રભાવે આચરણ અને પછી પશ્ચાતાપ - પ્રાયશ્ચિત બદલે અત્યંત અનુમોદન હોય. પાપમય પરિણતિ હોય તો તે તે જીવોની નર્ક જેવી દુર્ગતિ અત્યંત સુસંભવિત જ સમજવી.

ગણધર ગૌતમસ્વામીએ અનંત જ્ઞાનની પ્રભુ મહાવીર દેવને બીજો પ્રશ્ન કર્યો ભંતે ? જીવ તિર્યંચગતિમાં ક્યા કારણે જાય ? પ્રભુએ એનાં પ્રત્યુત્તરમાં જણાવ્યું કે જે પોતાના સ્વાર્થ ખાતર મિત્રો સાથે પણ દંભ કપટ કરે - અંતરમાં આંટીઘૂંટી રાખે - શલ્પસહિત હોય મિત્રોનું પણ અહિત કરે એવો માયાવી નિર્દય જીવ તિર્યંચપણે પશુપંખી આદિરૂપે ઉત્પન્ન થાય.

પ્રભુએ જણાવેલ આ કારણો જ્યાં પ્રતિબિંબિત થતા હોય એવું પ્રસિદ્ધ ઉદાહરણ વિચારવું હોય તો યાદ આવે પ્રભુએ જ જેનો ઉદ્ધાર કર્યો હતો એ ભયાનક દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિક.

પૂર્વના ત્રીજા ભવે એ આત્મા મુનિ હતો. માર્ગે જતાં એમનાથી થયેલ દેડકીની વિરાધના અજાણતા હિંસાના મુદ્દે સહવર્તીમુનિ સાથે એમને ચર્ચા-વિવાદ થયો. સરળભાવે ભૂલ સ્વીકારવાના બદલે બબ્બે ત્રણવાર એમણે ભૂલ ન કબૂલવાનું દંભી - કપટી વલણ દાખવ્યું. ત્રીજીવાર સહવર્તી મુનિએ ભૂલ યાદ કરાવી ત્યારે એમને શિક્ષાનું મારવા દોડવાનું નિર્દયી વલણ અખત્યાર કર્યુ અને શલ્પસહિત અકાળ મૃત્યુ પામ્યા. આનો અંજામ એ આવ્યો કે એક ભવ બાદ એ ભયાનક દૃષ્ટિવિષ સર્પરૂપે પશુયોનિમાં ઉત્પન્ન થયા.

વચ્ચેના એક ભવમાં પણ એમનામાં માયાનો નિર્દયતાનો ગુણાકાર જ થયો હતો. એટલે એ પછીની ભવ ચંડકૌશિક સર્પનો આવ્યો. પ્રભુમહાવીર દેવ જો એને ન મળ્યા હોત તો એનો ઉદ્ધાર શક્ય ન બન્યો હોત.

જો જીવનમાં તીવ્ર દંભ - કપટ - ગૂઢ ચિત્તવૃત્તિ સ્વાર્થ નિર્દયતા વગેરે પ્રવૃત્તિમાં અને પરિણતિમાં જામી જવા દઈએ તો પરાધીનતા અજ્ઞાનતા વગેરે અનેક દુઃખોથી સભર તિર્યંચગતિ અત્યંત સુસંભવિત સમજવી.

ઘણીય વ્યક્તિઓને સ્વર્ગની ઝંખના હોય છે. કદાચ એટલે જ મૃત વ્યક્તિ માટે સ્વર્ગસ્થ શબ્દ પ્રયોગ થતો હશે ! આ સ્વર્ગ કઈ રીતે મળે ? એનો પણ પ્રશ્નોત્તર મળે છે. ગૌતમ ગણધરે પ્રભુ મહાવીર દેવને પૂછ્યુ : ભંતે ? જીવ સ્વર્ગલોકમાં કયા કારણોથી જાય ? ત્રિકાલ જ્ઞાની પ્રભુને ઉત્તર આપ્યો કે ગૌતમ ? જે જીવ તપ - સંયમ - દાનમાં રૂચિ ધરાવતો હોય. સરલ ચિત્તવૃત્તિનો સ્વામી હોય. દયાળુ - ગુરૂવચનમાં શ્રદ્ધાળુ અને આરાધક હોય એ જીવ સ્વર્ગલોકમાં ઉત્પન્ન થાય.

પ્રભુના આ પ્રત્યુત્તરમાં પ્રથમ કારણ દર્શાવાયું છે તપ અલબત્ત તપનું અંતિમ અને સર્વશ્રેષ્ઠ અભ્યાંતર ફળ તો સર્વ કર્મ નિર્જરા થવા સાથે મુક્તિની પ્રાપ્તિ છે.

પરંતુ એ જ્યાં હજુ શક્ય ન હોય ત્યાં તપના બાહ્ય ફળરૂપે ઉત્તમ દેવલોકની પ્રાપ્તિ થાય એમ દર્શાવવાનો અહીં આશય છે. એવા અનેક ઉદાહરણો છે કે જેમાં તપસ્વી પુણ્યાત્માઓ તપના પ્રભાવે ઉત્તમ દેવલોકમાં ઉત્પન્ન થયા

હોય. એ પૈકી આપણે ઉલ્લેખ કરીશું પ્રભુ મહાવીર દેવના જ હસ્તે દીક્ષિત એમના શિષ્ય મહામુનિ ધન્નાઅનગારનો.

કાકંદીનગરીના મહાશ્રીમંત ધન્યશ્રેષ્ઠીએ પ્રભુ મહાવીરદેવની ધર્મદેશનાથી ભાવિત થઈને ભરયૌવનમાં અદ્ભુત ભોગસામગ્રી ત્યાગી નખશિખ વૈરાગ્યપૂર્વક સંયમધર્મ સ્વીકાર્યો. પ્રથમ જ દિવસથી ઉછળતા ભાવે એ મહાવૈરાગી મુનિવરે સંકલ્પ કર્યો કે છઠ્ઠ (સળંગ બે ઉપવાસ)ના પારણે છઠ્ઠ કરવા અને પારણામાં તદ્દન રસ-કસહીન અત્યલ્પ આહારથી આયંબિલ કરવું.

અતિ સુકોમળ દેહ હોવાનાં કારણે જોતજોતામાં એમનો દેહ અત્યંત કૃશ થઈ ગયો. કિંતુ એ વર્ધમાન ભાવધારાએ અપૂર્વ આત્મમસ્તીથી તપમાં આગળ વધતા રહ્યા. જૈન ગ્રન્થોમાં એમના અત્યંત કૃશ થયેલ એકેક અંગોનું વૈરાગ્યપ્રેરક વર્ણન છે.

દેહનું રાગપ્રેરક વર્ણન તો અનેક પુસ્તકો ગ્રન્થોમાં મળે, પરંતુ ધન્નાઅનગાર જેવું વૈરાગ્યપ્રેરક દેહવર્ણન વિશ્વસાહિત્યમાં આટલું સચોટ પ્રાય અન્યત્ર નહિ મળે.

એકવાર સમ્રાટ શ્રેણિકે પ્રભુમહાવીર દેવને પ્રશ્ન કર્યો કે ''આપના ચૌદહજાર શિષ્યોમાં સૌથી ઉત્કૃષ્ટ સંયમી શ્રમણ કોણ?'' પ્રભુએ તુર્ત ઉત્તર આપ્યો કે ''કાકંદીના ધન્ની અનગાર સૌથી ઉત્કૃષ્ટ અનગાર છે.'' સ્વયં પ્રભુએ જેમની પ્રશંસા કરી એ આ મહામુનિવરે પ્રભુની અનુજ્ઞાપૂર્વક વિપુલગિરિ ઉપર અનશનવ્રત સ્વીકાર્યુ. સમાધિપૂર્વક કાલધર્મ પામી તેઓ વૈજ્ઞાનિક વિભાગના સર્વશ્રેષ્ઠ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. ત્યાંથી તેઓ એક ભવના અંતે કર્મમુક્ત સંસારમુક્ત થશે.

જો જીવનમાં તપ -સંગ્રહ દાન વગેરે ધર્મપ્રવૃત્તિઓ અને સરલતા - દયાળુતા. આરાધના આદિ શુભવૃત્તિઓ વિકસ્વર થાય તો બાહ્ય સુખની ચરમ સીમા જેવા સ્વર્ગલોકની દેવગતિની પ્રાપ્તિ સુસંભવિત સમજવી.

દેવલોક ભલે બાહ્ય સુખના ચરમ સીમા હોય. પરંતુ મુક્તિની મોક્ષની પ્રાપ્તિ માત્ર માનવજન્મમાં જ શક્ય છે. એથી જ વિવેકી ધર્મી વ્યક્તિને દેવજન્મની નહિ, માનવજન્મની ચાહના હોય.

આ માનવગતિ અંગે ગણધર ગૌતમસ્વામીએ પ્રભુ મહાવીરદેવને પ્રશ્ન કર્યો કે ભંતે? ક્યા કારણોથી જીવ મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય? પ્રભુએ મધુર સ્વરે પ્રત્યુત્તર આપ્યો હે ગૌતમ? જે આત્મા સરલ નિરાભિમાની ક્રોધાદિની મંદતા ધરાવતો હોય. સુપાત્રદાની મધ્યસ્થ ન્યાયી સાધુજનો પ્રત્યે ગુણાનુરાગી અલ્પ પરિગ્રહી સંતોષી દેવગુરૂ બહુમાની હોય તે આત્મા મૃત્યુ પામીને માનવગતિમાં ઉત્પન્ન થાય. પ્રભુએ દર્શાવેલ માનવગતિની પ્રાપ્તિનાં ઉપરોક્ત અનેક કારણોમાં એક મહત્વનું કારણ છે સુપાત્રદાન. એનાં અનુસંધાનમાં યાદ કરીએ પ્રભુ મહાવીર દેવના જ સમકાલીન અને દંતકથા સમાન મહાશ્રીમંત શ્રેષ્ઠી શાલિભદ્રનો પૂર્વજન્મ. એ ભવમાં તે અત્યંત દરિદ્ર કુલમાં સંગમ નામે ગોવાળ બાળક હતા. ગરીબી એવી ભીષણ હતી કે બાળકે જીવનમાં ક્યારેય સરસ ખાદ્યસામગ્રી આરોગી જ ન હતી.

એકદા તહેવાર પ્રસંગે એણે ખીર વાપરવાની જીદ કરતાં પડોશીઓએ આપેલ દૂધ સાકર ચોખા વગેરેથી એની માતાએ એને ખીર બનાવી આપી. હર્ષ ઘેલો સંગમ એ મનભાવતી ખીર આરોગવા જતો હતો ત્યાં જ એની ઝૂંપડીમાં સર્વપ્રથમવાર, માસોપવાસી તપસ્વી મુનિરાજ ભિક્ષાર્થે પધાર્યા.

આવું સુપાત્ર મળતા સંગમે ઉછળતા ઉલ્લાસથી તમામ ખીર મુનિને વહોરાવી દીધી. જીવનના આ પ્રથમ સુપાત્રદાનની એણે ખૂબ ખૂબ અનુમોદના કરી. આ સુપાત્રદાનના પ્રતાપે મૃત્યુ બાદ એ માનવભવ પામી સંસારનો શ્રેષ્ઠ શ્રીમંત શાલિભદ્ર બન્યો. સમય આવ્યો ત્યારે શ્રેષ્ઠી શાલિભદ્ર દૈવી ભોગસુખો ત્યાગીને મહાવીર પ્રભુના હસ્તેદીક્ષિત થયા અને ઉચ્ચ સંયમપાલન દ્વારા અંતે એમણે આત્મકલ્યાણ સાધ્યું. જો જીવનમાં કષાયમંદતા મધ્યસ્થતા - સુપાત્રદાન ગુણાનુરાગ વગેરે ગુણો પ્રવૃત્તિ અને વૃત્તિ ઉભર સ્તરે વિકસે તો સંસ્કારી માનવકુલમાં જન્મ જરૂર સુસંભવિત સમજવો.

છેલ્લે એક વાત જે પ્રભુનાં વચનોથી અગણિત આત્માઓની ભીતરમાં અજ્ઞાનનો અંધકાર ઓગળવા સાથે દિવ્યતાના દીવડા પ્રગટ્યા તે મહાવીર દેવને દીવાળીનાં આજના પુણ્ય પર્વે સિદ્ધસ્તવની આ અર્થપૂર્ણ ગાથા દ્વારા સ્તુતિઅંજલિ અર્પીએ કે જો દેવાણ વિ દેવો, જં દેવા પંજલિ નમંસંતિ તં દેવદેવમહિઅં, સિરસા વંદે મહાવીર,

ભાવાર્થ કે જેઓ દેવોનાય દેવ છે. દેવો અને ઈન્દ્રો પણ જેમને નમસ્કાર કરે છે તે દેવોથી ઈન્દ્રોથી પૂજિત પ્રભુ મહાવીરને હું અહોભાવ પૂર્વક મસ્તક ઝુકાવીને વંદન કરૂં છું.

## શ્રદ્ધાંજલિ



: જન્મ :
૨૮-૦૬-૧૯૨૬

: અરિહંત શરણ :
૧૯-૧૦-૨૦૧૮

# સ્વ. શ્રી પ્રતાપરાય માણેકચંદ મહેતા

મુળવતન : કોલકી (હાલ-બેંગલોર)

**તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા સુગંધ જેની ચૌતરફ મુકતા ગયા.**
**સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં. જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે, વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**
**અમારા સુખ દુ:ખની પ્રત્યેક પળોમાં તમારી પ્રેરણા અને આશીર્વાદ સતત વરસતાં રહે**
**અને પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના...**

## સ્વ. જશવંતીબેન પ્રતાપરાય મહેતા પરિવાર

**પુત્રો** : તનસુખભાઈ, વિરુભાઈ, બિપીનભાઈ, હિતેન્દ્રભાઈ
**પુત્રવધુ** : નિરૂપાબેન, કોકિલાબેન, મીનાબેન, સ્વ.જ્યોતિબેન
**પુત્રી** : ચંદ્રિકાબેન ❖ **જમાઈ** : દિલીપકુમાર ❖ **પૌત્રો** : સચિન, કલ્પેશ
**પૌત્રવધૂ** : રચનાબેન, દીનાબેન ❖ **પૌત્રી** : મીતા, નિકીતા, રોશની, રચના, સ્વ.રીદ્ધી, વિધી, ભક્તિ
**બહેન** : સ્વ.વિજયાબેન કાંતિલાલ મહેતા, લલિતાબેન શાંતિલાલ સંઘવી
**જમાઈ** : ભાવિન, હેમલ, જીનેશ, સમીક, જીગર, વિવેક ❖ **ભાઈ** : નગીનભાઈ માણેકચંદ મહેતા
**પ્રપૌત્ર** : દિવ ❖ **પ્રપૌત્રી** : મીશીકા, આરોહી

તેમજ

## શ્રી માણેકચંદ હેમચંદ મહેતા પરિવાર

Kayami - October

# સત્સંગ : મસ્ત બનીને જીવન જીવીએ

**ડૉ. કાંતિલાલ કામદાર**

જીવનમાં આપણને શું જોઈએ છે ? અમુક ઉંમરે જીવનનું મોટાભાગનું જરૂરી કાર્ય પુરૂ થઈ જાય છે. આ પછી જે વર્ષો મળે છે તે નફામાં. નફામાં નુકશાન કાંઈ ગણાય ? ગણીએ તો દુઃખી થઈએ. દરેક માણસને સુખ જોઈએ છે. પરંતુ હકીકતમાં વિચારથી જ માણસ સુખી કે દુઃખી થાય છે, આપણે શા માટે જીવીએ છીએ. સંપત્તિ માટે પ્રસિદ્ધિ માટે ? સંતાનો માટે ધન એકઠું કરવું છે ? બાળકોને હજુ સલાહ આપવાની બાકી છે ? માનચાંદ હજુ જોઈએ છે ? અત્યાર સુધી જે જીવન જીવ્યા એ ખરેખર જીવન હતું ? હવે જીવન જીવવા માટે જ જીવીએ. મસ્ત બનીને રહીએ. જે આપણી પાસે છે તેનો અહેસાસ અનુભવીએ, તેનો આનંદ માણીએ અને સંતોષ અનુભવીએ. ચિંતા, ભય, ઉદ્વેગ અને રાગદ્વેષ છોડી દઈએ અને આત્માને ઓળખીએ. જીવનનો આ મર્મ મુરબ્બી શ્રી માણેકલાલભાઈ વસાના મિત્ર ડો.કાન્તિલાલ કામદારે તેમની પર લખેલા પત્રમાં રજુ કર્યો છે. સત્સંગના ભાગરૂપે લખાયેલો આ પત્ર ખૂબજ વિદ્વતાભર્યો અને જીવન જીવવાની ચાવીરૂપ હોવાથી અત્રે જેમ છે તેમ. શબ્દશઃ રજુ કરીએ છીએ. જિજ્ઞાસુ વાંચકોને આ જરૂર ગમશે એવી આશા સાથે - તંત્રી

તા.૧૪-૫-૮૮

પ્રિય માણેકલાલભાઈ વસા સારૂં થયં આજે આપ મારી પાસે આવ્યા મને કંઈક વિચારવાનો મોકો મળ્યો. તમને કાંઈક લખું છું. તેથી હું તમારાથી વધુ ડાહ્યો છું, તેમ નથી. પણ તમે ઈચ્છા વ્યક્ત કરી કે સત્સંગ કરવાનું મન થાય છે. તેથી મને પ્રેરણા મળી થોડું તમને લખું છું. ભુલચુક હોય તો માફ કરશો. સારૂં હોય તો કાંઈક ગ્રહણ કરશો.

સત્સંગ કરવો છે ?

થોડો સમય કાઢવો પડશે.

૬૦ પછી

મને ૬૫ થયા, મારો ખ્યાલ છે કે તમને પણ લગભગ એટલા જ થયા. આપણું જીવનનું મોટા ભાગનું કામ પુરૂ થયું. એમ પણ ૬૦ પછી જે મળે તે બધું જ નફામાં, નફામાં નુકશાન કાંઈ ગણાય ? ગણીએ તો દુઃખી થઈએ. આપણે તો સુખી થવું છે ને ? સુખી થવાની ચાવીનો આપણે વિચાર કરીએ. વિચારથી જ માણસ સુખી કે દુઃખી થાય છે. તો ચાલો વિચારીએ. આપણને શું જોઈએ છે. આપણે હવે શા માટે જીવીએ છીએ. સંપત્તિ માટે ? પ્રસિદ્ધિ માટે ? બાળકોને માટે કમાવું છે ? બાળકોને સલાહ આપવી છે ? માન-ચાંદ હજી જોઈએ છે ? સંપત્તિ કે પ્રસિદ્ધિ સાથે આવવાનાં છે ? ના, બાળકોને આપણી મદદની જરૂર છે ? પૂછે એનો જવાબ આપીએ, પણ ઉપરવટ થઈને સલાહ કે મદદ ન આપીએ તો સુખી થવાય. પ્રયત્ન કર્યે સંપત્તિ કે પ્રસિદ્ધિ, છે તેના કરતા કદાચ ૧૦ ટકા વધુ મળે દસ ટકામાં શું ફરક પડવાનો ?

**સંતોષ :** મન એક ક્ષણે સુંદર સ્ત્રીની કલ્પના કરે તો બીજી ક્ષણે આપણને શૌચ જવાની ઈચ્છા કરાવે. મન ચંચળ છે. એકને ભીંડો બહુ ભાવે, બીજાને તેથી ચીતરી ચડે. મર્સીડીસવાળો માને મને કે એરોપ્લેન નથી. અને ફીયાટવાળો માને કે મને મર્સીડીસ નથી. ગામડાનો ખેડુત કે ભરવાડ પોતાની દીનચર્યા બાદ સુકો રોટલો અને છાશ પીને હાંશકારો કરે અને આનંદથી સુવે, એને કોઈ ચિંતા પણ ન હોય. દેહને કે શરીરને પણ અનેક સગવડ જોઈએ. કોઈને એરકન્ડીશનમાં બેચેની હોય. તો કોઈ ટ્રેઈનમાં પસીનાથી રેબઝેબ થાય, પણ ઘેર પહોંચે તો આનંદથી કુટુંબ સાથે જમે. કોઈ ડોક્ટરનું ઈન્જેક્શન શાન્તિથી લે તો કોઈ બુમ પાડીને લે. દેહકષ્ટની પણ દરેકની માત્રા છે. કોઈને પુત્રોની ચિંતા થાય તો ગરીબ મા બાપનો દિકરો, પૈસાની સગવડ વગર અમેરિકા જાય, તોય કેટલો આનંદમાં હોય કે આમ આત્મા, મન અને દેહની ક્રિયા સમજી શકાય.

**મુક્તિ** - આત્મા, એમ જોઈએ તો, પરમાત્માનો અંશ છે. તેનો ઉદ્ભવ અને અંતિમ ગતિ પરમાત્મા સાથે જોડાયેલી છે. માનવીને, એ આત્મા ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે તે ખબર પડતી નથી. પણ જાણકારો કહે છે કે ૮૪ લાખ ભવના ફેરા છે. તેઓ જ કહે છે કે સ્વર્ગ છે અને નર્ક છે. કોઈ જોવા ગયું નથી. સીગરેટ પીવાથી નુકશાન થાય એમ કોઈ મનમાં ઠસાવી દે અને સીગરેટ છોડે, તો તેમાંથી મુક્તિ. તેમ દારૂના વ્યસનમાંથી છુટકારો થાય તે પણ મુક્તિ. આમ આદતથી જ ચિંતાતુર માણસ, એક દિવસ નફકરો થાય તો તેની ચિંતામાંથી મુક્તિ. પોતાનું નસીબ માણસ ઘડે છે. તેની મુક્તિ અને બંધનનું કારણ પોતે જ છે. (ગીતા) જેને જેવું જોઈએ તેવું કરે. સમજણથી સારૂં થાય - કરે.

**ઈશ્વર ક્યાં છે ?** ભગવાન કે ઈશ્વર કોણ છે ? જેણે આ સૃષ્ટિનું સર્જન કર્યું તે ભગવાન ક્યાં છે ? આખી સૃષ્ટિમાં બધે જ છે. બીમાર કે ગરીબ માણસમાં છે (મધર થેરીસા) ઈશ્વર સૌમાં છે. રમાકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને (નરેન્દ્રને) કહ્યું કે ઈશ્વર તારામાં છે, મારામાં છે, સૌમાં છે, ઈશ્વરે નક્કી કર્યું હોય તેમાં ફેરફાર થઈ શકે ? હા, થઈ શકે. ગરીબ કુટુંબમાં જન્મીને પુરૂષાર્થ કરે તો મોટી નોકરી કે ધંધો કરી શકાય. પણ આ પુરૂષાર્થ કોણ કરાવે ? એ તમારી અંદરનો આત્મા. પુરૂષાર્થ ઘણા કરે છે પણ કોઈને

સફળતા મળે. કોઈને ન મળે - તેનું કારણ શું ? એ બધું ક્રમ પ્રમાણે નિયમિત રીતે થાય છે. પણ અંદરનો આત્મા જેટલો શક્તિશાળી એટલો પુરૂષાર્થ થઈ શકે. માટે એ ઈશ્વર જ આત્માના સ્વરૂપમાં કરાવે, કોની પાસે પુરૂષાર્થ કરાવે અને કોને પ્રમાદી રાખે ? એ તો આપણી અંદરના આત્મા અને પરમાત્માની લીલા છે. કોઈ કહી શકતું નથી. ખૂબ કાળજીથી કેળવણી આપવા છતાં કોઈનો પુત્ર મહાન થાય, તો કોઈ ઠગ કે ચોર થાય. આવી આ જગતનિયંતાની અને નિયતિની કરામત છે. માટે આપણે એની પ્રશંસા કરવી જોઈએ.

**ભક્તિ** - કોઈની પ્રશંસા એટલે, મનનો આપણો એવો ભાવ કે આપણામાં તેના જેવા ગુણ આવે તેવી ઈચ્છા. સીનેમાં એકટર સારૂં કામ કરે તો પ્રશંસા કરીએ. કોઈ હોસ્પિટલમાં દાન આપે તો પ્રશંસા કરીએ તો પછી ઈશ્વર આપણને જીવન આપે તેથી તેની પ્રસંશા કરવી જ જોઈએ. ઈશ્વરની પ્રશંસા એટલે તેના ગુણગાન કરવા. તેની પ્રાર્થના કરવી. કોઈને માનપત્ર આપીએ તો તે ખુશ થાય. ઈશ્વર પણ પ્રાર્થનાથી - ભક્તિથી ખુશ થાય. જો એમ થાય તો આપણને ફાયદો કરાવે. તેથી ઈશ્વરની ભક્તિ કરવી. જૈન મુનિ આનંદ ધનજી, નમો અરિહંતને, નમો અરિહંતને, બોલતા બોલતા તેમની ધુનમાં એક દિવસ બોલી ગયા, નમો મુજને. કહેવાય છે કે નવકાર મંત્ર બોલતા કાળે કરીને પોતે જ અરિહંત થઈ જાય છે. અરિહંત એટલે શત્રુને જીતનાર આપણી અંદરના શત્રુને જીતીએ તો હિંસા, અંદરના શત્રુ, કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મદ્, મત્સર (ઈર્ષા), ભય, અભિમાન વગેરે જેટલા એ અવગુણો ઓછા, એટલી મનની શાન્તિ વધારે.

**જીવનનો હિસાબ** - પુરૂષાર્થથી પણ જે મેળવ્યું તે ગઈ કાલે બીજાનું હતું. આજે તમારું છે. આવતી કાલે બીજાનું હશે. મેળવેલું જાય તો પણ શું ? તમે ક્યાં લઈને આવ્યા હતા ? ક્યાં લઈ જવાના છો ? જે અહીંથી મેળવ્યું તે.

**જીવનનો આનંદ** - જીવન જીવવા માટે જ જીવીએ છીએ ?

*Are we living or existing?*

બાકી છે એટલું જીવન મસ્ત થઈને કેમ ન જીવીએ ? જે છે તેમાં સંતોષ કેમ નથી ? સ્વામી રામતીર્થ કહેતા કે *Good friends, excellent books and meditation. If you have there three things, you are the monarch of the three world.*

આ લખું છું તે બધુંય વાંચતા ખરેખર ૨૫ મીનીટ કદાચ એક કે બે કલાક જશે. પણ જીવન જીવવાની ચાવી મળી જશે. સમય કાઢીએ તે પણ આપણા ભલા માટે જ કાઢવાનો છે ને ? બીજુ *enclosure* મોકલું છું તે પણ *Treasure chest in the fields of gold* જેવું છે. જીવનનો રાહ પણ બદલાવી દે. દુનિયાના મોટા માણસો શું કહી ગયા છે તે વિચારીએ, તો તેમાંથી વિચારદોહનનો સાર મળી જશે. *knowledge come but wisdom lingers.* પુસ્તકોમાંથી જ્ઞાન મળે, પણ ગુરૂથી એ જ્ઞાનની સમજ મળે, કોઈને ગુરૂ બનાવ્યા છે. કોઈએ બતાવ્યું છે કે હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ? મારી અંતિમ ગતી શું છે ?

**જીવન શા માટે ?** જીવન જીવવા માટે છે. આપણું અને બીજાનું ભલું ઈચ્છવા અને કરવા માટે છે. તેથી આત્મસંતોષ થશે, આત્મ-આત્મા એટલે શું ? હું કોણ ? હું એટલે શરીર ? ના. એને તો જીવ ગયા પછી આપણા જ માણસો બાળી દેશે હું એટલે મારૂં મન ? ના એ તો ચંચળ છે. દરેક ક્ષણે મનની ગતિ બદલાય છે. તો હું કોણ ? મારો આત્મા. આત્મા એટલે ? મારી અંદરની ચેતના, ચૈતન્ય એ ચૈતન્ય આવ્યું ક્યાંથી ? મારો જન્મ થયો ત્યારથી,

**ઈશ્વરની લીલા** - જીવનમાં બે વસ્તુ અનિશ્ચિત છે એક જન્મ અને બીજું મરણ કોઈ એ વિષે કહી શકતું નથી. માબાપની ચેષ્ટાથી બીજનું વાવેતર થાય. પણ તેમાં જીવ ક્યારે આવે એ કોને ખબર પડે. તે પછી બાળકની જાતી કોઈ નક્કી કરી શકતું નથી. ભલે પછી છ મહિને *ultrasound* ની પદ્ધતિથી ખબર પડે, પણ ત્યાં સુધીમાં નિર્ણયનો અમલ થઈ ગયો છે હોય છે. નાસ્તીકને પણ આ ગળે ઉતરી જાય કે એના નિર્ણય ઈશ્વરના હાથમાં છે. જેમ સમુદ્રમાં ભરતી-ઓટ, ઝાડને પાન આવે વસંત ઋતુમાં, પણ વરસાદ ગ્રીષ્મઋતુ પછી આવે. ગુલમહોરને મે ની પહેલીએ જ લાલ ફૂલ આવે, કેરીના બીજમાંથી કેરી અને લીંબોળીના બીજમાંથી લિંબળો જ થાય એક બીજામાંથી રૂપાંતર ન થઈ શકે. કેરીના બીજમાંથી રૂપાંતર ન થઈ શકે. એ જ તો ઈશ્વરની લીલા છે. કરામત છે. તેથી કોઈને પણ વિવાદ કર્યા વગર કબુલ કરવું પડે. કે ઈશ્વરની શક્તિથી જ આ બધી ક્રિયાઓ થાય છે. સૂર્ય ચંદ્રની અને પૃથ્વીની ગતિનો નિર્ણય અથવા આકાશમાં તારાઓનું અસ્તિત્વ ઈશ્વર થકી જ છે. ભલે પછી વૈજ્ઞાનિકો કહે કે સૂર્યગ્રહણનો સમય કે જ્વાલામુખીનું ફાટવું પહેલેથી જાણી શકાય. કોઈ એને અણજાણ શક્તિ કહે, કોઈ કુદરત કહે, કોઈ તેને અનાદિ કહે પણ આ અનાદિ આવ્યું ક્યાંથી ? હિન્દુ ઋષિઓ પાસે મનોવિજ્ઞાન (*intuitional inspiration*)ની પ્રેરણા હતી તો વૈજ્ઞાનિકો પાસે પ્રયોગસિદ્ધ (*experimentale achivements*) હશે. પણ આલ્બર્ટ આઈન્સટાઈન જેવાએ કહ્યું છે કે વિજ્ઞાન માનવજાતના કલ્યાણ

માટે છે. આપણે પ્રયોગો કરીએ. પણ પ્રેરણા તો અંતે ઈશ્વર જ આપે છે ને? આથી માનવું પડે કે ઈશ્વર છે તો ખરો, પણ દરેકનું જીવન ઘડતર પણ એ જ નક્કી કરે છે.

**ગુરૂચાવી** - બાળકોને સલાહ સૂચના, આપણી માન્યતાએ, તેમના ભલા માટે આપણે આપીએ પણ તેઓ એમનું ધાર્યું જ કરવાનાં, ઘોડાને પાણીના અવાડે લઈ જઈએ, કે પાણીની બાલદી આપીએ, પણ પરાણે પાણી તો ન જ પીવરાવી શકાય? તેથી જ બાળકોને પૂછે તેનો જવાબ આપવો. વણમાગી સલાહ તેમને માન્ય નથી. આમ કરશું તો મનની શાન્તિ વધશે, અને ઉદ્વેગ થશે જ નહિ. આ ગુરૂચાવી છે.

હવે આપણે આત્મા ઉપર આવીએ? આત્મા શું છે? ક્યાં છે? આત્મા દરેક જીવમાં છે, તેના દરેકે દરેક અણુમાં છે, ઢેઢગરોળીની પુંછડી કાપીએ તો તેની પુંછડીમાં પણ આત્મા છે તેથી સળવળે છે અને ઢેઢગરોળી - પુંછડી વગરની - કુદીને જાય, તે પણ આત્માથી. આપણી આંગળી પાકે તોય દુઃખે, આંતરડામાં શુળ આવે તો ય દુઃખે પણ આ દુખાવાની આપણને ખબર કેમ મળે? તે પણ આત્મા થકી જ. રાખ્યું તે બીજાનું (વીલ કરીએ તો એ)

**સેટ-અપસેટ** - ત્રીપુટી મહારાજ (જીતચંદ્રજી) કહે છે કે ગામડામાંથી મુંબઈ શહેરમાં અભ્યાસ કે નોકરી માટે લોકો આવે ડીગ્રીઓ મેળવે અને કાં તો મોટા વેપારી કે ઉદ્યોગપતિ થાય. ખૂબ ધન કમાય. પ્રતિષ્ઠા મળે, મિત્રો મળે. સમાજમાં પાંચમાં પુછાય. મોટું સુધડ ઘર વસાવે, ઓવન, ફ્રીજીડર, ટેલીફોન, ટેલીવીઝન, બધું જ સેટ થાય ત્યારે પોતે અપસેટ થઈ જાય. મનને ક્યાંયે ચેન પડે નહિ. પછી આધ્યાત્મમાં ઉતરે, દેવળમાં જાય, મોટી પુજાઓ કરે - કરાવે અને ત્યાં પણ મોવડી થાય અને પાછી એની એ મમતાની વળગણ, હું મોટો, મારાથી પાછળ કેમ બેસાય? માનહાની થાય. અરે ભાઈ! ભગવાનનાં દરબારમાં તું અને એક ગરીબ બધા જ સરખાં. આમ થાય ત્યાં તો સાઠે પહોંચી ગયા હોય, પછી મનમાં મુંજાય. જો ખરેખર ઈશ્વરભક્તિમાં પડે તો બધું જ ભૂલી જવાય.

ઈશ્વરને ભજવાનાં અનેક માર્ગો છે. તેમાં ભક્તિમાર્ગ સૌથી સહેલો છે. પણ આચાર્ય રજનીશ ''મહાવીર વાણીમાં કહે છે કે મંદિરોમાં જવાથી જ કાંઈ થવાનું નથી. મંદિર તો પ્રતીક છે. મૂર્તિ પથ્થરની છે. પણ તેમાં પ્રાણપ્રતિષ્ઠા થયેલી હોઈને તેને પુજીએ છીએ. તેની ભક્તિ માટે દ્રઢ સંકલ્પ જરૂરી છે. તે પછી નામરટણ તેમ કરતા ઈશ્વર પ્રત્યે પ્રીતિ થાય અને પછી પ્રતીક્ષા કરવી જોઈએ. શબરી અને અહલ્યા પ્રતિક્ષા, વર્ષો સુધી રહી અને રામે એઠા બોર ખાધા અને શીલા ઉપર રામના પગની રજ પડી તો બન્નેના ઉધ્ધાર થયો. આમ નારાયણ, નરભ્રાત દ્વીજકુળ તનુધારી, પામર પતિત ચોધાર્ય (ઉધ્ધાર્યા) અગણીત નરનારી.'' આપણો ઉધ્ધાર કેમ ન થાય? શ્રીમદ્ કહેતાં કે જે થવાનું હશે તે જ થશે. ઉધાપા નાખવા નહિં પુરૂષાર્થ કરતાં રહેવું. ભારમલજી કહે છે કે 'ક્રમબધ્ધ પર્યાય' પ્રમાણે જ આપણો જીવન વ્યવહાર ચાલ્યા કરે છે, ગીતા કહે છે માણસનું સ્વર્ગ અને નર્ક અહિં જ છે. દુઃખ પડે પણ ''ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે.'' આ બધું ગળે ઉતરે તો કાનજીસ્વામી કહે તેમ કરવું. અતિન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા તારામાં છે, તે તું જાણ, તે ત્યાં છે તું ત્યાં જા, તેનો અનુભવ કર, તને મનની શાંતિ થશે, આનંદ થશે. ચૈતન્ય સ્વરૂપ આત્માની ઓળખાણથી તારૂં ચિત્ત પ્રસન્ન થશે. અને મન, ચિત્ત અને આનંદની પ્રાપ્તિથી તું સચ્ચિદાનંદ થઈશ. કોઈકે ઉમેર્યુ કે મહાવી...ર થઈશ, તીર્થંકરને પંથે જઈશ. જો તારામાં સત્ય, દયા, નીતિ, શ્રધ્ધા, નિષ્ઠા હશે તો.

**કર્મફળ** - આપણને ક્યાં અન્યાય થયો કે તેને માટે વલોપાત કરવો પડે. રહેવા ઘર છે, બેસવા ગાદી કે ખુરશી છે. ખાવાનું મળે છે, કપડા મળે છે. ઘેરદિકરા છે. આબરૂ છે, સંપત્તિ છે! કોઈને વધુ મળ્યું, તો કોઈને ઓછુ. કર્મફળ પ્રમાણે ભોગવ્યું, વાનપ્રસ્થ અવસ્થા પછી એ સુખચેનની નવીનતા નથી. તેથી ધીમે ધીમે પરિગ્રહ ઓછો કરવો જોઈએ. બીજાની સંપત્તિ આપણા કરતાં વધુ હોય, તેથી ઈર્ષા ન થવી જોઈએ. બીજાનાં સુખે આપણે દુઃખી ન થવાય. આપણી નીચે નજર કરીએ તો દયા આવવી જોઈએ.

**પ્રાર્થના** - ઈશ્વરને પ્રાર્થના કેવી રીતે કરવી કે નાનાલાલ કવિ સમ્રાટે ગાયું હતું. અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા, ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા. બીજી કડી છે.

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો,
નમું આત્મા ઢાળી, નમન લળતી, દેહ નમજો,
નમુ કોટિ વારે, વળી પ્રભુ નમસ્કાર જ હજો.

ત્રીજી એક કડી છે.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઉચરૂં
કૃતિ ઈન્દ્રિયોની, મુજ મન વિષે ભાવજ સ્મરૂં
સ્વભાવે બુધ્ધિથી, શુભ અશુભ જે કાંઈક કરૂં
ક્ષમા દ્રષ્ટે જોજો, તુજ ચરણમાં નાથજી ધરૂં.

બસ આટલી જ પ્રાર્થના હંમેશ સવારે મન નિર્મળ થઈ જાય. જૈનોમાં નવકારમંત્ર સ્વર્ગનું દ્વાર છે. રામભક્ત કહે છે કે રામનામ સ્વર્ગની સીડી છે.



# અનુમોદના.... અનુમોદના.... અનુમોદના

**શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર દોશી હસ્તે શ્રી પરાગભાઈ પ્રવિણચંદ્ર દોશી**

**ડો. શાંતિલાલ રતિલાલ કોરડીયા પરિવાર મેડિક્લ સહાય યોજનામાં અનુદાન**

ઉપરોક્ત યોજનામાં સમાજના જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને તેમજ સંસ્થાને આર્થિક સેતુરૂપે સહાયક બનવા જુનાગઢ નિવાસી હાલ મુલુન્ડ - નાહૂર શ્રેષ્ઠીવર્ય શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર દોશી હસ્તે શ્રી પરાગભાઈ પ્રવિણચંદ્ર દોશી પરિવાર દ્વારા કાયમી મેડિકલ સહાય યોજના કોર્પસ ફંડમાં ૧ લાખ રૂપિયાની રકમનુ અનુદાન આપીને સમાજને મદદરૂપ થયા તે બદલ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ દાતશ્રી પરિવારની અંતરથી અનુમોદના કરે છે.

આ અનુદાન ના પ્રેરણા દાતા શ્રીમતી તારાબેન શાંતિલાલ રતિલાલ કોરડીયા પરિવારની સાથે નિકટતા તેમજ પવિત્ર રક્ષાબંધન ના અવસરે પૂજ્ય શ્રી શાંતિલાલભાઈ ની શાશ્વત સ્મૃતિમાં બહેન તરીકે ની ફરજ બજાવી એકબીજા પરિવાર સાથે ની ઘનિષ્ટ નિકટતાના દર્શન કરાવ્યા. પરમકૃપાળુ અરિહંત પરમાત્મા આ પરિવારને સમાજની અનેકવિધ સેવા કરવાને શક્તિમાન બનાવે, પેઢી દર પેઢી સમાજ સેવાની આ પરંપરા અવિરતપણે ચાલતી રહે તેવી પ્રભુને પ્રાર્થના..

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ તમામ કારોબારી સભ્યો



# ✦✦✦ વાંચ્યુ.... ગમ્યું..... છાપ્યું.... ✦✦✦

## સંસારનો સ્વભાવ - ક્ષણભંગુરતા

**વિ.સંયમબોધિસૂરીશ્વરજી**

એક વિશાળ સામ્રાજ્યનો સ્વામી રાજવી પોતાના અતિશય બિમાર થઈ ગયેલા એકના એક દીકરાની પથારી પાસે રાત્રે જાગતો બેઠો હતો. દિવસભરના પરિશ્રમ બાદ ક્ષણવાર ઝોકું આવ્યું તેમાં એક સ્વપ્ન આવ્યું. પોતે અતિવિશાળ સામ્રાજ્ય સાથે વિશાળ પરિવારનો સ્વામી છે. ૧૨-૧૨ દીકરા છે. એક સાથે બાર દીકરાઓના લગ્ન સેંકડો રાજકન્યાઓ સાથે લીધા છે. સેંકડો કન્યાઓ પરિવાર સાથે આવી છે, લગ્નના માંડવામાં જબ્બર ઝાકઝમાળ પૂર્વક પાણિગ્રહણ ક્રિયા ચાલી રહી છે. ચારેબાજુ વાજિંત્રોના શુભનાદ સંભળાઈ રહ્યા છે. તે જ વખતે વાસ્તવમાં તેની પત્ની પોક મૂકે છે - 'રે! દીકરો મરી ગયો રે...' રાજા જાગીને અવાચક બની જાય છે - તેથી ન રૂદન, ન પોકાર... પત્ની છાતી કૂટતી પૂછે છે - 'કેવા છો તમે ? એકનો એક દીકરો ચાલ્યો ગયો, તમારી આંખમાં આંસુનું બુંદ પણ નહીં...' ત્યારે રાજા પૂછે છે - કોને જોઉં ને કોને રોઉં ? - એક ને રોઉ કે બાર ને ? સાચું શું ? બાર પરણ્યા તે કે એક મર્યો તે ? જો બાર સાચા નહીં, તો આ એકને કેમ સાચો માનવો ? ઉંઘમાં જોયું તે સ્વપ્ન, તો જાગવા છતાં સતત ભ્રમણામય દેખાય તે સ્વપ્ન કેમ નહીં ? અને પુત્રની અંતિમક્રિયા કરી રાજા ત્યાગી બની ચાલી નીકળ્યો....

**બસ આવી જ વાત વૈરાગ્યશતકકાર બતાવે છે.**

**ही संसारसहावं, चरियं नेहाणुरागरत्ता वि।**
**जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दिसंती।।**

પ્રેમ, લાગણી, મમત્વ, આસક્તિ આદિના સંબંધથી જોડાયેલા પણ જીવો લાંબા સમય સાથે રહે તેવું બનતું નથી... ગુંદરથી કે અન્ય કેમિકલથી જોડાણની અમુક લાઈફ હોય છે પરંતુ સંસારસંબંધની કોઈ *Life Fix* નથી હોતી....અત્યંત, અનિશ્ચિત, ચંચળ, વિનાશી અને અનંત ઉપદ્રવોથી ભરેલા સંસારનો કોઈ ભરોસો નથી. બિમાર પિતા જીવતા હોય અને નિરોગી, ઘરનો આધાર, કમાતો ધમાતો દીકરો અચાનક મૃત્યુ પામી જાય તેવું બનતું જ હોય છે. કોરોનાકાળ પછી તો હાલતો-ચાલતો, રમતો, નૃત્ય કરતો વ્યક્તિ અચાનક બેભાન થઈ ઢળી પડે અને ક્ષણ-બેક્ષણમાં તો સંસારથી વિદાય લઈ લે છે.... અત્યંત ક્ષણભંગુર બનેલા જીવનનો સાર - આત્મકલ્યાણ વહેલી તકે સાધી લેવું તે....

## ઋષભ જિણંદ દયાલ

સમજી લો, મોત તરફ લઈ જનારા સાધનો દુનિયામાં ચારે બાજુ ફેલાયેલા છે. કાર અકસ્માત પણ એ તરફ લઈ જાય. પણ સદ્ગતિ તરફ કોણ લઈ જશે ? એ માટેના સાધન રાખ્યા છે ? કંપનીઓમાં આગ લાગે ત્યારે એની સામે ઉપાયભૂત પાણી, રેતી, અગ્નિશામક બાટલો વગેરે રાખવામાં આવે છે. ચામડી બળે તો એ માટે બન્ને બરનલ રાખવામાં આવે છે. પણ મોત અટકાવનારા કોઈ સાધન છે ? મોત વખતે અસમાધિ અટકાવે એવી કોઈ વ્યવસ્થા નથી મોતની માટે સીનિયોરીટી કે પ્રાયોરીટી જેવી કોઈ વ્યવસ્થા નથી. ઉંમર થયેલા વૃદ્ધો જ મરે એવી સીનિયોરીટીની કે પહેલા કેન્સર જેવા રોગવાળા જ મરે એવી પ્રાયોરિટી નથી. કેન્સર માટે આઈ.સી.યુ.માં રાખેલાની ખબર પૂછવા ગયેલાને એટેક આવવાથી મોત આવ્યું એમ પણ બને છે. પ્લેનક્રેશમાં પેરેશૂટ મળી જાય કે સ્ટીમર ડૂબે તો લાઈફ જેકેટ મળી જાય. પણ મોત આવે ત્યારે બચાવવાનું કોઈ સાધન મળતું નથી. અહીં ડીઝેસ્ટર મેનેજમેંટ પણ કામ આવતું નથી. માટે મરવાની ક્ષણ પૂર્વે સાધનામાં લાગી જવાનું છે.

મોતની યાદ જીવને જાગૃત કરે છે. જો સૂત્ર યાદ રાખો - *Today may be the last day of my life.* આજનો દિવસ મારી જિંદગીનો છેલ્લો દિવસ હોઈ શકે છે. તો તમે ટાઈમ બગાડવાના ખોટા ધંધા બંધ કરી ધર્મમાં લાગી શકો ને કલહ-કંકાસ છોડી શાંતિ-સ્વસ્થતા રાખી શકો. જરા કલ્પના તો કરો કે હવે તમારે માત્ર સાત દિવસ જીવવાનું બાકી છે. તો તમે એ દિવસોમાં શું કરો ? કેવી રીતે એ દિવસો વિતાવો ? જો કે યમરાજા તો ઘણી વાર સાત મીનીટની પણ નોટીસ આપતો નથી. અને તમે માનો ન માનો, પરલોક તો છે જ. કબૂતર આંખ બંધ કરીને માની લે કે બિલાડી નથી, એટલામાત્રથી એનો અભાવ નથી આવી જતો. એમ તમે બુદ્ધિજીવીના વાદે શ્રદ્ધાની આંખ બંધ કરી માની લો કે પરલોક નથી. એટલામાત્રથી એનો અભાવ નથી આવી જતો. પરલોક માટે એડવાન્સ બુકીંગ આયુષ્યના ત્રીજો ભાગ બાકી રહે ત્યારે કરવાનો ચાન્સ આવે છે. એ ચૂકો, તો બાકી રહેલા આયુષ્યનો ત્રીજા ભાગે ચાન્સ ! આ બધા ચાન્સ જવા દો, તો છેલ્લી ઘડીએ તમારા ભાવ જોઈ કર્મસત્તા તમને ટીકીટ પકડાવી દે ! ટીકીટ તો મળવાની જ છે તેથી તો દર ત્રીજી તીથી પર્વતીથી છે. બીજ પાંચમ વગેરે.

-આચાર્ય અજિતશેખરસૂરિ મ.સા. લિખિત ઋષભને જોઈ જોઈ હરખે જેહ પુસ્તકમાંથી

## ત્રીજી પુણ્યતિથિ : સ્મૃતિ વંદના



: જન્મ :
૧૧-૦૩-૧૯૪૮

: વિદાય :
૧૦-૧૦-૨૦૨૦

## સ્વ. સુધાબેન પ્રતાપભાઈ વસા

**જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ,**
**આંખમાં અમી, દરિયા જેવું દિલ,**
**મીઠી વાણી અને સ્નેહની સરવાણી,**
**અમારા ઘરની શાન, શોભા અને શોહરત**
**એટલે અમારા પ્રિય માતુશ્રી સુધાબેનની તૃતીય**
**પુણ્યતિથિએ તેમને ભાવભરી અંજલી સ્મૃતિ વંદન.....**

**-: આપના પ્રિયજનો :-**

બિજલ પરેશ વસા - કોમલ મીહિર વસા
જિજ્ઞા બિરેન શાહ - ધ્રીશ પરેશ વસા
ટીયા મીહિર વસા - દિવીના મીહિર વસા
આરવ બિરેન વસા - નિખીલ બિરેન વસા

**માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર**
**પ્રતાપભાઈ માણેકલાલ વસા**

Kayami - October

*With Best Compliments From*

# RAHI CORPORATION

## ELECTRICAL & GENERAL MERCHANTS

**:: SPECIALIST IN ::**

**SIEMENS SWITCH GEARS**

**SALES OFFICE**

52 / 54, Popatwadi, Saroj Bhuvan, 2nd Floor,
Kalbadevi Road, Mumbai – 400002.

**Prafulla R. Mehta – 9930498608**

**Ajit N. Mehta – 9821037883**

**Regd. Office**

A/14, Raj Rajeshwari Apt, Narayan Nagar, 3rd Floor,
L.B.S. Marg, Ghatkoper (W), Mumbai – 400086

*With*

*Best Compliments From*

# ASIAN ENTERPRISE

**ELECTRICAL & GENERAL MERCHANTS**

**SALES OFFICE**

**52/54, Popatwadi, Saroj Bhuvan, 2nd Floor,**

**Kalbadevi Road, Mumbai – 400 002.**







**Regd. Office**

**A/3, Raj Rajeshwari Apt, Narayan Nagar, 1st Floor,**

**L.B.S. Marg, Ghatkoper (W), Mumbai – 400 086.**

**Shri Ramesh Mehta : 98205 34843**

**Shri Hitendra Mehta : 98200 26245**

# નમ્ર નિવેદન

સમાજના ઉદાર દિલ દાનવીર વડીલો, ભાઈઓ તથા બહેનો, જીવનની જરૂરિયાતોને પૂરી કરવા માણસ દિવસ રાત ભાગદોડ કરે છે, કદાચ પૂરી પણ થતી હોય પણ કોના ભોગે ? સ્વાસ્થ્યના ભોગે. આજના કાળમાં સ્વાસ્થ્ય બગડવાના અનેક પરિબળો જવાબદાર છે. રોજબરોજના આર્થિક સંક્રમણો, પર્યાવરણ અને મોબાઈલ તથા ઓનલાઈન વ્યવહારને કારણે શારીરિક સ્થૂળતા, બગડતું સ્વાસ્થ્ય અને એને લીધે દવાદારૂ તથા હોસ્પિટલના ખર્ચને પહોંચી વળવા હેલ્થ વિમાની જરૂરિયાત રહે.

આજથી ૨૩ વર્ષ પહેલાં શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપર દ્વારા એક મેડીક્લેમ યોજના શરૂ કરવામાં આવી જે દ્વારા સમગ્ર મુંબઈમાં રહેતી શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજની કોઈપણ વ્યક્તિ આ યોજનાનો લાભ લઈ શકે.

આ યોજના શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ હેઠળ ચાલે છે. આ યોજનામાં પ્રીમિયમના ૫૦% વીમાધારકો આપે છે અને ૫૦% ટ્રસ્ટ આપે છે. આ યોજનાનું સંચાલન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એક સેવા સ્વરૂપે કરી રહ્યા છે. જે આપણા સમાજના જરૂરિયાતવાળા સાધર્મિક ભાઈઓ માટે આશીર્વાદ સમાન છે.

કોઈપણ યોજના આર્થિક સહાય વગર ન ચાલી શકે. બે લાખથી ભરાતું પ્રીમિયમ આજે તેતાલીસ લાખ સુધી પહોંચી ગયું છે. ભવિષ્યમાં પ્રીમીયમની રકમ દરવર્ષે વધતી જ રહેવાની છે. સમાજના દાતાઓએ આ યોજનાને સફળ બનાવવા માટે ઉદાર હાથે ફાળો આપ્યો છે.

આ યોજનાનો સહુથી મોટો લાભ એ છે કે પહેલાજ વરસથી વ્યક્તિની કોઈપણ બીમારી હોય તો તેનો ક્લેમ મેળવી શકે છે.

છેલ્લા ૨૩ વર્ષ દરમ્યાન ૧૫૫૦ ક્લેમ થયા છે જે અંતર્ગત ૩.૮૦ કરોડ જેટલી રકમ આપવામાં આવી છે. આટલા વર્ષોમાં એક પણ ક્લેમ નકારવામાં નથી આવ્યો. ૧૦૦% ક્લેમ પાસ થયા છે.

આ યોજનાથી જરૂરતમંદ પરિવારો ખુબજ રાહત અનુભવે છે. સમાજની દરેક વ્યક્તિને આ યોજનામાં યથાશક્તિ દાન આપવા નમ્ર વિનંતી.

આપની નાનાથી માંડીને મોટી રકમના અનુદાનથી આ સંસ્થા વધારેમાં વધારે વર્ષો સુધી ટકી રહેશે અને આપણા સાધર્મિક પરિવારોને ખૂબ મોટી રાહત મળી શકશે. આ યોજનામાં આપના અનુદાનની ખૂબજ જરૂરત છે. અને અમને આશા છે કે આપ સૌ સાથે મળીને અમારી ઝોળી આપની અમૂલ્ય લક્ષ્મીથી છલકાવી દેશો.

આ સંસ્થાને અનુદાન રૂપે અપાતી રકમમાં 80-G હેઠળ સમાવેશ છે. વધારે જાણકારી માટે નીચે જણાવેલ વ્યક્તિને કોન્ટાક્ટ કરી શકશો.

શ્રી ધીરેનભાઈ ડી. વસા - ૯૮૨૦૦૧૨૪૫૪

## LIST OF DONORS (20-21)

| | | |
|---|---|---|
| 1 | JAY VORA | 10000 |
| 2 | MAHESH KANTILAL SAVADIA | 100000 |
| 3 | NAROTAMDA JIVANLAL VORA CHARITABLE TRUST | 100000 |
| 4 | SANJAY N SHAH | 151000 |
| 5 | TARACHAND MEHTA CHARITY | 25000 |
| 6 | SAVITA & NIRMALA CHARITABLE TRUST | 51000 |
| 7 | PRAVIN C VORA | 41000 |
| 8 | ACHRATBEN ZAVERCHAND - JUTHABHAI CHARITABLE TRUST | 15000 |
| 9 | INDUBEN SRIKANT VASA | 51000 |
| 10 | VASA GLOBAL CO. | 54000 |
| 11 | ZAVERCHAND JUTHABHAI VASA-MEMORIAL TRUST | 31000 |
| 12 | DEVANG NARENDRA SHAH | 10000 |
| 13 | VIMLA KANTILAL SHAH CHARITABLE TRUST | 20000 |
| 14 | N.J.PHARMA | 11000 |
| 15 | BIPIN O PUNATAR | 31000 |
| 16 | ALPA HITEN SHETH | 51000 |
| 17 | CONTENDERINFRA TECH PVT LTD | 27000 |
| 18 | FLUROFLON INDUSTRY | 21000 |
| 19 | JAY VORA | 11000 |
| 20 | JITENDRA GIRDHARLAL VORA | 25000 |
| 21 | MUKESH M BHIMANI | 9000 |
| 22 | VRAJLAL DAMODAR MEHTA & MUKTABEN CHARITABLE TRUST | 10000 |
| 23 | MAHESH MATHURADAS SAVADIA | 51000 |
| 24 | MAHESH KANTILAL SAVADIA | 100000 |
| 25 | HARSUKHLAL B MEHTA CHARITY-FUND | 50000 |
| 26 | VIRENDRA M BHIMANI | 9000 |
| 27 | AMISH P BHIMANI | 9000 |
| 28 | PREMKUNVARBEN PRABHULAL-MEHTA CHARITABLE TRUST | 9000 |
| 29 | SIDDHI ENTERPRISES | 51000 |
| 30 | PRAVIN CHIMANLAL VORA | 11000 |
| 31 | MANJULABEN KANTILAL PAREKH-CHARITABLE TRUST | 21000 |
| 32 | JAMNADAS HIRACHAND VORA | 10000 |
| 33 | GAUTAM PLASTICS | 27000 |
| 34 | JAINEX CORPORATION | 11000 |
| 35 | HITEN KANTILAL MEHTA | 21000 |
| 36 | MAHESH KANTILAL SAVADIA | 51000 |
| 37 | SUSHILA JAYANT VASA | 21000 |
| 38 | ASSOCIATED ENGINEERS | 25000 |
| 39 | DR. NAVNIT L SHAH | 5000 |
| 40 | KEJAL SHASHIKANT VORA | 25000 |
| 41 | HASMUKHRAY OTTAMCHAND VORA | 21000 |
| 42 | HEMANJAY CHARITABLE TRUST | 25000 |
| 43 | MANOJ V VORA | 27000 |
| 44 | VAISHALI DEVANG SHAH | 20000 |
| 45 | KAKUBHAI C MEHTA | 10000 |

## LIST OF DONORS (21-22)

| | | |
|---|---|---|
| 1 | NAROTAMDA JIVANLAL VORA CHARITABLE TRUST | 100000 |
| 2 | PRANLAL K DOSHI | 10000 |
| 3 | VRAJLAL DAMODAR MEHTA & MUKTABEN CHARITABLE TRUST | 10000 |
| 4 | NARESH A SHAH | 10000 |
| 5 | PRAVIN CHIMANLAL VORA | 27000 |
| 6 | PRAVIN CHIMANLAL VORA | 18000 |
| 7 | SANJAY N SHAH | 150000 |
| 8 | MAHESH KANTILAL SAVADIA | 40000 |
| 9 | ACHARATBEN ZAVERCHAND-JUTHABHAI CHARITABLE TRUST | 20000 |
| 10 | HITEN JAYANT SHETH | 51000 |
| 11 | BHIKHALAL ALIAS SRIKANT VASA | 51000 |
| 12 | N.J.PHARMA | 11000 |
| 13 | PREMKUNVARBEN PRABHULAL-MEHTA CHARITABLE TRUST | 9000 |
| 14 | SURESHCHANDRA SHANTILAL - KORADIA | 500 |
| 15 | NAVINCHANDRA PRATAPRAI DOSHI | 500 |
| 16 | PANKAJ KANTILAL VORA | 50000 |
| 17 | MALTI BIPIN PUNATAR | 31000 |
| 18 | MANOJ V VORA | 36000 |
| 19 | PALLAVI ARTS | 21000 |
| 20 | HARSUKHLAL B MEHTA CHARITY-FUND | 25000 |
| 21 | JITENDRA GIRDHARLAL VORA | 25000 |
| 22 | FLUOROFLON INDUSTRY | 21000 |
| 23 | HITEN K MEHTA | 21000 |
| 24 | NISHITA M BHIMANI | 9000 |
| 25 | MANSUKHLAL H BHIMANI & SONS | 9000 |
| 26 | NANDLAL ZAVERCHAND VORA - MEMORIAL TRUST | 54000 |
| 27 | BHARTI ANIL PAREKH | 51000 |
| 28 | PRABHAT ELASTOMERS PVT LTD | 25000 |
| 29 | HEMANJAY CHARITABLE TRUST | 25000 |
| 30 | BINIT VINOD VASA | 21000 |
| 31 | SIDDHI ENTERPRISES | 27000 |
| 32 | MADHUBEN P DOSHI | 27000 |
| 33 | KEJAL SHASHIKANT VORA | 25000 |
| 34 | TARACHAND MEHTA CHARITABLE - TRUST | 15000 |
| 35 | JAY VORA | 10000 |

## LIST OF DONORS (22-23)

| | | |
|---|---|---|
| 1 | SHETH ZAVERCHAND JUTHABHAI VASA MEMORIAL TRUST | 11000 |
| 2 | PRAVIN C VORA | 10000 |
| 3 | VRAJLAL DAMODAR MEHTA & MUKTABEN CHARITABLE TRUST | 10000 |
| 4 | NAROTAMDA JIVANLAL VORA CHARITABLE TRUST | 100000 |
| 5 | SAGAR SURESHCHANDRA KORADIA | 1500 |
| 6 | SURESH LIGHTHOUSE LLP | 1500 |
| 7 | PANKAJ KANTILAL VORA | 31000 |
| 8 | BHAVI JATIN KORADIA | 5000 |
| 9 | JAWAHAR M SHETH | 15000 |
| 10 | JAYESH DHIRAJLAL MEHTA | 21000 |
| 11 | SANJAY N SHAH | 151000 |
| 12 | INDUMATI VASA | 50000 |
| 13 | PRAVIN C VORA | 45000 |
| 14 | SAMIR KISHOR SHAH | 15000 |
| 15 | HITEN JAYANT SHETH | 51000 |
| 16 | BHIMANI MUKESH MANSUKHLAL | 27000 |
| 17 | PRAMOD C MANIAR FOUNDATION | 20000 |
| 18 | SOHAM SHAILESH PAREKH | 21000 |
| 19 | N.J.PHARMA | 11000 |
| 20 | DEVCHAND K. VASA | 50000 |
| 21 | JAINEX LTD | 200000 |
| 22 | JITENDRA GIRDHARLAL VORA | 25000 |
| 23 | RAHUL BROTHERS | 15000 |
| 24 | CHETAN B MEHTA | 27000 |
| 25 | HITEN K MEHTA | 21000 |
| 26 | NANDLAL ZAVERCHAND VORA - MEMORIAL TRUST | 54000 |
| 27 | RAJ IMPEX | 21000 |
| 28 | SAMRAT PHARMACHEM LTD | 108000 |
| 29 | SIDDHI ENTERPRISES | 27000 |
| 30 | MANSUKHLAL H BHIMANI & SONS | 9000 |
| 31 | PREMKUNVARBEN PRABHULAL-MEHTA CHARITABLE TRUST | 9000 |
| 32 | FLUROFION INDUSTRY | 21000 |
| 33 | KUSUM CHHOTALAL DOSHI | 36000 |
| 34 | PRATHAM CHEMICALS | 10000 |
| 35 | MAHENDRA DHOLAKIA | 10000 |
| 36 | MAHESH MATHURADAS SAVADIA | 21000 |
| 37 | HEMANSHU MANOJ VORA | 27000 |
| 38 | MAHENDRA DHOLAKIA | 20000 |
| 39 | DHIRAJLAL MANJI MEHTA | 108000 |
| 40 | TARACHAND MEHTA CHARITY TRUST | 50000 |

**BIO-DATA**



## DR. AASHVI NITIN SONI

***About Me***

**Date of Birth** : 13th March, 1997

**Birth Place** : Borivali, Mumbai

**Height** : 5’ 03”

**Complexion** : Fair

**Hobbies** : Travelling, Music, Movies

**Religion** : Shrimali Soni

**Education** : Bachelor of Physiotherapy B.P.Th (Physi otherapist). Master of Physiotheraphy 1st year in D. V. Patil

**Profession** : Doctor (Consultant Physiotherapist) Professor (College Professor teaching physiotherapy students)

**Mobile** : 7977355787

**Email** : aashvisoni09@gmail.com

***Family***

**Father** : Nitin B. Soni (+91 8779010339)

**Profession** : Head of the department RMS in Kunvarji group (Kunvarji finstock P. Ltd.)

**Mother** : Priti N. Soni (+91 9987115549) (Homemaker)

**Brother** : Kevin N. Soni (+91 7304133081) (BSc. IT)

***Paternal***

**Grandfather** : Late Shri Bhailalbhai N. Soni (M.Com, L.L.B) (Was Professor in College)

**Grandmother** : Smt. Hansaben B. Soni

***Maternal***

**Nana** : Shri Zaverilal V. Koradia (+91 9221272810)

**Nani** : Late Smt. Jasumati Z. Koradia

**Mama** : Yogesh Z. Koradia - 9833944858
Nilesh Z. Koradia - 9821366680
Kamlesh Z. Koradia - 9820489490

**Address** : C/502, Blue Bell Tower, Royal Complex, Borivali (W), Mumbai - 92.

**BIO-DATA**



## TAREN JAYESH SHETH

**Date of Birth** : 06-05-1993 (10.10 a.m.)

**Palce of Birth** : Malad, Mumbai

**Height** : 5’ 4”

**Weight** : 78

**Education** : Bachelor of commerce from Mumbai University

**Occupation** : Manager at Standard Chartered Securities (Fort)

**Hobbies** : Explore New Place, Bike Ride, Foodie

***Family Details***

**Grand Father** : Late Shri Nathalal Odhavji Sheth

**Grandmother** : Late Shri Vimlaben Nathalal Sheth

**Father Name** : Jayesh Nathalal Sheth (9870088952)

**Occupation** : Working with Arbee Aqua at Vasai

**Mother** : Nita Jayesh Sheth (Home Maker)

**Contact No.** : 9324464564

**Native Place** : Chhatrasa (Vanthli) Junagadh

**Cast** : Shri Sorath Vishashri Mali Jain Samaj

**Paternal Uncle** : Vinod Nathalal Sheth (Mira Road)

**Contact No.** : 9619838210

**Mosal** : Himatlal Jagjivandas Gandhi (Nalasopara)

**Resi. Address** : C/511, Sarvoday Nagar CHS Ltd. Datta Mandir Road, Opp. New Classic Hotel, Malad (E), Mumbai - 400097.

**Email ID** : tarensheth09.ts@gmail.com

## શ્રદ્ધાસુમન

: જન્મ :
તા.૧૫-૭-૧૯૨૯



: અરિહંત શરણ :
તા.૨૩-૧૦-૨૦૧૬

# સ્વ.જમનાદાસ મોતીચંદ મહેતા

**મુળવતન : જૂનાગઢ, હાલ - વડાલા, મુંબઈ**

સ્મિતથી આવકારતા રહ્યા, સૌના હૃદયમાં વસતા રહ્યા
ધર્મ કદી ચૂક્યાં નહીં, વ્યવહાર કદી ભૂલ્યા નહીં,
તનથી ભલે દૂર થયા, મનથી કદી વિસર્યા નહીં,
નિ:સ્વાર્થભર્યુ પ્રેમાળ જીવન જીવનારા અમારા પ્રેરણાદાતા,
આપના કર્મનિષ્ઠ પુણ્ય આત્માને કોટિ કોટિ વંદન

**લિ.આપનો પરિવાર....**

**ધર્મપત્ની** : મધુવંતી જમનાદાસ મહેતા
**પુત્રી** : જાગૃતિ હેમેન્દ્ર શાહ, કામિની જયેશ વોરા, અમિતા દિવ્યેશ દોશી,
સુજાતા જમનાદાસ મહેતા, **દોહિત્રી** : રાજ વોરા
**દોહિત્રી** : હિરલ - તેજલ, કિંજલ - રાજવી, દિવામી - જહાન્વી
તેમ જ

**શ્રી મોતીચંદ કાળીદાસ મહેતા પરિવાર**

Kayami - October

# વેચાણ કિંમત – એક માણસની

## -લેખક : ગીરીશ ગણાત્રા

રવિવાર હતો એટલે આજે એ મોડો ઊઠયો. સતત છ દિવસની સખત મજૂરી બાદ એક-બે કલાક મોડા ઊઠવાનો વૈભવ આજે એ માણી રહ્યો હતો.

હવે પછીનું કામ થવાનું હતું, પણ ધીમે ધીમે. આજે હવે ઘડિયાળના કાંટા સામે નજર નહોતી કરવાની એટલે ઊઠીને એણે પહેલા વહેલા ચા બનાવી. ચાને તપેલીમાં રહેવા દઈ, એણે બ્રશ કર્યું, મોં ધોયું. બાજુમાં રહેતા ઘોષ મોશાયને ત્યાંથી છાપું લીધું ને પછી બારી પાસે ખપરશી તાણી એ નિરાંતે ચા પીવા બેઠો. ચાની ચૂસકીઓ મારતાં મારતાં એણે છાપાના પાનાં ઉથલાવ્યાં. આજે કોઈ સમાચાર એને ખાસ લાગતા ન હતા. રવિવારની દુનિયા એને આળસુ લાગી. જગતના કોઈ ખૂણે કોઈ ખાસ બનાવ બનતા હોય એમ એને લાગ્યું નહિં.

એણે હવે છાપાના પાનાં પર આડીઅવળી નજર ફેરવવા માંડી. અચાનક એક ટચૂકડી જાહેરાત એનું ધ્યાન ખેંચ્યું. બહુ જ ખૂણામાં આવેલી એખ નાનકડી જાહેરાતમાં લખ્યું હતું.

એક અંગ્રેજ સદ્‌ગૃહસ્થ સદાને માટે ભારત છોડી જતા હોવાથી ઘરવખરીને ચીજ સસ્તા ભાવે કાઢી નાખવા માગે છે. ટેબલ, ખુરશી, સોફાસેટ, કટરી, ફર્નિચર, ટી-સેટ વપરાયેલા કપડાં. કલાત્મક, સાહિત્ય પુસ્તકો વગેરે. મળો આજે સવારે આઠથી બાર સુધી... આ જાહેરાતને અંતે એ અંગ્રેજ ગૃહસ્થે પોતાના ઘરનું સરનામું આપ્યું હતું.

એ જાહેરાત એણે ફરી વાંચી. હવે એણે ઘડિયાળ સામે જોયું. નવ વાગી ગયા હતા. ચૌરંગી લેન પહોંચવા માટે અડધો કલાકનો સમય જોઈએ. એણે હવે ઝડપ કરવા માંડી. છાપામાનું સરનામું એક જુદી કાગળની કાપલી પર લખી લીધું ને છાપું ઘોષ મોશાયને ત્યાં પહોંચતું કરી આવ્યો.

ઝડપથી એણે કપડાં બદલાવ્યાં. પલંગ નીચે રાખેલી પતરાની પેટીનું તાળું ખોલી એણે એની બચત કાઢી. તમામ નાના-મોટા સિક્કા ને નોટો કાઢી એણે ગણી જોઈ કુલ સાડા બત્રીસ રૂપિયા હતા. એ તમામ બચતને ખિસ્સામાં યોગ્ય જગ્યાએ મૂકી મૂકી ઓરડીને તાળું માર્યું. ઝડપથી સીડી ઊતરી એ નીચે આવ્યો અને મુખ્ય રસ્તા પર આવી એણે ટ્રામ પકડી.

આજે રવિવાર હોવાથી રસ્તા પર બહુ ટ્રાફિક નહોતો. ટ્રામ ઝડપથી ચાલતી હતી. એણે ઘડિયાળ સામું જોયું, લગભગ વીસેક મિનિટમાં પહોંચી જવાય એવી ગણતરી એણે કરી લીધી.

પાર્ક સ્ટ્રીટ આગળ ઉતરી, એણે હવે સરનામાની કાપલી જોઈ લીધી. જોકે સરનામું લગભગ મોઢે જ હતું. છતાંયે ઘર નંબર બરાબર ચકાસી લેવો જરૂરી હતો.

જ્યારે એ પેલા અંગ્રેજ ગૃહસ્થના મોટા ઘર પાસે આવ્યો ત્યારે ત્યાં ખાસ્સી ગીર્દી હતી. કોઈ પોતાની કારમાં કાચનાં વાસણો ભરતું હતું તો કોઈ સોફાસેટ લઈ જવા માટે મજૂર શોધતું હતું.

એ ઝડપથી અંદર પ્રવેશ્યો.

બંગલાના મોટા દીવાનખંડમાં બધી વસ્તુઓ ગોઠવી હતી. દરેકની સામે ભાવ લખ્યા હતા. કોઈ ઘરાક વસ્તુ વિશ માહિતી માગે તો પેલા અંગ્રેજ ગૃહસ્થ હસીને એ પૂરી પાડતા હતા પણ દીવાનખંડમાં પ્રવેશતાં જ એને લાગ્યું કે મોટાભાગની વસ્તુઓ વેચાઈ ગઈ હતી. બધા પોતપોતાની ખરીદેલી વસ્તુઓ લઈ જવાની જોગવાઈ કરી રહ્યા હતા. માત્ર જૂજ-ગણી ગાંઠી નાની-મોટી વસ્તુઓ રહી હતી.

એણે પેલા અંગ્રેજને ઉતાવળેથી પૂછયું:

'સાહેબ, કોઈ પુસ્તકો બચ્યાં છે ખરાં ?'

અંગ્રેજ એની સામે જોયું. હસ્યા. હાથ મિલાવ્યો અને કહ્યું:

એ આ બાજુની રૂમમાં છે. રૂમ ખુલ્લો છે. તમે ત્યાં જઈ શકો છો... પેલા ગૃહસ્થ વધુ કંઈ બોલે તે પહેલાં ઝડપથી રૂમમાં ઘૂસી ગયો.

એ રૂમમાં માત્ર બે-ત્રણ વ્યક્તિઓ જ હતી. લગભગ અઢીસોથી ત્રણસો પુસ્તકો વર્ગીકરણ કરીને રાખ્યા હતા. એ પુસ્તકો ઉથલાવવાની કોઈ તસ્દી નહોતું લેતું. માત્ર પુસ્તકોનાં શીર્ષકો બધા વાંચી જતા હતા.

એણે તમામ પુસ્તકો જોયાં, ઉથલાવ્યાં. સાહિત્યને લગતા પુસ્તકોના શીર્ષકો જોઈને એ નાચી ઊઠયો. શૈલી, બાયરન, કીટ્સ, મોપાસાંથી માંડી શેક્સપિયરના નાટકો અહીં ખડકાય હતાં. સાહિત્યનો મોંઘામૂલો ખજાનો એની નજર સામે પડયો હતો. દરેક પુસ્તકના પહેલા પાને એની વેચાણ કિંમત એ અંગ્રેજે લખી હતી.

એણે એક પછી એક પુસ્તક બાજુ પર મૂકવા માંડયાં, પણ ગજવામાં હતા માત્ર સાડા બત્રીસ રૂપિયા. એટલે એ રકમ નજરમાં રાખી એ પુસ્તકોની પસંદગી કરવા લાગ્યો. કયું પુસ્તક લેવું ને કયું છોડી દેવું એની જ ગડમથલમાં એણે ખાસ્સો સમય લીધો. આખરે એણે થોડા પુસ્તકો પસંદ કર્યા. એ તમામ પુસ્તકોની રકમ ૩૬ રૂપિયા થતી હતી. એણે પાકીટમાં રહેલા સિક્કા ગણી જોયા. રૂમાલમાં બાંધેલા

સાડા બત્રીસ રૂપિયાની બચતમાં પાકીટના તમામ સિક્કાઓ ભેળવી દે તો પણ સાડા પાંત્રીસ રૂપિયા થાય! ઘર સુધીનું ટ્રામ ભાડું પણ ન બચે. પણ એ તો ઠીક, ચાલતા ચાલતા પહોંચી જવાય. આજે ક્યાં ઉતાવળ હતી? રવિવાર હતો ને! પણ તોયે આઠ આના ખૂટતા હતા એકાદ પુસ્તક ઓછું કર્યું હોય તો? પણ પુસ્તક ઓછુ ખરીદવાનો એનો જીવ ચાલતો ન હતો. એણે પસંદ કરેલા તમામ પુસ્તકો પરની કિંમતનો ફરી સરવાળો કર્યો ને ફરી ખિસ્સામાંની તમામ મૂડી ગણી જોઈ...

તમારી કંઈ મુશ્કેલી છે? પેલા અંગ્રેજ સદ્‌ગૃહસ્થ ક્યારનાં એની પ્રવૃત્તિને નિરખી રહ્યા હતા તે એની પાસે આવીને બોલ્યા.

મુશ્કેલી ખાસ કંઈ નથી. એણે સહેજ હસીને કહ્યું. આઠ આના ઓછા પડે છે...

એક પુસ્તક ઓછું કરી શકાય. અંગ્રેજે હસીને કહ્યું.

એ થઈ શકે પણ જીવ નથી ચાલતો.

પેલા અંગ્રેજે પસંદ કરેલા પુસ્તકોના શીર્ષકો જોયા ને પછી હસીને પૂછયું:

શું નામ?

અનિલ, અનિલ ચક્રવર્તી.

ભણું છું એમ.એ. માં અંગ્રેજી સાહિત્યનો વિષય રાખ્યો છે.

અચ્છા? બીજી કંઈ પ્રવૃત્તિ ખરી?

કોલેજ પછીનાં સમયે એત છાપખાનામાં જાઉં છું. કંપોઝ, પ્રિન્ટીંગ, કટીંગ, બાઈન્ડીંગ બધું કરી આપું છું.

શું મળે છે એમાંથી?

રોજનો રૂપિયો-દોઢ રૂપિયો મળી રહે. ક્યારેક રાતપાળી કરૂં તો થોડું વધારે મળે.

વાંચવાનો સમય મળે ખરો?

મેળવી લઉં છું.

બીએમાં કયો કલાસ આવેલો?

ફર્સ્ટ ક્લાસ. માત્ર બે માર્કસ માટે ફેલોશિપ નહિ મળી.

હં, પેલા સદ્‌ગૃહસ્થે હોંકારો ભણ્યો. પછી કહ્યું:

ચા લેશો?

.....

એમાં શરમાશો નહિં. સવારના સાડા સાત વાગ્યાથી બારણે ભીડ જામવા માંડી એટલે વહેલું શરૂ કરી દીધું. લેટ્સ હેવ એ કપ ઓફ ટી...

બંનેએ સાથે ચા પીધી

ચા પીતા પીતા પેલા સદ્‌ગૃહસ્થે આ વિદ્યાર્થીની બધી પ્રવૃત્તિઓ જાણી લીધી. પછી બોલ્યા:

હું તમને વિદ્યાર્થી છો એટલે થોડું કન્સેશન આપી શકું... પણ એક શરતે.

બોલો સાહેબ, તમારી તમામ શરતો મને મંજૂર છે.

પુસ્તકો વાંચવા માટે. એ જેમ વધુ ને વધુ વંચાય એ માટે પ્રયત્નો થવા જોઈએ. તમે જોયુ હશે કે મેં દરેક પુસ્તકની બહુ ઓછી કિંમત રાખી છે. એમ કહો ને કે, ખરીદવા કરતાંયે ઓછામાં ઓછી એટલે અમુક સમય પછી જ્યારે તમારે આ પુસ્તકોની જરૂર ન પડે ત્યારે તમે વેચો તો એની ઓછામાં ઓછી કિંમત રાખી શકશો?

સાહેબ, જ્યારે જરૂર નહીં પડે ત્યારે એને હું કોઈને ભેટ તરીકે આપી દઈશ. પણ આવા મહામૂલા સાહિત્યનું અપમાન નહિં કરૂં...

ગુડ, હું તમારી પાસે એવી જ આશા રાખું છું. એક કામ કરશો? મને તમારું સરનામું આપો. સાંજે તમારે ઘેર આવીને હું પુસ્તકો આપી જઈશ.

આ સાંજે પેલા અઢીસોથી ત્રણસો પુસ્તકો પેલા અંગ્રેજ ગૃહસ્થ એની રૂમે મૂકી ગયા અને એ પમ એક પૈસો લીધા વિના, ત્યારે એ માની શકતો નહોતો કે આવું કંઈ બની શકે ખરૂં!!

વીસેક વર્ષ પછી અનિલ ચક્રવર્તી જ્યારે પોતાના નવા મકાનમાં સામાન ફેરવતા હતા ત્યારે દીપાએ ટહૂકો કર્યો:

હવે આ તમામ જરીપુરાણાં પુસ્તકોનો કંઈ ખપ ન હોય તો એને પસ્તીમાં નાખી દઉં? આપણા નવા મકાનમાં આ બધા માટે જગ્યા પણ ક્યાં છે? બપોરે મેં પસ્તીવાળાને બોલાવ્યા છે...

અનિલ ચક્રવર્તી ધીરે પગલે પત્ની પાસે ગયા. એની પાસે ઊભા રહ્યાં. એના બંને હાથમાં લઈ, આખમાં આંખ પરોવી કહ્યું:

દીપા, એક વચન આપશે?

શું?

ક્યારેક હું ઘરડો થઈ જાઉં, હાથ-પગ ન ચાલે, શરીરના અવયવો કામ ન કરો ત્યારે ત્યારે તું મને આવી રીતે પસ્તીવાળાને ત્યાં...

અરે, અરે, આ શું બોલો છો?

બસ, તો એમ જાણજે કે આ પુસ્તકો મારા શરીરના અવિભાજ્ય અંગ છે. હવે તારે પસ્તીવાળાને બોલાવવો હોય તો બોલાવજો..

અનિલ ચક્રવર્તી મોં ફેરવીને ઝડપથી બીજા રૂમમાં ચાલી ગયા.

# તમે જ તમારા જ હરીફ બનો... જીવન સંગીત

-વિનેશ અંતાણી

(''શ્રેષ્ઠતમ બનવાના વળગણમાં ઘણીવાર આપણે શ્રેષ્ઠ શું છે તે ભૂલી જઈએ છીએ અને જીવનનો સાચો આનંદ ગુમાવી બેસીએ છીએ...'')

સફળતાની કોઈ સીમા નથી, પરંતુ સફળતા જ્યારે જિંદગીનું એકમાત્ર વળગણ બની જાય ત્યારે જીવનનો સાચો આનંદ ગુમાવી બેસવાની શક્યતા ઊભી થાય છે. કોઈ પણ વ્યક્તિ નંબર વન થવા માગે તે બહુ સારી મહત્વાકાંક્ષા છે, પરંતુ તેનાથી એક ડગલું પણ પાછ રહી જવાથી જાણે કશું મળ્યું જ ન હોય, બધું ગુમાવી દીધું હોય તેવી હતાશા જન્મે તો તે જોખમી છે.

એક યુવાન શાળામાં-કોલેજમાં-યુનિવર્સિટિમાં અને પછી વ્યવસાયમાં શ્રેષ્ઠતમ કરવા માટે પ્રયત્ન કરતો રહ્યો. એ એક સત્ય ભૂલી ગયો કે પ્રથમ રહેવાની હોડમાં એના જેવા બીજા કેટલાય લોકો હતા. તેઓ પણ ટોચ પર રહેવા રાત-દિવસ મહેનત કરતા હતા. તે યુવાન કમનસીબે હંમેશા થોડાક અંતર સાથે પ્રથમ સ્થાનથી પાછળ જ રહ્યો. એણે સિદ્ધ કર્યું તે ઉત્તમ હતું, છતાં એ તેનો આનંદ માણી શકતો ન હતો.

એનામાં નિરાશા-ઈર્ષ્યા અને બીજાને કોઈ પણ ભોગે પછાડી દેવાની વૃત્તિ વકરતી ગઈ. એના જીવનમાં ભારોભાર અસંતોષની લાગણી ભરાતી રહી, એના સહકાર્યકર્તા, મિત્રો અને એના પરિવારજનો સુદ્ધાં એનાથી દૂર રહેવા લાગ્યા. એની પત્ની જીંદગીને સહજ ભાવે અને જે મળે તેનો આનંદ માણવાનો અભિગમ ધરાવતી હતી. યુવાને પોતે ન કરી શક્યો તે એના સંતાનો કરો તેવી ઘેલછામાં પણ સપડાયો. એના બાળકો તે પ્રકારનો તનાવ સહન કરી શકતાં નહોતા. પિતાથી નારાજ રહેવા લાગ્યા. પરિણામે એના પારિવારિક જીવનમાં ભંગાણ પડયું. પત્ની સંતાનોને લઈને અલગ થઈ ગઈ. સંતાનો પણ પિતાથી છૂટવાના રાહતભાવ સાથ મા સાથ ચાલ્યાં ગયાં. સફળતાના ગાંડપણમાં ફસાયેલો પોતાના હાથે નિષ્ફળ વ્યક્તિ બની ગયો.

સૌથી શ્રેષ્ઠ,નંબર વન જ રહેવાની ઘેલછામાં ડૂબેલી વ્યક્તિઓ જીવનના એક તબક્કે પ્રામાણિકતાથી પાછળ વળીને જુએ તો એણે શું ગુમાવ્યું છે તેનો અહેસાસ થાય. એવી જ એક વ્યક્તિએ લખ્યું છે કે, નાનપણથી જ મારા મનમાં એક આગ્રહ બંધાઈ ગયો હતો કે મારે પ્રથમ જ આવવાનું છે. તે કારણે મેં કેટલું બધું ગુમાવ્યું છે તેની હવે મને ખબર પડે છે. શાળાના દિવસોમાં મારામિત્રો રમતા, ઝાડ ઉપર ચઢતા. હું એમને નફરતથી જોતો. મને લાગતું કે, તેઓ સમય બરબાદ કરે છે. કોલેજમાં આવ્યો. મને નાટક સંગીત વકતત્વય જેવી કલામાં ભાગ લેવાની તક ઉભી થઈ હતી. પરંતુ હું વર્ગમાં પ્રથમ આવીને જ મારી જાતને સાબિત કરવા કોશિષ કરતો રહ્યો. મેં કોલેજકાળમાં મળી શકે તેવા આનંદ અને મોજમસ્તીની તકો ગુમાવી. હવે હું તે સમય પાછો મેળવી શકું તેમ નથી, પરંતુ મારા સંતાનો આવી 'રેટ રેસ' માં ફસાઈ ન જાય તે માટે બધા પ્રયત્ન કરું છું. મેં એમને કહી દીધું કે તેઓ જે કરે તે શ્રેષ્ઠ રીતે કરવાના પ્રયત્ન કરે, પરંતુ તેમણે ઈજાને પછાડીને સૌથી પહેલા થવાની જરૂર નથી. હું મારા સંતાનો દ્વારા મેં ગુમાવેલો સમય જીવવાની કેશિષ કરું છું. એણે સંતાનો માટે નવું સૂત્ર બનાવ્યું છે જીવનમાં શ્રેષ્ઠ હરીફ થવા કરતા શ્રેષ્ઠ વ્યક્તિ થવું વધારે મહત્વ ધરાવે છે.

આપણે બંધનો તોડી શકીએ તે જ સીમાં પાર કરી શકીએ. સીમા એટલે બધા જ પ્રકારના બંધન. જાતને ચોક્કસ પ્રકારના આગ્રહ સાથે બાંધી રાખવી તે પણ એક પ્રકારનું બંધ છે. તે બંધન વ્યક્તિને મુક્ત વિહાર કરવા દેતું નથી. એ પોતાના ક્ષેત્રમાં જ ગોળ ગોળ ફર્યા કરે છે. સીમાની બહાર નીકળી શકાતું નથી. એક સીમા પાર કર્યા પછી જ નવા પ્રદેશમાં પહોંચ્યા છે. નવા પ્રદેશની પણ પોતાની સરહદ હોય છે, નવા બંધન હોય છે. તેને પણ પાર કરવાની ઈચ્છા માણસને ચેતનવંતી રાખે છે, તેમ છતાં દરેક નવા પ્રદેશમાં બધાથી આગળ થઈને પહેલા જ પહોંચવાની ઘેલછા ક્યારેક દુઃસાહસમાં પમ પરિણમે છે.

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના કેમેસ્ટ્રીના પ્રોફેસર ડૉ. એ. રિચાર્ડ એન. ઝારેએ બહુ સરસ વાત કરી છે કે, શ્રેષ્ઠતમ બનવાના વળગણમાં ઘણી વાર આપણે શ્રેષ્ઠ શું છે તે ભૂલી જઈએ છીએ. આજના ગળાકાપ સ્પર્ધાના સમયમાં સંતાનોના મનમાં એક પ્રકારનું પ્રદૂષિત વાતાવરણ ઊભું કરવામાં આવે છે. માતાપિતા ઈચ્છે છે કે એમના સંતાન કોઈ પણ પ્રકારની શારીરિક અને માનસિક હરીફાઈમાં પ્રથમ સ્થાન જ પ્રાપ્ત કરે. આ દ્રષ્ટિકોણ સંતાનોના વ્યક્તિત્વ વિકાસને એકાંગી બનાવે છે. નંબર વન થાવુ એટલે બીજા બધાને પરાજિત કરવા. આ પ્રકારની માનસિકતા બાળકને નુકસાન કરે છે. તેઓ સમૂહને સાથે લઈને ચાલતા શીખતાં નથી, સમભાવી અને ઉદાર બની શકાતં નથી અને ઘણે અંશે સ્વાર્થી પણ બને છે. સમજુ માતાપિતા સંતાનોને શીખવે છે કે તમે જ તમારી અપેક્ષાની ઊંચાઈ નક્કી કરો અને તેને આંબવા માટે પ્રયત્નશીલ રહો. તમે તમારા જ હરીફ બનો.

# અદ્‌ભૂત અવિસ્મરણીય અલૌકિક



શ્રી સોરઠ વિસાશ્રીમાળી જૈન સમાજ મુંબઈના નજીકના ભૂતકાળમાં યોજાયેલો કોઈ કાર્યક્રમ થયો હોય તો આવા શબ્દોમાં જ આ રાસગરબા કાર્યક્રમનું વર્ણન કરી શકાય છેલ્લાં ઘણાં કાર્યક્રમથી સમાજના લોકોની હાજરી ઉત્તરોત્તર વધતી જ જાય છે. પછી એ ભાઈબીજનું સંમેલન હોય કે સાંસ્કૃતિક કાર્યક્રમ હોય, પણ આ વખતે નવરાત્રિ પહેલાં જ નવરાત્રિનો અનુભવ કરાવનારા ૧ ઓક્ટોબરના યોજાયેલા રાસગરબા કાર્યક્રમની વાત જ કંઈ અનોખી હતી. શું કામ ન હોય? પોતાને સમાજના પ્રમુખ નહીં પણ પ્રધાનસેવક માનતા શ્રી કિરીટભાઈ પ્રભુલાલ મહેતાની આગેવાની હેઠળ યોજાયેલો આ કાર્યક્રમ ખરેખર અદ્‌ભૂત હતો. સમાજના યુવાવર્ગને જાગૃત કરી તેમને આવા કાર્યક્રમમાં જોડવા માટેનો શ્રી કિરીટભાઈનો પ્રયાસ ખરા અર્થમાં 'નવરંગી' નોરતાની જેમ જ કલરફૂલ બની રહ્યો.

આખા કાર્યક્રમની રૂપરેખાથી માંડીને નાના નાના આયોજનમાં ઝીણવટપૂર્વક ધ્યાન રાખવામાં આવે તો આપણા સજ્જનો કેવા સોળે કળાએ ખીલી ઉઠે એ આપણને કાંદિવલીના રઘુલીલા મોલમાં આયોજિત રાસગરબા કાર્યક્રમમાં પ્રત્યક્ષ જોવા મળ્યું.

મુખ્ય કન્વીનર શ્રી આશિષ વિનોદભાઈ મહેતાએ અત્યંત સૂજબૂજનો જે પરિચય આપ્યો એ જોતાં એટલું તો પાક્કું છે કે સમાજની નવી પેઢી ખૂબ જ ઝડપથી સમાજ સાથે જોડાઈ રહી છે. કાર્યક્રમની ઝીણમાં ઝીણી તૈયારીમાં એમની મહેનત કાબીલેદાદ છે.

ખેલૈયાઓને ચારથી પાંચ કલાક નૉન સ્ટૉપ થીરકતા રાખનારા મનીષ જોશી અને તેમની ઑર્કેસ્ટ્રાએ જામો પાડી દીધો. જો ખેલૈયાઓ મન મૂકીને નાચ્યા હોય તો તેમને બીરદાવવામાં પણ કંઈ કચાશ ન હોવી જોઈએ. બેસ્ટ ડ્રેસ અને ડાન્સની ત્રણ કેટેગરીમાં કુલ બાર ઈનામ આપવામાં આવ્યા હતા. જેમના દાતા હતા ઝૂમનેક્સ્ટ મોબાઈલ ઍન્ડ એસેસરીઝ. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓને જોશ જોવા જેવો હતો.

કોઈ પણ કાર્યક્રમ સફળ થવા પાછળ ઘણા કારણો હોય છે. આવું જ એક કારણ છે દાતાઓનો સહયોગ રાસગરબાના મુખ્ય દાતા શ્રી રમેશભાઈ પ્રભુદાસભાઈ સંઘવી પરિવાર, હૉલના સ્પોન્સર શ્રી ઝવેરચંદ જૂઠાભાઈ વસા પરિવાર જ્યારે સાઉન્ડ અને મ્યુઝિકના દાતા હતા શ્રીમતી નિર્મળાબેન કાંતિલાલ નંદલાલ વોરા પરિવાર કાર્યક્રમના સહયોગી દાતા હતા એક્વેટિક રિમેડીઝ લિમિટેડ. આ ઉપરાંત કાર્યક્રમ માટે લગભગ ૩૯ જેટલા સમાજજનોએ પણ ઉદાર હાથે સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમની સાથે સાથે સમાજજનોને તેમના વ્યવસાયની ઝલક આપવા મળે એ માટે એક નાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેને પણ ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ મળ્યો હતો. દરેક સ્ટૉલ પરની ભીડ જોઈ આવો જ એક મોટો પ્રયાસ કરશું. એવો વિચાર કરી કિરીટભાઈના મનમા ન આવ્યો હોય તો જ નવાઈ.

સમાજના ઉપપ્રમુખ અને રાસગરબા ઈવેન્ટ સબ કમિટીનું સુકાન શ્રી ધીરેનભઅઈ વસાએ સંભાળ્યું હતું. જ્યારે સબ કમિટીના મેમ્બર્સ શ્રી સંજયભાઈ મહેતા. શ્રી શૈલેશભાઈ વોરાનો પણ અમૂલ્ય ફાળો રહ્યો હતો.

લગભગ ૧૧૦૦ જેટલા જ્ઞાતિજનો સામેલ હોય એવા કાર્યક્રમમાં જમણવાર ન હોય એવું બને જરૂર? ઉપસ્થિતોએ ભોજનની પણ એટલી જ મજા માણી હતી. આ સમયે ચોવિહારની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

એક પછી એક સુપરહિટ કાર્યક્રમ આપવાની જાણે આદત થઈ ગઈ હોય એવા સમાજની કમિટીના સર્વે મેમ્બર્સને કાર્યક્રમને અંતે તમામની એક જ માગણી હતી યે દિલ માંગે મોર. સમાજની સ્થાપનાનું સુવર્ણજયંતિ વર્ષ ખરા અર્થમાં યાદગાર બની રહ્યું છે.

# ડાંડીયા રાસની યાદગાર ઝલક તા.૦૧-૧૦-૨૦૨૩

























# ડાંડીયા રાસની યાદગાર ઝલક તા.૦૧-૧૦-૨૦૨૩




























# ડાંડીયા રાસની યાદગાર ઝલક તા.૦૧-૧૦-૨૦૨૩



















# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ.

તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય

બ્લોક નં ૭, ૨જે માળે, દેવકરણ મેન્શન, વીઠ્ઠલદાસ રોડ, મુંબઈ -૪૦૦૦૦૨

(Registered Under the Bombay Public Trust Act. 1950 - E-008474(Mum))

CSR Reg. No. - CSR 00055317  PAN No. AAATS2942P  80G Reg. No. AAATS2942P2021401

## આરોગ્ય આર્થિક સહાય યોજના

- શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની સ્થાપના ૩.૧૦.૧૯૭૦ ના રોજ થઈ હતી અને આજે ૩.૧૦.૨૦૨૩ ના રોજ ૫૪માં વર્ષમાં પ્રવેશી રહ્યો છે.
- ૫૪માં વર્ષની સ્થાપનાની ઉજવણીના ભાગરૂપે સમાજ તેના સભ્યો માટે **આરોગ્ય આર્થિક સહાય યોજના** લાવી રહ્યું છે જેની વિગત નીચે મુજબ છે.

## BANK DETAILS

SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST
UNION BANK OF INDIA
PRINCESS STREET, MUMBAI – 400 002
S/B A/C NO. 319102010054364
IFSC : UBIN0531910
NO CASH WILL BE ACCEPTED

## ઉદ્દેશ

હોસ્પિટલના થતા અધિક ખર્ચમાં રાહત આપવાનો મુખ્ય હેતુ.
સ્વપ્નદ્રષ્ટા એવા આપણા સમાજના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ મહેતા તથા કમિટીના સભ્યો અને ટ્રસ્ટિગણ આ યોજનામાં દાતાઓ તથા સભ્યોના અપ્રતિમ સહકારની અપેક્ષા રાખે છે.

## પેમેન્ટ ફેસીલીટી

ખાસ નોંધ: પ્લેટિનમ, ડાયમંડ અને ગોલ્ડ દાતાઓ દાનની રકમ બે ભાગમાં આપીને (૮૦જી) નો લાભ લઇ શકશે.

## આ યોજનામાં નીચે મુજબના દાતાઓ રહેશે :

### ૧. પ્લેટિનમ દાતાઓ

(મુખપત્રમાં દર વર્ષે પરિવારનો રંગીન ફોટો ફૂલ પેજ છાપવામાં આવશે)
૨૦૫૦ સુધી ડોનરના નામે સ્કીમનું નામ આપવામાં આવશે.

**૫૪,૦૦,૦૦૦/-**

### ૨. ડાયમંડ દાતાઓ

(મુખપત્રમાં દર વર્ષે બે મોટા રંગીન ફોટા છાપવામાં આવશે)

**૫,૪૦,૦૦૦/-**

### ૩. ગોલ્ડ દાતાઓ:

(મુખપત્રમાં દર વર્ષે એક પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે)

**૫૪,૦૦૦/-**

### ૪. સિલ્વર દાતાઓ

(મુખપત્રમાં એક વર્ષ પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે).

**૫,૪૦૦/-**

### વધુ માહિતી માટે સંપર્ક કરી શકો છો:

#### Fund Raising Committee

૧) કીરીટભાઈ પી. મહેતા
૨) ભરત એન. મહેતા
૩) પ્રેમલભાઈ એલ. મહેતા
૪) પંકજભાઈ કે. વોરા
૫) કમલભાઈ કે. દોશી
૬) પરીમલભાઈ એમ. ભીમાણી

#### Executive Committee

૧) કીરીટભાઈ પી. મહેતા
૨) ધીરેનભાઈ ડી. વસા
૩) યોગેશભાઈ વી. વોરા
૪) કીશોરભાઈ એલ. રામાણી
૫) જયેશભાઈ સી. વસા
૬) પી. સી. વોરા

## ચતુર્થ પુણ્યતિથિએ હાર્દિક ભાવાંજલિ

જન્મ
તા.૧૫-૦૩-૧૯૩૮



સ્વર્ગવાસ
તા.૨૮-૦૮-૨૦૧૯





છત્રાસા નિવાસી હાલ - ઘાટકોપર

# સ્વ. શ્રી લલીતભાઈ ઓધવજી શેઠ

પરીવાર જેનું મંદીર હતું - સ્નેહ જેની શક્તિ હતી,
પરીશ્રમ જેનુ કર્તવ્ય હતુ - પરમાર્થ જેની ભક્તિ હતી....

અમારી સફળતાની સફરમાં તમારીજ છે ગૌરવવંતી પ્રેરણા
આવા દિવંગત આત્માના ચરણોમાં શ્રધ્ધા સુમન અર્પણ.....

:: પ્રેમાળ પરિવાર ::

**ધર્મપત્ની** : જશવંતીબેન લલીતભાઈ શેઠ

**પુત્ર-પુત્રવધુ** : જશ્મીન - ઉષ્મા, વિપુલ - જ્યોતિ

**પુત્રી-જમાઈ** : માયા - દિનેશ

**પૌત્રી** : પ્રતીતી ધ્રુવ છેડા **પૌત્રી** : પલક - સલોની

**પૌત્ર** : પ્રથમ **દોહીત્રી** : મનાલી - જીનલ

*With Best Compliments From*

Jasmin
98210 37580

**સીધ્ધી એન્ટરપ્રાઈસ**

Vipul
93232 50022

૧૦૨, સ્ટીલ સેન્ટર, અમદાવાદ સ્ટ્રીટ, લોખંડ બજાર, મુંબઈ - ૪૦૦૦૦૯.
Tel. : 2348 6586 / 2348 6587

## હાર્દિક ભાવાંજલી



**સ્વ.મણીલાલ મગનલાલ શાહ**

જન્મ : ૨૧-૦૨-૧૯૩૨

અરિહંત શરણ : ૨૮-૦૭-૨૦૧૫



**સ્વ.મીનાબેન મણીલાલ શાહ**

જન્મ : ૨૭-૦૭-૧૯૩૯

અરિહંત શરણ : ૧૫-૦૪-૨૦૨૧

*તમારું જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શ અમારા માર્ગદર્શન હતા.*
*અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવને ભાવનાશીલતાને ક્યારેય નહીં ભૂલીએ*
*બસ ! આપનો આત્મા જલ્દીથી જલ્દી મુક્તિપદને પામે એ જ એક મંગલ અભ્યર્થના*

-:: લિ. ::-

## શ્રી મણીલાલ મગનલાલ શાહ પરિવાર

(જેતપુર - હાલ મલાડ, મુંબઈ)

પુત્ર - પુત્રવધુ : શૈલેષ - સ્મિતા ❖ પૌત્ર - પૌત્રી : હર્ષ - ખુશાલી

પુત્ર - પુત્રવધુ : વિરેન - રૂપા ❖ પૌત્રી - જમાઈ : અમી - કૌશલકુમાર ❖ પૌત્રી : જીનલ

પુત્રી - જમાઈ : ફાલ્ગુની - મિતીનકુમાર ❖ દોહિત્રી - જમાઈ : રિદ્ધિ - ઋષભકુમાર ❖ દોહિત્ર : ભવ્ય

**સ્નેહીજનો તેમજ સમસ્ત શાહ પરિવાર**

## ત્રીજી પુણ્યતિથિ ; સ્મૃતિ વંદના

જન્મ
તા.૧૧-૦૩-૧૯૪૮







અરિહંત શરણ
તા.૧૦-૧૦-૨૦૨૦

# સ્વ. સુધાબેન પ્રતાપભાઈ વસા

**જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ,**
**આંખમાં અમી, દરિયા જેવું દિલ,**
**મીઠી વાણી અને સ્નેહની સરવાણી**
**અમારા ઘરની શાન, શોભા અને શોહરત**
**એટલે અમારા પ્રિય માતુશ્રી સુધાબેનની પ્રથમ**
**પુણ્યતિથિએ તેમને ભાવભરી અંજલી સ્મૃતિ વંદના**

## :: આપના પ્રિયજનો ::



બિજલ પરેશ વસા - કોમલ મીહિર વસા
જિજ્ઞા બિરેન શાહ - ધ્રીશ પરેશ વસા
ટીયા મીહિર વસા - દિવીના મીહિર વસા
આરવ બિરેન શાહ - નિખીલ બિરેન શાહ



**માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર**

**પ્રતાપભાઈ માણેકલાલ વસા**



*With From Best Compliments*





# INDUSTRIAL ASSOCIATES

## Authorised Agent of DCW LTD.

- Trichloroethylene
- UTOX (Buff Colour TI02)
- Titanium Di Oxide Pigment
- Caustic Soda Flakes
- Sodium Bi Carbonate
- Sodium Nitrate / Nitrite
- Caustic Potash
- Synthetic Yellow / Red Oxide Pigment
- Micronised UTOX (Buff Colour TIO2)
- Nonylphenol Ethoxylate
- Sodium Carbonate (SODA ASH)
- Rutile Sand
- Pthalic Anhydride
- Toluene Diisocyanate
- Methylene Diphenyl diidocyanate

## OUR GROUP COMPANIES

**Associated Industries, Raj Impex, C. H. Bhansali & Co.**

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

**Contact Person**

**Rajesh Bhansali : 09323491370 ❖ Hitesh Bhansali : 9322511846**

**Nitin Shah : 9820025620**

C- 214, Antophill Warehousing Complex, Vidyalankar College Road,
Wadala (E) Mumbai – 400037
Tel : 7041543853 / 57 Tel/Fax : 022 -24164242, 24174142
Website : www.associatedindustries.com
Email : sales@associatedindustries.com

## શ્રદ્ધાંજલિ







## મહેન્દ્રભાઈ પોપટલાલ વોરા

**જન્મ : તા.૧૭-૧૨-૧૯૪૩ ❑ સ્વર્ગવાસ : તા.૦૫-૧૧-૨૦૦૭**

**મૂળવતન : ધોરાજી (મોટીમારડ), હાલ : મુલુન્ડ**

**તમે આપેલ હિતશિક્ષાના, સમતાના વચનો હજીએ ગુંજે છે કાનમાં,**
**ભણો, ગણો, આગળ વધો, ફલો, ફુલો જનકલ્યાણમાં.**
**કંઈક સંકટના કંટક વેઠી, સંસ્કારો રેડ્યા અમ જીવનમાં,**
**તમારી સ્નેહભરી સ્મૃતિઓ, ઉચ્ચતમ ભાવો,**
**યશસ્વી જીવનની યાદગાર પળો, હરપળ યાદ આવો.**
**સતત અમ ઉપર વરસતા રહે, આપના આશિષ.**

**આપને અમારી સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ**

લિ.



માતુશ્રી - મંછાબેન ધર્મપત્ની - ચંદ્રિકાબેન
નીલેશ-બીના, નીપુલ-રાજુલ
રીયા, શીલ, જીયા, ધૈર્ય
પ્રીતિ નયન શેઠ, તૃપ્તિ હિતેશ શાહ
ફોરમ-ભવ્યા, વૃદ્ધિ-મીતી
બહેન બનેવી - યશોમતીબેન ગોરધનદાસ વસા



Kayami - November

*Wishing You All Happy Diwali*

*& Prosperous New Year*

# KURLA ENGINEERING
# &
# METAL PRINTERS

**QUALITY PRINTERS OF ALLUMINIUM & TIN SHEETS**

Murlimal Shrikrishandas Compound,
L.B.S. Marg, Opp. Bhandup Railway Station,
Bhandup (West), Mumbai – 400078

Contact NO. + 91 22 67993011 / +91 22 25953011
Email : info@kemetalprinters.com

*-: Warm Regards :-*

**Pradip G. Vora,**
**Bina P. Vora, Dharmil P. Vora,**
**Dhara D. Vora, Shanaya D. Vora**
**Pradip Vora : + 91 9821034572**
**Dharmil Vora : +91 9819834491**

## એકવીસ (૨૧)મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ. જસુમતીબેન ઝવેરીલાલ કોરડિયા

**સ્વર્ગવાસ : કારતક સુદ-૧૪, તા.૧૯-૧૧-૨૦૦૨**

**મૂળવતન : ખારચીયા (વાકુંના), હાલ : બોરીવલી, મુંબઈ**

**હૃદય અમારા રડી પડે છે, જોઈ તસવીર આપની**
**હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની**
**હૃદયમાં વાસ આપનો, ક્ષણ ક્ષણ ભુલાતો નથી**
**સમતા અને મમતા નમતા અને ખમતા સહનશીલતા**
**અને સમજણપૂર્વક આપનાં કાર્યો કદી નથી ભુલાતાં**

પ્રભુ આપનાં આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...

પુત્ર તથા પુત્રવધુઓ

મીના યોગેશ કોરડિયા તથા પૌત્ર : અભય

સોનલ નિલેશ કોરડિયા તથા પૌત્ર : તારણ

પૂજા કમલેશ કોરડિયા તથા પૌત્ર : કૃણાલ અને પૌત્રી : કેલી

પુત્રી : પ્રીતિ નિતીનકુમાર

દોહીત્ર : કેવીન - દોહીત્રી : આશ્વી

**હ. ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડિયા**

Kayami - November

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

Birla Sun Life
Mutual Fund

# MUKTABEN VRAJLAL MEHTA PARIVAR

## VRAJLAL BECHARDAS MEHTA CHARITABLE TRUST

**Mr. Jayant Vrajlal Mehta**
**Mrs. Shobhana J. Mehta**

**AUTHORISED AGENT OF**

- Life Insurance Corporation Of India
- General Insurance Corporation of India
- AMFI Certified advisors for all Mutual Funds
- Companies Fixed Deposits, GOI Saving Bonds
- Public Issue of Shares & Debentures
- Real Estate & Tax Free Bonds

SBI

kotak

ICICI PRUDENTIAL
LIFE INSURANCE

**Residence :**
Flat No. 601/ 602, Sai Darshan,
Dr. M. P. Vaidya Marg, Tilak Road,
Ghatkoper (E), Mumbai – 400 077

**Office :**
11, Bhaveshwar Market, Ground Floor,
M. G. Road, Next To Gandhi Market,
Ghatkoper (E), Mumbai – 400 077
M. 98690 25674

Jayant : 98200 25674
98190 00504
Aeketa : 98203 52829

Shobhana : 98209 25674
Trupti : 98199 71213
Hetal : 99304 44696

# ૩૪ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. વૃજકુંવરબેન ચુનિલાલ મહેતા

**સ્વર્ગવાસ : કારતક વદ ૧૧, તા. ૨૩-૧૧-૧૯૮૯**

સરવાણી વહે નિત્ય જ્યાં સ્નેહની મમતા હોય સર્વત્ર જ્યાં સમભાવની
પ્રેમ, સ્નેહ અને કરુણાના સાગર જેવા અમારા
મંગલમૂર્તિ વહાલસોયા માતુશ્રીએ સરળતા અને સહજતાથી જીવન જીવીને
અમારા જીવનનું ઘડતર કર્યું હતું અને અમને શ્રેયના પંથે દોર્યા હતા.
તેમનું તર્પણ સદૈવ અમારા હૈયે રહેશે.
અમારું સ્વર્ગ અમારી માતાના ચરણોમાં.
પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે.
સમસ્ત મહેતા પરિવાર

-: સૌજન્ય :-

**પ્રમોદકુમાર ચુનિલાલ મહેતા**

બી-૭૦૨, રાજશ્રી રોયલ એપાર્ટમેન્ટ, ૭મા માળે, કરાણી લેન,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬.

**મોબાઈલ : ૯૨૨૪૪૨૭૮૯૯**

Kayami - November

# S V ENTERPRISE

:: Authorised Stockist ::

**M/S. Schneider Electric India Pvt. Ltd.**

**(Formerly M/S. LARSEN & TOUBRO LTD.)**

**FOR SWITCH GEAR PRODUCTS**

## Electrical & General Merchants

20, Lawyers Chamber, Ground Floor, Picket X Road,
Lohar Chawl, Mumbai – 400002.

Office : 022 – 2206 8439, 2206 7314, 4004 9356

**Talk Free: 7400/ 7500/7900 WHATSAPP : 8355956468**

**Satish : 91 98200 66585 Bhadresh : 91 98200 94945**

**Nirav : 91 9820170430**

**VRAJLAL DEVCHAND MEHTA FAMILY.**

# શ્રદ્ધા સુમન

: જન્મ :
૧૯-૦૯-૧૯૪૦

: અરિહંત શરણ :
૧૭-૧૧-૨૦૧૬



## લીલમબેન ધીરજલાલ માઝની

**ધોરાજી નિવાસી હાલ : ચુનાભટ્ટી - મુંબઈ**

**હળવું હળવું તમારું અસ્તિત્વ ને**
**એમાંથી પ્રસરેલી ભીની સુવાસ**
**સંકોરે છે એ પ્રેમાળ વદન,**
**જાણે તમે અહીં જ છો અમારી આસપાસ.**

**પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...**

| | | |
|---|---|---|
| **પુત્ર** | : | હરેશ, નરેશ |
| **પુત્રવધુ** | : | હીના, વૈશાખી |
| **પૌત્ર** | : | હેમિત - જૈનીલ |
| **પુત્રી-જમાઈ** | : | કલ્પના અમીતકુમાર મોદી |
| **દોહિત્ર** | : | અમોલ, પ્રણવ |

**સર્વેની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

રહેઠાણ : ૨૦૩-૪૦૨, ગિરીશ વિહાર, ૨૯૨, વી. એન. પુરવ માર્ગ,
ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨

Kayami - November

*Wishing You all Happy Diwali*
*& Properous New Year*

# FORAGE CHEMICAL INDUSTRIES

**MANUFACTURING OF ZINC OXIDE (NEOLA BRAND)**

**USED IN CERAMIC ELECTRONIC, PAINT, PHARMACEUTICAL, RUBBER TYRE & SPECIALITY CHEMICAL INDUSTRIES**

**MANUFACTURING OF ZINC POWDER (GIRNAR BRANDE)**

**USED IN PESTICIDES, AS REDUCING AGENT IN PHARMA INTERMEDIATE, MARINE PAINTS & SPECIAL CHEMICAL INDUSTRIES**

**: Office :**

C-152, Antop Hill, Warehousing, V.I.T. College Road,
Wadala (E), Mumbai - 400 037, Maharashtra,
Ph.: +91 22 24111776 Fax : +91 22 24183639

**: Factory :**

Opp. Rly. Station, Lushala - 362 215
Taluka Vanthli, Dist. Junagadh, Gujarat
Ph.: (02872) 255625 E-mail : forage@gmail.com
Web : www.foragechemical.com

**Quality for Age.......**

**"CARE MORE FOR OTHERS THAN FOR YOURSELF"**

## પાંચમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી

: જન્મ :
૦૪-૧૨-૧૯૩૩





: અરિહંત શરણ :
૧૫-૧૧-૨૦૧૭



# સ્વ.શ્રી પ્રતાપરાય દુર્લભજી ખાખરા

''સુખ દુઃખમાં સદાય હસતાં રહ્યા તમે,
સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
હતા નજર સમક્ષ, પાપણ પલકારે મોક્ષ પામી ગયા,
જીવન એવું જીવી ગયા, બધાને પ્રેરણા આપી ગયા,
અણધાર્યા છોડી ગયા જીવન છતા જીવીત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.''

**લિ.ખાખરા પરિવાર**

| | | |
|---|---|---|
| ભાઈ | : | સ્વ. કાંતિલાલ દુર્લભજી ખાખરા |
| પત્ની | : | શ્રીમતી પદ્માબેન પ્રતાપરાય ખાખરા |
| પુત્ર-પુત્રવધુ | : | દિનેશભાઈ-ઈલાબેન, વિજયભાઇ-રૂપાબેન, દીપકભાઈ-હિનાબેન |
| દીકરી-જમાઈ | : | કિરણબેન - રમેશકુમાર ડી. વોરા |
| ભત્રીજી | : | નિર્મળાબેન શાંતિલાલ શેઠ |
| પૌત્ર-પૌત્રવધૂ | : | પ્રતીક-મીરા, વિનિત-ડોલી, દર્શિત-પ્રિયંકા |
| પૌત્રી-જમાઈ | : | ક્રિપ્સુ - ધવલકુમાર મહેતા |
| દોહિત્ર | : | કેજલ રમેશકુમાર વોરા |
| દોહિત્રી-જમાઈ | : | કાજલ-અલ્પેશકુમાર વોરા, માનસી-દિવ્યેશકુમાર શાહ |
| પ્રપૌત્ર-પ્રપૌત્રી | : | જિનય, વિરતિ, હિયાંશ, ધર્મ |

રહેઠાણ : દિનેશ પ્રતાપરાય ખાખરા, ડી-૨૦૩, વર્ધમાન નગર,
ડૉ.આર.પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.
ફોન : ૦૨૨-૨૫૯૨૧૦૯૭, મો.: ૯૮૯૨૯૯૯૦૭૫
Email: pratik_khakhra@yahoo.in (9920473899)

Kayami - November

*Wishing you all Happy Diwali &*
*Prosperous New Year*

# VORA BROTHERS

**: Manufacturers of :**

**Plastic Box Strappings * Polythene Bags ***
**Rolls * Sheets * Bopp Taps Plastic Twine Sutali ***
**Rolls & H.D. P. Woven Sacks ***
**L.D. Stretch Films * Etc.**

**ADMINISTRATIVE OFFICE**

115, Sherriff Devji (Chakala) Street, Mumbai – 400003. (INDIA)
Office : 2342 6191, 2343 7091 Resi : 2414 8348 , 2415 6533
Email : vorabro@gmail.com – Cell : 98207 34657



*With Best Compliments From*

## Sunil Ramniklal Vasa

# SUNIL CONSTRUCTION Co.

ENGINEERS AND CONTRACTORS



44, Tardeo Air Condition Market,
4th Floor, Tardeo Road, Mumbai – 400034.
Tel. 2531 3141 / 2531 3587 Mo. 98705 95965
Email : sunil.vasa@sunilconstuction.in

## હાર્દિક ભાવાંજલી



**સ્વ.ચુનીલાલ જીવાભાઈ શેઠ**

સ્વર્ગવાસ : તા.૦૮-૧૦-૧૯૬૫



**સ્વ.ગુલાબબેન ચુનીલાલ શેઠ**

સ્વર્ગવાસ : તા.૩૧-૦૧-૨૦૧૨

મૂળવતન લેરીયા (જુનાગઢ) હાલ : મુલુંડ

***પાપણ ઝુકેને તમને 'નમન' થઈ જાય, મસ્તક ઝુકેને તમને 'વંદન' થઈ જાય,***
***હું એવી નજર ક્યાંથી લાવું કે યાદ કરુંને તમારા 'દર્શન' થઈ જાય.***

**-:: સ્નેહાધીન ::-**

**ચંદ્રકાંત - રંજન** | **રમેશ - સાધના**
**પ્રદીપ - ગીતા** | **હેમેન્દ્ર - સંગીતા**
**સતીષ - સ્વ.ભારતી** | **પ્રવીણાબેન વીનોદરાય વોરા**

**ભાવિકા - સંજય, યોગીતા - મનીષ, યોગેશ - બીંદલ**
**નીલેશ - હેતલ, નેહા - જતીન, મયુરી - આશિષ**
**બીજલ - પારસ, ચેતન - હેનલ, રીદ્ધી - પ્રતીક, નીશીતા - ચિંતન**
**વીનીત, પાર્થ, જેનીલ**
**હર્ષ, ધ્રુવીલ, ખ્યાતિ, ખુશી, દર્શિલ**
**સાહિલ, આજ્ઞા, મોક્ષ, શાન્વી, આર્શવી**
**પ્રિયાંક, પ્રિયાંશ, હવિશા**

શુભેચ્છક

**હરેશ જ્વેલર્સ** | **હરેશ ઓર્નામેન્ટસ**

Vinod Sheth
9619838210

Nikunj Sheth
9594220225

BNI

ECOM

# ECOM Security System

Our Services

HIKVISION

PRAMA

Secureye

alhua TECHNOLOGY

CCTV Servillance system

Access Control system

Time & Attendence system

Computer System

Intrusion System

Fire Alarm system

Boom Barrier

PA System

EPBX System




9321147132 nikunj.ecss@rediffmail.com

**Address** :-Shop No.9, Building No. C-13/14, Poonam Nagar, Opposite RNA Courtyard, Phase 3, Miraroad East 401107

Vinod Sheth
9619838210

Mehul Sheth
9773445770

# Milestone Shares and Securities

Services

Equity

Currency

Commodity

Mutual Fund

IPO

9773445770 Milestone.sec205@gmail.com

**Address** :-C 613 Lancelot building ,opposite Kalyan jewellers , above Sahara Sagar Hotel, S V Road, Borivali West Mumbai-400092

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# ગાય અને ભેંસનું શુદ્ધ ઘી



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશબુદાર
એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ




**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

**કૃણાલઃ ૭૨ - ૨૧૦૭ - ૨૧૦૭**

With Best Compliments From

# Jayesh Ramniklal Vasa

*Mahendrakumar & Co.*
*Vasa Brothers*

**Distributors of Dyes, Chemical & Solvents**

319, Himalaya House, 79 Palton Road, Ramabai Ambedkar Road,
Mumbai - 400 001.
Tel.: (022) 2261-2314 / 2407-6968. Mob.: 98210 16889
Email : vasabrothers2@gmail.com

## Education is the most powerful weapon with you can use to change the world - Nelson Mandela




આફ્રિકાનાં ગાંધી જેવું બીરૂદ મેળવનાર શ્રી નેલ્સન મંડેલાનાં વિચાર ને જાણે અમલમાં મુકતા હોય એવી રીતની આ યોજના ખરેખર આવતીકાલના ઉત્કૃત નાગરિક તૈયાર કરશે એ નક્કી છે.

અહીં આપણે વાત કરી રહ્યાં છે આપણા સમાજની પરેશ સંજય અમિચંદ જીવનભાઈ વોરા પરિવારની યોજનાની.

આજથી ૩૩ વર્ષ પહેલા ૧૯૯૦માં શિક્ષણની ઉપયોગીતા અને ભવિષ્યમાં પડનારી જરૂરીયાત વીશે શ્રી અમિચંદભાઈ જીવનભાઈ વોરાએ રૂા.૩,૦૦,૦૦૦/- જેવી માતબર રકમ આપી આ યોજના શરૂ કરી હતી. માત્ર એકવાર દાન આપી થંભી જવાને બદલે વર્ષો વર્ષ સમાજ તરફથી જ્યારે પણ ટહેલ નાખવામાં આવી હોય ત્યારે વોરા પરિવાર તરફથી મદદ મળી છે. વોરા પરિવાર ઉપરાંત સમાજનાં સ્થંભ એવા અનેક દાતાઓ એ શૈક્ષણિક યોજનાને નાના છોડ માંથી વટવૃક્ષ બનાવવામાં કોઈ કચાસ રાખી નથી.

પોતાને સમાજના પ્રમુખ સેવક કહેડાવતા આપણા પ્રમુખ શ્રી કીરીટભાઈ પ્રભુલાલ મહેતા પોતે વ્યવસાયે ચાર્ટડ એકાઉન્ટન્ટ હોવાથી શિક્ષણનું મહત્વ શું એ સુપેરે જાણે છે. વર્ષ ૨૦૨૧માં પ્રમુખ પદ સંભાળ્યુ ત્યારથી શૈક્ષણિક યોજનાનો વિસ્તાર કેમ કરવો તે વાત સતત તેમના મનમાં રમતી હોય છે. હોદ્દો સંભાળ્યાના પહેલાજ વર્ષે રૂા.૫૨,૪૧,૦૦૦/- જેવી માતબર રકમનું દાન મેળવવુ એ કઈ નાનુ કામ નથી. શૈક્ષણિક કોર્પસ ફંડ જે ૩૬.૫૦ લાખનું હતુ તે વધીને ૩૧-૦૩-૨૦૨૩ના રોજ લગભગ ૬૧.૦૦ લાખ જેટલું થઈ ગયું છે. સમાજના ઈતીહાસમાં એકજ શૈક્ષણીક વર્ષમાં આટલી રકમ ભેગી થઈ હોય એવા જુજ કિસ્સાઓ માંથી આ એક છે. ગયા વર્ષે મુંબઈના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને પુરેપુરી ફી અને મુંબઈ બહારના વિદ્યાર્થીઓને ૬૫% ફી આપવામાં આવી હતી.

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ડોનરોએ અપેક્ષા મુજબ જ ઝોડી છલકાવી દઈ રૂા.૧૫,૦૦,૦૦૦/- રૂપિયા આપ્યા હતા. ગયા વર્ષની જેમજ આ વર્ષે પણ મુંબઈના લગભગ બધા વિદ્યાર્થીઓને ૧૦૦% સહાય અને મુંબઈ બહારના વિદ્યાર્થીઓને ૫૦% સહાય આપવામાં આવી છે.

યોજના અંતરગત આવતા ફોર્મની ચકાસણીથી માંડીને ફીના ચેક બનાવવા સુધીની પ્રક્રિયા શૈક્ષણીક સબકમીટીના સભ્ય (૧) શ્રી જયંતભાઈ (જયુભાઈ) ચુનિલાલ દોશી (૨) આશિષભાઈ વીનોદરાય મહેતા (૩) સંજયભાઈ ધનસુખલાલ મહેતા (૪) અતુલભાઈ ધનજીભાઈ વસા એ બહુજ સારી રીતે પાર પાડી હતી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના શબ્દોમાં કહીએ તો બાળકનું શૈક્ષણીક ઘડતર એટલે એના શરીર અને મગજમાં રહેલી સમતાને સારામાં સારી રીતે બહાર કાઢવી.

**''શિક્ષણ એટલે બાળકનો સર્વાંગી વિકાશ''**

# તમે જ એમનાં મનમાં એક દેવ જેટલું સ્થાન પામી જાઓ છો

**આરતી રામાણી "એન્જલ" બેંગ્લોર**

દિવાળી એટલે લક્ષ્મી પૂજન અને ચોપડા પૂજનનો દિવસ. યોગ્ય મુહૂર્ત જોઈ દુકાનો ને ઓફિસમાં ચોપડાનું પૂજન કરવામાં આવે છે. સાથે મા લક્ષ્મીજીની સ્થાપના કરી આવતા વર્ષની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. કારણ મા લક્ષ્મી ધન સમૃદ્ધિ અને સૌભાગ્યનાં દેવી છે. ખરેખર, ખૂબ આનંદનો દિવસ એટલે દિવાળી! ઘણાં પરિવાર પોતાના ઘરમાં મા લક્ષ્મીજીનું સ્થાપન કરી, એમની પૂજા કરે છે સાથ પોતાની પાસે રહેલાં ધન અને દાગીનાની પણ પૂજા કરે છે. મા લક્ષ્મીજીની આરતી ઉતારી સુખઅને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી, આ દિવસે મા લક્ષ્મીજીનો ઘરમાં પ્રવેશ થશે અને કાયમ માટે નિવાસ રહેશે તેવી ભાવના મનમાં ધારણ કરે છે.

શું કદી કોઈ પરિવારમાં મા લક્ષ્મીજીની સાથે એમનાં ઘરની ગૃહલક્ષ્મીની આ રીતે પુજા થઈ હશે? લગભગ બહુજ ઓછા પરિવારમાં આ રીતે ગૃહલક્ષ્મી જે આખાં ઘરને સંભાળે, પરિવારનાં સભ્યોનું ધ્યાન રાખે, ભીતર ગમે તેટલી દુ:ખી હોય, પરંતુ ઘરમાં કઈ રીતે ખુશી આવે એ માટે સદા કાર્યરત રહેતી હોય, એન કેન પ્રકારે બચત કરી ઘરની સુખ સમૃદ્ધિ માટે જરૂરિયાતનાં સમયે એ તમામ બચત પરિવાર પર ન્યોછાવર કરતી હોય, જેનાં પરિણામે ઘર હંમેશા સુખી અને સમૃદ્ધ રહે છે. એની કદી પૂજા કેમ નહીં થતી હોય? આ લક્ષ્મી તો સાક્ષાત્ છે ને ! જે હંમેશા હાજર રહેવાવાળી; વગર માંગે હાજર કરવાવાળી છે, તો આ લક્ષ્મીની પૂજા કેમ નહીં?

જે ઘરમાં પતિ નારાયણ બની પોતાની લક્ષ્મીરૂપી પત્નીને કપાળે કંકુનો ચાંદલો કરી; પગનાં અંગૂઠાને મા લક્ષ્મીજીનાં પગનાં અંગૂઠાની જેમ દૂધથી અને પાણીથી ધોઈ સ્વચ્છ કરી કંકુ-ચોખાથી લગાવી, આરતી ઉતારે અને મા લક્ષ્મીજીની જેમ જ એનું પણ પૂજન કરે છે. તે ઘરમાં પતિમાં સાક્ષાત નારાયણનો અને પત્નીમાં મા લક્ષ્મીજીનો વાસ થાય છે અને ઘરમાં હંમેશા લક્ષ્મી-નારાયણ વિરાજમાન રહે છે પછી એ ઘરમાં સમૃદ્ધિ અને સુખ મેળવવા માટે મળતું હોય તે ઘરમાં બીજી સ્ત્રી પોતાને આપમેળે જ સુરક્ષિત અનુભવે છે અને ત્યાં નિવાસ કરવા માટે તત્પર રહે છે. ઘરમાં સ્ત્રીનું કોઈ પણ રૂપ હોય એનેં આ રીતે પૂજન કરવાથી મા લક્ષ્મીજી પણ એ ઘર પર ખૂબજ પ્રસન્ન રહે છે.

આ વાતને ઘણાં લોકો હાંસી ઉડાવી ફગાવી દે છે. કોઈ સ્ત્રીનું કોઈપણ મા લક્ષ્મીજીની જેમ પૂજા કંઈ થતી હશે? આમ કરવાથી તો મા લક્ષ્મીજીની જગ્યાએ એને સ્થાન આપ્યું કહેવાય! મા લક્ષ્મીજીની જગ્યા કદી કોઈને અપાતી હશે? આ વાત તો જેણે ઘરની સ્ત્રીઓને પૂજ્ય ગણી હોય એ જ જાણી શકે, કે ખરેખર ભગવાનની જગ્યા કોઈ વ્યક્તિ લઈ જ નથી શકતું એટલે મા લક્ષ્મીજીનું સ્થાન કોઈ સ્ત્રીને આપવાનો સવાલ જ નથી; વાત છે ફક્ત મા લક્ષ્મીજી સાથે ઘરમાં કાયમ માટે છેલ્લાં શ્વાસ સુધી સ્થાયી રહેલી પત્ની, મા, દિકરી કે બહેન રૂપી લક્ષ્મીને પણ માન આપવાની કદી કોઈ પુરુષ નીચો નથી થઈ જતો, ઊલટું ઘરની બધી જ સ્ત્રીઓનાં મનમાં એનું સ્થાન ભગવાન જેટલું થઈ જાય છે. તાત્પર્ય, ઘરની ગૃહલક્ષ્મીની પૂજા કરવાથી એને ભગવાનનું સ્થાન નથી આપતાં અલબત્ત તમે જ એમનાં મનમાં એક દેવ જેટલું સ્થાન પામી જાઓ છો.

**"ચોળી કંકુ-ચોખા તને અને ઉતારું હું તારી આરતી,**
**મા લક્ષ્મી, તું જ મારાં સુખ-સમૃદ્ધિની છે સાચી સારથી.**
**બની નારાયણ કરું છું સદા હું પૂજા ગૃહલક્ષ્મીની,**
**કિસ્મત બચે છે મારી દરિદ્રતાનાં હર પ્રહારથી"**

## તપસ્વી બહુમાન

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના પરિવારના મુંબઈના વસતા તમામ ઉગ્ર તપસ્વીનું બહુમાન.

વિક્રમ સંવત ૨૦૭૯ વર્ષ દરમ્યાન નીચે મુજબ ની ઉગ્ર તપશ્ચર્યા કરનાર તપસ્વીઓ એ શ્રી સંજયભાઈ ધનસુખભાઈ મહેતાને મો. નંબર ૯૮૨૦૦૯૯૦૭૧ ઉપર તારીખ ૩૦-૧૧-૨૩ સુધીમાં સંપર્ક કરી તપસ્વી નું નામ, તપનું નામ તથા કોન્ટેક્ટ નંબર આપવા નમ્ર વિનંતી છે.

(૧) માસ ક્ષમણ તથા તેનાથી વધુ ઉપવાસ

(૨) વર્ષી તપ (જેમનું પૂર્ણ થયું હોય)

(૩) સિદ્ધિ તપ

આ સર્વે તપસ્વીઓના બહુમાનના લાભાર્થી જીવદયા પ્રેમી અને ધર્મપ્રેમી શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી ગોકળદાસ મુળજી સંઘવી અને માતુશ્રી સૂરજબા ગોકળદાસ સંઘવી પરિવાર

બહુમાન કરવાનું સ્થળ, સમય અને વિગતવાર પ્રોગ્રામ દરેક તપસ્વી ને ફોન દ્વારા અગાઉ થી જાણાવી દેવામાં આવશે.

દરેક તપસ્વી ને નમ્ર વિનંતી છે કે બહુમાન સમય વખતે સમયસર પધારશો, તેવી લાભાર્થી પરિવાર તરફથી આગ્રહ ભરી વિનંતી છે.

# સાધર્મિક શબ્દ તેનો અર્થમહિમા જાણે ગુમાવી બેઠો છે...

આચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિજી મ.સા.

દરેક શબ્દની પોતાની એક અર્થછાયા હોય છે. તેની છબી આપણા મગજમાં ગોઠવાયેલી હોય છે. તેના આધારે આપણે અમુક ચોક્કસ પ્રકારની સંવેદનાને તે શબ્દોચ્ચાર સાથે જ અનુભવીએ છીએ.'ભૂત' 'વાંદો' 'સાપ' બોલતા જ, અનુભવાતી ભયની કંપારીમાં આ પ્રતીતિ દેખાય છે. બાળકને મમ્મી શબ્દ અર્થની સાથે ઘણું વિશેષ કહી જાય છે. નાના બાળક માટે 'ચોકલેટ' નોકરિયાત માટે 'બોનસ' રોગી માટે 'નોર્મલે' આ બધા માત્ર શબ્દો નથી. લાગણી પ્રગટાવતા જાણે મંત્રાક્ષરો છે. ધાર્મિક અને ભક્તજન માટે 'ભગવાન', 'ગુરુદેવ', 'દીક્ષાર્થી' જેવા શબ્દો સહજ બહુમાન પ્રગટાવતા શબ્દો છે.

અમુક શબ્દોના ઈમોશનલ રેટિંગમાં વધ-ઘટ પણ થતી હોય છે. 'સાર્ધમીક' એક એવો જાવંત શબ્દ છે જે સાંભળતા જપ્રભુના શાસનને પામેલા શ્રદ્ધાવૈભવી કોઈ ગુણયલ વ્યક્તિની છબી મનમાં ઉપસી આવે. પરંતુ આજે સાધર્મિક શબ્દ તેનો અર્થ મહિમા જાણે ગુમાવી બેઠો છે. 'સાધર્મિક' એટલે સીદ્ધાંતો, રિબાતો ,પીસાતો, વ્યાજ ભરતો, મદદની જરૂરિયાતવાળો એક દીન વ્યક્તિનો નંખાયેલો ચહેરો. શાસ્ત્રો જેને સુપાત્ર તરીકે સ્થાન આપે છે. ભક્તિનું જે ભગવાન અને ગુરુની માફકનું પાત્ર છે તેના બદલે જે એક અત્યંત દયાપાત્ર વ્યક્તિ તરીકેની છબી મનમાં ઊભરે છે. શાબ્દબોધના ક્ષેત્રની આ એક દુર્ઘટના ગણાય. સાધર્મિક ભક્તિ કરતા પહેલા સૌપ્રથમ તો તેના સ્ટેટસ ને બરાબર સમજી લેવું જોઈએ. સારા ભાનથી અને સમજણ વગર થતી પ્રવૃત્તિમાં ક્યારેક આવા મથાળાં જોયા છે. 'સાધર્મિક સહાય યોજના' 'સાધર્મિક મદદ કેન્દ્ર' વગેરે પહેલા તો શબ્દો બદલીને 'સાધર્મિક ભક્તિ કેન્દ્ર', 'સાધર્મિક વાત્સલ્ય યોજના' વગેરે ઉચિત નામ આપવું જોઈએ. સાધર્મિક ગરીબ હોય તો પણ તેની ઓળખમાં પુણ્યથી થોડા નબળા કે એવી કોઈ શબ્દો ન વાપરવા જોઈએ. તેના વર્ણનમાં કદાચ તેની દાયણ ગરીબીનું દર્દનાક ચિત્ર બતાવવું પડે તો પણ તે ભક્તિનું પાત્ર છે. અનુકંપા-દયાનો વિષય નથી. આ ખ્યાલ મનમાં સ્થિર રાખવો. આજની એક વાસ્તવિકતા એ છે કે વિષમ સંયોગોમાં ઘણા બધાને ઘણાનું કરવાનું મન થાય છે. અને જેમને જરૂર હોય તે અમારો સંપર્ક કરે. આ ભાવના મેસેજ સોશ્યલ મીડિયામાં ફર્યા કરે. કબૂલ કે અમે ક્યાં શોધવા જઈએ આ પ્રશ્ન નડે છે. પરંતુ બહુ સામાન્ય પ્રયાસથી તમે ઘણા લોકો સુધી પહોંચી શકો છો તે પણ હકીકત છે. સાધર્મિક તમને શોધતો આવે એટલે એક પલે ખ્યાતિ, બીજા પક્ષે લાચારી છે. તમે સાધર્મિકને શોધવા નીકળો એટલે એક પક્ષે ઔચિત્ય, બીજા પક્ષે ખુમારી અને આબરું છે. શું એવી જાહેરાત ક્યારેય થઈ શકે ખરી કે જે પણ પૂજ્યોને ગોચરી વગેરેની તકલીફ પડતી હોય તેમણે અમારો સંપર્ક કરવો. કેવી ચૉટ લાગે. સુપાત્ર સાથેનો વ્યવહાર ખૂબ ગૌરવપૂર્વક થવો જોઈએ. તેમની વિગતો-નામો વગેરે ગુપ્ત રાખવા જોઈએ. એક સાથે બોલાવીને લાઈનસર દરેક ને કિટ/કવર વગેરે આપવું પણ વિચારણીય છે. આ તો સમાજની સહાય પર નભે છે. આવી એની ઓળખ ઊભી થઈ જાય તો તેને બીજી ઘણા પ્રશ્નો પજવશે. આ ખ્યાલ દાતાએ રાખવો જોઈએ. સાધર્મિક સાથે પૂછપરછ વગેરેમા પણ વિવેક જરૂરી છે. ક્યાંય બોલાચાલી કે કલેશ થઈ ન જાય તેની તકેદારી રાખવી ગ્રાહદિનકૃત્ય ગ્રન્થમાં સાધર્મિક સાથે તીવ્ર કૌધાદિ કરનારો શ્રી તીર્થંકર દેવની આશાતના કરે છે. તેવું જણાવ્યું છે. હાલના સંયોગોમાં વિશેષરૂપે અગ્રતા આપીને ઔચિત્યપૂર્વક સાધર્મિકોની ભક્તિ કરી તેમને ચિત્તસમાધિ આપવાનો અવસર છે. એ જ રીતે ધર્મકૃત્યોમાં જોડાવા સ્થિર એ શ્રાવક જીવનનું અને પર્યુષણ મહાપર્વનું કર્તવ્ય છે. એક ભગવાન ભરાવવા છે. આ સદવિચાર ની જેમ એક સાધર્મિક ભરાવવાનો વિચાર પણ દરેક શક્તિ સંપન્ન પુણ્યવંતને આવે તો બસ...

# અરે યાર, તું આટલી બધી ચિંતા પણ ના કર !



# - જીવન સુવાસ

**-કૃષ્ણકાંત ઉનડકટ**

**રોમાંચને જગાડે એ કલરવ નથી રહ્યો,**
**હૈયાને હલબલાવતો વૈભવ નથી રહ્યો,**
**ફૂલો, સુગંધ, રંગ, પવન એના એ જ છે,**
**દુ:ખ એ જ છે કે માનવી માનવ નથી રહ્યો.**

**- મુસાફિર પાલનપુરી**

દરેક માણસની એક ચોક્કસ પ્રકારનો સ્વભાવ હોય છે. દરેકની અનોખી પ્રકૃતિ હોય છે. બધાની એક ફિતરત હોય છે. થોડીક આદતો હોય છે. પોતાના ગમા હોય છે. પોતાના અણગમા હોય છે. મને આ ગમે. મને આ ન ગમે. અમુક વસ્તુથી આપણને ચીડ ચડે છે. અમુક વાતથી આપણે ઉશ્કેરાઈ જઈએ છીએ. આપણે કોઈ દિવસ એવું વિચારીએ છીએ કે, મારો સ્વભાવ કેવો છે ? એ સ્વભાવ કેવી રીતે બન્યો ? પ્રકૃતિ એમ ને એમ નથી બનતી. એની પાછળ થોડાક કારણો હોય છે. આપણી આજુબાજુમાં બનતી દરેક ઘટના આપણા પર અસર કરતી હોય છે. બધા જ અનુભવો આપણા ઉપર નાની-મોટી છાપ છોડી જતાં હોય છે. એક યુવાનની આ વાત છે. નાની નાની વાતોમાં એ ટેન્શમાં આવી જાય. એના મગજ ઉપર કોઈ ને કોઈ જાતની ચિંતા સવાર જ હોય. મારાથી આ કામ પૂરું નહીં થાય તો ? એનો સ્વભાવ જ ચિંતા થાય કે, ટ્રેનનું બુકિંગ નહીં મળે તો ? મેં જે નક્કી કર્યુ છે એ નહી કરી શકું તો ? મારાથી કોઈ ભુલ થશે તો ? એનો સ્વભાવ જ ચિંતા કરવાનો થઈ ગયો હતો. બહારગામ જવાનું થાય ત્યારે એવી ચિંતા થાય કે ટ્રેનનું બુકિંગ નહીં મળે તો ? જે હોટલમાં સ્ટે કરવાનો છે, એ સારી હોય તો ? મારે જેને મળવાનું છે એ માણસ સારો નહીં હોય તો ? મારે જે વાત કરવાની છે એ હું સરખી રીતે નહીં કરી શકું તો ? એ સતત ને સતત ચિંતાઓથી ઘેરાયેલો જ રહે. એક વખત તેના મિત્રએ તેને કહ્યું, 'આ તું શું કોઈ ને કોઈ ચિંતા લઈને બેસી રહે છે ? આમ નહીં થાય તો અને તેમ નહીં થાય તો ! આમ જ થશે એવું કેમ માની શકતોનથી ? બીજી વાત એ કે થઈ-થઈને શું થઈ જવાનું છે ? આભ ફાટી પડવાનું છે ? જિંદગી અટકી જવાની છે ? એવું કંઈ થવાનું હોત તો અત્યાર સુધીમાં શઈ ગયું હોત ! અરે યાર, તું આટલી બધી ચિંતા ન કર. તું તારા કામમાં પરફેક્ટ છે, તું નક્કી કરે છે એ બધું છે ને ? તો પછી એવા વિચાર શામાટે કરે છે, કે આમ નહીં થાય તો ?'

મિત્રની વાત સાંભળીને તેણે કહ્યું, હું આવો નહોતો. હું બહુ કોન્ફિડન્ટ હતો. એક ઘટના બની એ પછી હું આવો થઈ ગયો. મારી પહેલી જ નોકરીમાં મને ખરાબ રીતે કાઢી મૂકવામાં આવ્યો હતો. મને જે કામ સોંપવામાં આવ્યું હતું, એમાં મારાથી ભૂલ થઈ હતી. મને મારા બોસે બધાની વચ્ચે ખરાબ રીતે ખખડાવ્યો હતો. મને કહ્યું હતું કે તારાથી કંઈ નહીં થાય ! તું ક્યારેય કંઈ નહીં બની શકે ! તું બધા કામમાં લોચા જ મારે છે. એ પછી મારામાં ડર ઘૂસી ગયો છે કે, મારાથી નહીં થાય તો ! મને નોકરીમાંથી કાઢી મૂકશે તો ? મિત્રએ કહ્યું, 'એણે કાઢી મૂક્યો હતો, પછી શું થયું ? બીજી નોકરી મળી ગઈને ? અત્યારે તું જે કરે છે એ તારી પાંચમી નોકરી છે. પહેલાની બાદ કરતા દરેક નોકરીમાં તારું પરફોર્મન્સ બેસ્ટ રહ્યું છે. તારું કામ સારું છે એટલે જ તો તને નવી જોબની ઓફર મળે છે. તું તારી પહેલી નોકરીની વાત મગજમાંથી કાઢતો નથી એટલે તારી એ પછીની

નોકરીનો કોન્ફિડન્સ તારામાં આવતો નથી. એક વાત યાદ રાખ, તું તારા પર જ વિશ્વાસ નહીં રાખે, તો તું ફફડતો જ રહીશ.' દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે. એક જે પોતાની જાતને સાવ નકામી માને છે. એવું વિચારે છે કે, આપણે હવે કંઈ કરી શકીશું નહીં બીજા પ્રકારના લોકો એવા હોય છે, જે પોતાને વધારે પડતી હોશિયાર આંકી લે છે. આઈ એમ ધ બેસ્ટ. હું જ સર્વ શ્રેષ્ઠ છું. આમ તો આ બંને માન્યતાઓ વ્યાજબી નથી, પરંતુ પોતાને સાવ નકામા માનવા કરતાં પોતાને બેસ્ટ માનવું વધુ સારું છે. સાચી વાત તો એ છે કે, જિંદગીમાં કે કરિયરમાં બધું જ સાવ સારું કે તદ્દન ખરાબ હોતું નથી. એ બદલાતું રહે છે. દરેક માણસથી ક્યારેક ભૂલો થાય છે. ડાહ્યામાં ડાહ્યો માણસ પણ મૂર્ખામી કરતો હોય છે. સવાલ એટલો જ હોય છે કે, એ કઈ વાતને પોતાના પર સવાર થવા દે છે! ભૂલ થાય ત્યારે એ એને કેવી રીતે લે છે? એનો એટિટ્યુડ એવો હોય છે કે, યાર માણસ છીએ, ક્યારેક ભૂલ થાય થઈ જાય. બીજો એટિટ્યુડ એવો પણ હોય છે કો, ભૂલ થાય જ કેમ?

એક સફળ બોસ હતા. એની લીડરશીપની બધાં પ્રશંસા કરતાં હતાં. એક વખત તેને પૂછવામાં આવ્યું કે, તમે સફળ બોસ કેવી રીતે બન્યા? એણે કહ્યું કે, મેં મારી ટીમના લોકોની ભૂલો બહુ માફ કરી છે. કોઈનાથી કંઈ ભૂલ થાય ત્યારે હું કહેતો કે, હશે, બીજી વખત ધ્યાન રાખજે. જે થઈ ગયું એ થઈ ગયું. એની ચિંતા ન કરતો. જો એ ભૂલની ચિંતા જ કરતો રહેશે, તો નવી ભૂલ કરશે. આપણે બધા દરરોજ આપણી વ્યક્તિને કંઈક પાસ કરીએ છીએ, કંઈક આપતાં રહીએ છીએ, એનાથી એની પ્રકૃતિ બને છે. તમે ચિંતાળું પ્રકૃતિ પણ રોપી શકો અને વિશ્વાસ, શ્રધ્ધા અને કોન્ફિડન્સની પ્રકૃતિ પણ રોપી શકો. એ બોસને બીજો સવાલ પૂછવામાં આવ્યો, તમને આ ક્યાંથી આવડયું? બોસે કહ્યું, મારા ઘરમાંથી! મારી મા સતત ટેન્શનમાં જ રહેતી. મારા પિતાએ એનો સ્વભાવ એવો કરી નાખ્યો હતો કે, એ સતત ફફડાટમાં જ જીવતી. નાનકડી ભૂલ થાય તો પણ પિતા માને ખખડાવી નાખતા. મા રોજે રોજ ડરમાં જ જીવતી! તારામાં બુદ્ધિ નથી. તને કંઈ આવડતું નથી. તારા ઘરના લોકોએ કંઈ શીખવ્યું નથી. પિતા સતત ટોણા મારતા રહેતા. થોડા વર્ષો પછી પિતાનું અવસાન થયું. પિતા ગુજરી ગયા હોવા છતાંય માના મનમાં જે ફડકો પડી ગયો હતો એ નીકળતો ન હોતો. કોઈ ખીજાવાવાળું ન હોતું, તો પણ એ ડરતી રહેતી! મેં એને કંઈ ન કહ્યું. તેનાં સારા કામના વખાણ કરવાનું શરૂ કર્યું. આ તો તારા જેવું કોઈ ન કરી શકે! આમાં તો તું બેસ્ટ છે. એ ક્યારેક ભૂલો કરતા, પણ પચાસ-સો કામમાં બે-ચાર ભૂલો તો થવાની જ છે. તમારે એને ઈગ્નોર કરવી પડે. ધીમે ધીમે માનો કોન્ફિડન્સ આવ્યો અને એનો ડર, ભય અને ચિંતા દૂર થયાં આ જ વાત મેં ઓફિસમાં એપ્લાય કરી. નક્કી કર્યું કે, મારે મારા બાપા જેવું નથી થવું મારે મારી ટીમમાં ચિંતા કે ભય નથી રોપવા!

આપણા બધાની લાઈફમાં કોઈ ને કોઈ ચિંતા, કોઈ ઉપાધિ, કોઈ ટેન્શન, કોઈ ફિકર, કોઈ ઈશ્યુ તો હોવાના જ છે, એને આપણે કઈ રીતે લઈએ છીએ એ મહત્વનું છે. કોઈ પ્રોબ્લેમ હોય એનો ઉકેલ શોધો, પ્લાનિંગ કરો, અમલમાં મૂકવા સતર્ક રહો, પણ ચિંતા ન કરો. ચિંતા કરવાથી તો તમારી એનર્જીમાં ઘટાડો જ થવાનો છે. સ્વભાવ જ જો ચિંતાળું થઈ જશે, તો તમે ગમે એ મેળવી લેશો, ગમે એટલા સફળ થશો તો પણ અને એન્જોય નહીં કરી શકો. જે વાતની જેટલી ચિંતા કરવાની હોય એટલી કરીને એને છોડી દો. નક્કી કરો કે મારે મારો સ્વભાવ ચિંતાળું બનાવવો નથી. આપણો સ્વભાવ જેવો બનશે. એવી જ આપણી જિંદગી રહેતી હોય છે! સ્વભાવ જ એવો બનાવો કે જિંદગી જીવવાની મજા આવે!

છેલ્લો સીનઃ

ચિંતા ન કરવાનો મતલબ જરાયે એવો નથી કે બેફિકર કે બેદરકાર રહેવું, એનો મતલબ એટલો જ છે કે, આપણા કામમાં સતર્ક અને સાવધાન રહેવું અને ખોટો ભય ન રાખવો.

ડૉક્ટર ની ડાયરી :

# "લાગણી હોવાના ગુન્હા સબબ એખ ભીના માણસ ને ફાંસી છે"

**લેખક : શ્રી ડો. શરદ ઠાકર**

**ઠાકર. શીર્ષક પંક્તિ : શ્રી વિજય આશર**

દાયકાઓ પહેલાંની ઘટના ત્યારે છાયા સિસ્ટર સાવ નવાં જ નર્સ તરીકે નોકરીમાં જોડાયાં હતાં. હજુ લગ્ન પણ થયાં ન હતા. એક તો ગમાડામાં જન્મ અને ઉછેર, એમાં અણસમજુ ઉંમર, દુનિયા અને એના લોકોને ઓળખવાનું બાકી હતું. મનમાં આટલો જ ભાવ કે નર્સિંગ વ્યવસાય સેવાનો વ્યવસાય છે. કલ્પનામાં ફ્લોરેન્સ નાઈટિંગનું ચિત્ર છાયા સિસ્ટરને પણ એની જેમ લેડવિથ ધ લેમ્પ બનવાના અભરખા છાયા સિસ્ટરનું ફર્સ્ટ પોસ્ટિંગ બાનસકાંઠા ડિસ્ટ્રિકટના મોટા, જાણીતા શહેરની ગવર્નમેન્ટ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે થયું હતું એમનો સ્વભાવ હેતાળ અને પરગજુ. વોર્ડમાં દાખલ થયેલા તમામ દર્દીઓનું કાળજીપૂર્વક ધ્યાન રાખે. શહેરમાં એક ભાડાનું મકાન શોધી લીધું હતું. આસપાસનાં પડોશીઓ માટે પણ છાયાબહેન મરી પડે. પાટાપીંડી કરવાની હોય કે ઈન્જેક્શન મારવાનું હોય, તો પડોશીઓ સરકારી દવાખાને જવાને બદલે છાયા સિસ્ટર પાસે દોડી જાય. છાયાબહેન એક રૂપિયો લીધા વગર કામ કરી આપે. આ બધામાં છાયાબહેનને એ જ શેરીમાં રહેતી શિલ્પા જોડે સારા બહેનપણાં બંધાઈ ગયા. શિલ્પા પરણી હતી પણ એના પતિ સનતભાઈ દૂર વેરાવળમાં સરકારી નોકરીમાં હતા. મહિનામાં એકાદ વાર શનિ-રવિએ પત્નીને મળવા માટે આવી જતા હતા. બાકીના દિવસોમાં શિલ્પા એની એક માત્ર દિકરીને સાંભાળવાની જવાબદારી ઉઠાવતી હતી. દિકરીનાં જન્મ પછી બે એબોર્શન્સ થઈ ગયાં હતાં. દિકરી જુનિયર કે.જી.માં જવા માંડી હતી છાયા સિસ્ટરે એક વાર એને કહ્યું પણ હતું. શિલ્પા તું અહીં અને તારો વર વેરાવળમાં, એના કરતાં તું પણ એની સાથે રહેવા પહોંચી જા ને. આ રીતે જિંદગી કેમ જશે ? આખી જિંદગી ક્યાં કાઢવાની છે ? સનત ટ્રાન્સફર માટે પ્રયત્નો કરી જ રહ્યા થે. આ શહેર અમારૂં વતન છે. અહીં અમે મકાન લીધું છે, દિકરીનું ભણતર અહીં જ કરાવવું છે. સનતને તો સરકારી નોકરીમાં બદલીઓ થતી રહેવાની, દર વખતે અમે ઘરખાટલો થોડાં બદલીએ ? અને હું ક્યાં એકલી છું ? તું છો ને મારી સાથે કહીને શિલ્પા છાયાને વળગી પડી. બંને વચ્ચે લાગણીનો સંબંધ બંધાઈ ગયો. મંદિરે જવાનું હોય કે ખરીદી કરવા બંને સાથે જ જાય. રાતનું ભોજન સાથે જ લે. છાયા પોતાનાં ઘરે એકાદ વાનગી બનાવીને શિલ્પામાં ઘરે આપી જાય. પરોઠા છાયા બનાવી લાવે તો શાક શિલ્પાએ બનાવ્યું હોય. જ્યારે સનતભાઈ ઘરે આવે ત્યારે છાયા એમના ઘરે જવાનું ટાળે. મહિનામાં માંડ એક વાર પતિ-પત્નિ ભેગાં થતાં હોય ત્યારે ખલેલ શા માટે પાડવી? પણ સાવ એવું યે નહીં કે સનતભાઈ આવ્યા હોય ત્યારે ન જ જવું. સનતભાઈ પણ છાયાના સ્વભાવથી પ્રભાવિત થઈ ગયા હતા. ખાનગીમાં તે શિલ્પાને કહેતા પણ ખરાં. આ છોકરી સારી છે. એની સાથે ફ્રેન્ડશીપ ટકાવી રાખજે. એ જ તારી મદદમાં હોય થે એટલે મલે તારી અને દિકરીની ચિંતા ઓછી થાય છે. આ સાંભળીને પહેલી વાર શિલ્પાનો ચહેરો કટાણો થઈ ગયો. શિલ્પા આમ બધી રીતે સારી હતી પણ અની એક કમજોરી હતી, એનો પતિ બીજી કોઈ મહિલાનાં વખાણ કરે તે વાત એ સાંખી શકતી ન હતી. તેના દિમાગમાં શંકાનો કીડો સળવળવાનું શરૂ થઈ જતું હતું. તમને પહેલી જ મુલાકાતમાં કેવી રીતે ખબર પડી ગઈ કે છાયા સારી છોકરી છે ? પહેલાં ક્યારેય એને મળ્યા છો ? જુની ઓળખાણ તો નથી ને ? શિલ્પાએ સવાલોની ઝડી વરસાવી દીધી. સનતભાઈ ચૂપ જ રહ્યા. એ શિલ્પાનો સ્વભાવ જાણી ગયા હતા, ખુલાસો એને અપાય જે સ્વીકારી શકે. અહીં જીભાજોડી જ થવાની હતી. શિલ્પાએ પણ પોતાની બાજી ગોઠવી દીધી. છાયાને કંઈ જણાવ્યું નહીં પણ વાત-વાતમાં એવું સૂચવી દીધું કે સનત જ્યારે ઘરે આવે ત્યારે અમને બંનેને માત્ર બેકલાં જ રહેવું ગમે છે, ત્રીજી વ્યક્તિની ખલેલ અમે બદાર્શત કરી શકતાં નથી તેજીને ટકોર પર્યાપ્ત હોય છે. છાયા સમજી ગઈ. સનતભાઈ આવ્યા હોય ત્યારે બે દિવસ માટે છાયા પોતાનાં ઘરમાં જ પૂરાઈ રહે અથવા એની સાથે નોકરી કરતી બીજી છોકરીઓ સાથે ફિલ્મ જોવાનો અને નાની પિકનિકનો કાર્યક્રમ ઘડી કાઢે. એક દિવસ એક અણધારી ઘટના બની ગઈ. બધું બરાબર ચાલી રહ્યું હતું ત્યારે જોરદાર ઈમરજન્સી જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ. શિલ્પા ઘરકામમાં વ્યસ્ત હતી. એની દિકરી હમણાં જ સ્કૂલેથી આવી હતી. શિલ્પા રસોડામાં જઈને દિકરી માટે પ્રોટીનવાળું દૂધ બનાવી રહી હતી ત્યાં અચાનક એનાં પેટમાં તીવ્ર દુઃખાવો ઉપડયો. પેટમાં એટલે નાભિની આસપાસના ભાગમાં નહીં પરંતુ નાભિથી પાંચ-છ ઈંચ નીચે ડાબા ભાગમાં શિલ્પા કંઈ સમજે એટલી વારમાં તો એને ચક્કર આવી ગયાં. એ પેજૂ પર હાથ મૂકીને જમીન પર બેસી ગઈ. પાંચેક મિનિટમાં તે

એ આડી પડી ગઈ. એની દિકરી ગભરાઈ ગઈ. નાની બાળકી બીજું તો શું કરે! બિચારી દોટ મૂકીને છાયાના ઘરે પહોંચી ગઈ, મારી મમ્મીને કંઈક થયું છે. એ બોલતી નથી, ચાલતી નથી, જમીન પર સૂઈ ગઈ છે. છાયાને ધ્રાસકો પડયો. એણે નર્સ તરીકે આવાં ઘણાં પેશન્ટસ જોયા હતાં. આવું થવા પાછળ એક કરતા વધારે કારણો જવાબદાર હોઈ શકે એ વાતની એને ખબર હતી એ ચંપલ પહેરવા જેટલોયે સમય વેડફયા વગર, ઘરનાં બારણાં ઊઘાડાં મેલીને દોડી ગઈ. શિલ્પા મરી રહી હતી. છાયાએ એની પલ્સ પકડી ખૂબ ઈંડી નાડી ચાલી રહી હતી. બી.પી. માપવાનું શક્ય ન હતું શિલ્પાનો ચહેરો તદ્દ્ન સફેદ થઈ ગયો હતો, જાણે લાલ રંગની સાડી એક જ ધોલાઈમાં રંગ ગુમાવી બેઠી હોય! છાયા ડોક્ટર ન હતી તો પણ આવાં પેશન્ટસ એણે જોયાં હતા. એણે ગુડીયાને પૂછયું તારી મમ્મી કંઈ બોલી હતી? દિકરી પેટનો ડાબો ભાગ દર્શાવીને બોલી મમ્મીએ આ જગ્યાએ હાથ મૂક્યો હતો. છાયામાં મનમાં ઝબકારો થયો. એપેન્ડિક્સ તો જમણી બાજુએ હોય છે. શિલ્પાને ડાબી તરફ... ઓહ! ક્યાંક આ કેસ એક્ટોપિક પ્રેગ્નન્સીનો ન હોય. પછી તો બધાં ચિન્હો બંધ બેસતાં થવા લાગ્યા. પેટમાં બલ્ડ જમા થવાને કારણે તે ઉપસવા માંડયું હતું. જો શિલ્પાને તાબડતોબ હોસ્પિટલ ભેગી કરવામાં નહીં આવે તો એ અવશ્ય મૃત્યુ પામશે. એકલા હાથે છાયાએ દોડધામ કરી મૂકી. લેન્ડલાઈન પરથી હોસ્પિટલમાં ફોન કરી એમ્બ્યુલન્સ મગાવી લીધી. એની ઓળખાણ કામ કરી ગઈ. ઈમરજન્સી વિભાગમાં ફોન કરી દીધો. ગાયનેક સરને જાણ કરી દીધી, બલ્ડ બેન્કમાં સૂચના આપી દીધી, મારી ફ્રેન્ડને લઈને આવું છું ૬ બ્લડ બોટલ તૈયાર રાખજો. આવતાની સાથે જ હું પેશન્ટને બ્લડ સેમ્પલ મોકલી આપું છું. એનું બ્લડ ગ્રુપ બી-પોઝીટિવ છે. ઓ.ટી. તૈયાર કરી દો. લેપ્રોટામીની જરૂર પડશે. શિલ્પાને લઈને લઈને એમ્બ્યુલેન્સ હોસ્પિટલ પહોંચી ત્યારે બધું તૈયાર હતું. આવી ફેસિલિટી તો કોઈ મિનિસ્ટરને પણ ભાગ્યે જ મળે. ગાયનેકોલોજીસ્ટે ઓપરેશન શરૂ કર્યું, સર્જન પણ જોડાયા. અંદર શું નીકળે છે તે જાણવામાં બધાંને રસ હતો. પેટ ખૂલતાંની સાથે જ અંદર ભરાયેલ લોહીનું ખાબોચિયુ જોઈને ડોક્ટરના મોંમાથી ઉદ્‌ગાર સરી પડયો, છાયા સિસ્ટર, યોર ડાયોગ્નોસિસ ઈઝ કરેકટ, સર્જરી પત્યા પછી તમારે આખા યુનિટને આઈસક્રીમ ખવડાવવો પડશે. જો શિલ્પા બચી ગઈ તો એ માત્ર છાયા જેવી સહેલીના કારણે શિલ્પાને પણ આ બાબતનો અહેસાસ થયો. ઓપરેશન પછી એને વોર્ડમાં શિફટ કરવામાં આવી ત્યારે અવારનવાર એની આભારવશ નજર છાયા પર ઠરી રહેતી હતી. છાયાએ વેરાવળ પણ ફોન કરી દીધો હતો. જે મળ્યું તે વાહન પકડીને સનતભાઈ આવી પહોંચ્યા. ત્યાં સુધીમાં તો શિલ્પાની કન્ડિશન સ્થિર થઈ ચૂકી હતી. બધાંનાં મુખેથી એમણે છાયાના યોગદાન વિષે સાંભળ્યું. એ આભારના ભારથી ઝૂકી પડયા. એમણે નર્સ બહેનો જ્યાં ચા-પાણી બનાવતી હોય તે રૂમમાં જઈને છાયાને કહ્યું. બહેન મને જાણવા મળ્યું કે આજ સવારથી તમે કંઈ ખાધું-પીધું નથી. મારી વાત સ્વીકારશો? હું પણ ભૂખ્યો થયો છું અને હોસ્પિટલની સામે આવેલી રેસ્ટોરાંમાં નાસ્તો કરવા જઈ રહ્યો છું. તમારી ડયુટી પતે પછી તમે પણ મારી સાથે આવો. આપણે ભાઈ-બહેન સમોસા ખાઈને ઉપર મિલ્કશેક છાયા સિસ્ટરે હા પાડી રાત્રે ફરજ પૂરી થઈ એટલે બંને ગયાં. શિલ્પાને જાણ કરવાથી મામલો બિચકી જવાનો ભય હતો એટલે એને કહ્યું નહીં. શિલ્પાએ પટ્ટાવાળા માકફતે બધું જાણી લીધું. જ્યારે બંને જણા વોર્ડમાં પાછા આવ્યાં એ સાથેજ શિલ્પાએ વાતાવરણ ગજાવવાનું શરૂ કરી દીધું. છિનાળા! ધોખેબાજ! મને તારી દાનત વિષે શંકા હતી જ. તું મારી પાસેથી મારા પતિને છીનવી લેવા માગે છે. આ બધાં નાટકો એ માટેના જ છે. પણ તુ મને હજી પૂરેપૂરી ઓળખતી નથી મને હરતી-ફરતી થઈ જવા દે પછી જો તારી વલે કરૂં છું તે. તારા કપડાં ન ફાડી નાખું તો કહેજે, રાં ....! છાયા ડઘાઈ ગઈ સનતભાઈ બિચારા માફી ઉપર માફી માગવા માંડયા, બહેન તમે એના શબ્દો પર ન જશો. એ છે જ એવી હું તમારા પગમાં પડું છું. છાયા સિસ્ટર આટલું જ બોલ્યા, ભાઈ, આજથી આપણે ક્યારેય નહીં મળીએ. આજથી હું પણ કોઈના માટે ઘસાવવાનું બંધ કરું છું. મારી ચિંતા ન કરશો. ચિંતા તો મને તમારા માટે થાય છે. આવી લાગણી હોવાના ગુન્હા સબબ, એક ભીના માણસને ફાંસી છે.

## કવિતા

હૈયાની હાટડીમાં હેત વેચવા બેઠો છું.
વગર દામે લઈ જાઓ હું વહાલ વહેચવા બેઠો છું.
ના રાજ જોઈએ, ના તાજ જોઈએ,
માણસ ને માણસ સાથે શોભે, એવો મિજાજ જોઈએ...
''બંધ આંખે'' હું ચાલતો નથી, સંબંધો વિશે હું કંઈ જાણતો નથી,
હસીને લોકોને મળવું અને થઈ શકે એટલી મદદ કરવી,
એ મારો શોખ છે, મળ્યા પછી કોઈ મને ભુલી જાય કે,
રમત રમી જાય તો એનો હિસાબ હું રાખતો નથી.
દરેક સંબંધોમાં એક વાર તો ''પાનખર'' આવવી જોઈએ,
જેથી ખબર પડે કે કેટલા ખરી ગયા અને કેટલા ''ટકી'' ગયા,
ક્યારેક પડી જાવ તો ખુદ જાતે ઊભા થઈ જજો,
લોકો ફક્ત નીચે પડેલા પૈસા ઉઠાવે છે, માણસને નહીં.

અજ્ઞાત

# વેદના નવા જીવનનું આરંભ બિંદુ બની શકે

**લેખક : શ્રી વિનેશ અંતાણી**

અમેરિકાના લેખક એરિક સેગલની ૧૯૭૦માં પ્રગટ થયેલી સુપ્રસિદ્ધ નવલકથા લવસ્ટોરીમાં એક વાક્ય આવે છે. પીડાનો સામનો કરવાની દરેક વ્યક્તિની પોતાની રીતો હોય છે. નિર્મલ વર્માની હિન્દી નવલકથા એક ચિથડા સુખમાં એક પાત્ર બીજાને પૂછે છેઃ તુમને કભી દુઃખ કો દેખા હૈ ? દુઃખને નરી આંખે જોવુ–જોઈ શકવું એટલે હૃદયના ઊંડાણમાંથી પીડાનો અનુભવ કરવો. વાસ્તવિક જીવનમાં કેટલીક વ્યક્તિઓને જોતાંની સાથે જ એમની ભીતર ભરાયેલી વેદનાનો અણસાર આવી જાય છે. હું ચંદીગઢના આકાશવાણી કેન્દ્રમાં કામ કરતો હતો ત્યારે એક ડિવોર્સી સિનિયર એનાઉન્સર બહેનના ચહેરા પર હરઘડીએ કશાક ઊંડા દુઃખની છાયા દેખાતી. એક તબક્કે એની ભીતર ભરેલું દુઃખ એવી પરાકાષ્ઠાએ પહોંચ્યું હોવું જોઈએ કે એ રાતે ઊંઘમાં જ મૃત્યુ પામી. મૃત્યુ પછી પણ એના નશ્વર મોઢા પરથી ભીતર ભંડારી રાખેલું દુઃખ જોઈ શકાતું હતું. જાપાનના જાણીતા લેખક હારુકી મુરાકામીની ૨૦૧૮માં પ્રસિદ્ધ થયેલી નવલકથા કિલિન્ગ કોમેન્ડેટોર ના સંદર્ભમાં એમને પુછાયેલા એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં એમણે જણાવ્યું હતું. લાગણીના સ્તર પર પડેલા જખમ ત્રણ પ્રકારના હોય છે. કેટલાક જખમ જલ્દી રુઝાઈ જાય, કેટલાકને રુઝાત લાંબો સમય લાગે છે. જ્યારે કેટલાક જિંદગી પર્યંત રુઝાતા નથી. એ સારા કે ખરાબ બંને પ્રકારના જખમો વ્યક્તિને એની જિંદગીનો અર્થ સ્પષ્ટ કરી આપે છે અને ઘણી વાર એના ઘડતરમાં પણ ભાગ ભજવે છે.

**"કોઈ પણ દુઃખ ભરી પરિસ્થિતિ જીવનનો અંત નથી. કદાચ એ નવા જીવન ભણી આગળ વધવાની શક્યતાનું આરંભ બિંદુ પણ હોઈ શકે"**

સામાન્ય રીતે લોકો એમના જીવનમાં દુઃખદ પરિસ્થિતિ ઊભી થઈ શકે તેવું વિચારવાનું ટાળે છે. બીજા લોકોના જીવનમાં ઊભી થયેલી દુઃખદ પરિસ્થિતિ માટે સહાનુભૂતિ કે સમસંવેદનથી લાગણી અનુભવી એક વાત છે. વ્યક્તિના પોતાના જીવનમાં પણ એવી કોઈ પરિસ્થિતિ ગમે ત્યારે ઊભી થઈ શકે તે વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની તૈયારી અલગ વાત છે. એથી જ મોટા ભાગના લોકો એમના જીવનમાં કોઈ દુઃખદ, પીડાદાયક, ઘટના બને ત્યારે એમની પહેલી પ્રતિક્રિયા 'આવું મારી સાથે જ કેમ બન્યું.' તે પ્રકારની હોય છે. આ સંદર્ભમાં અમેરિકન સાયકોલોજિસ્ટ સિઅન ગ્રોવર એક મહિલા અમાન્ડાનું દૃષ્ટાંત આપે છે. અમાન્ડાની પુત્રી નાની વયે મૃત્યુ પામી હતી. અમન્ડા એ આઘાતમાંથી ઘણાં વરસો સુધી બહાર નીકળી શકી નહોતી. એને જીવનમાંથી રસ ઊઠી ગયો હતો. એ ઓફિસમાં કે અંગત જીવનમાં ગોઠવાઈ શકતી નહોતી. એના મિત્રોએ એને ડિપ્રેશનમાંથી બહાર આવવા સાયકોલોજિસ્ટ ડો.ગ્રોવરના માનસિક સારવારના વર્કશોપમાં જોડાવા જણાવ્યું. એ અનિચ્છાએ ગઈ. ગ્રુપ સેશનમાં પોતાના દુઃખની વાત કરતા એ રડી પડી અને વાત પૂરી કરી શકી નહીં. ગ્રુપની એક મહિલાએ એને કહ્યું કે થોડા સમય પહેલાં એણે પણ પુત્રી ગુમાવી છે. ગ્રુપના બીજા લોકોની વાતો સાંભળીને અમન્ડાને સમજાયું કે બધાના જીવનમાં એવી પરિસ્થિતિ આવી છે. થોડા સમય પછી એ અનાથ બાળકો માટે કામ કરતી સંસ્થામાં જોડાઈ. અમાન્ડાએ કહ્યું : 'હું તે બાળકોમાં મારી પુત્રીને જોઈ શકું છું.' એનાથી મારી અંગત વેદના ઓછી થઈ નથી. પરંતુ હવે હું મારી વેદનાને તટસ્થ રીતે જોતાં શીખી શકી છું. સાયકોલોજિસ્ટસ દુઃખમાંથી બહાર નીકળવાના માર્ગ સૂચવે છે. તેઓ કહે છે કે દુઃખનું સન્માન કરો. આ વાત પહેલી નજરે વિચિત્ર લાગે, પરંતુ વધારે ધ્યાનથી જોવાથી સમજાય છે કે દુઃખનું સન્માન કરવું એટલે અંગત પીડાનો સ્વીકાર કરીને એની આરપાર જોવું પૂરી સમજણ વિકસ્યા પછી એમાંથી બહાર નીકળવાનો માર્ગ મળે છે. દુઃખ ભરી પરિસ્થિતિનો સામી છાતીએ સામનો કરવા સજ્જ થયેલી વ્યક્તિને જાણે પોતાની અંદર છુપાયેલી કોઈ અઝાણી શક્તિનો સાક્ષાત્કાર થાય છે. એ એની પીડા મનમાં દાબીને અન્ય પ્રવૃત્તિઓમાં સક્રિય બને છે. એને સમજાય છે કે કોઈ પમ દુઃખ ભરી પરિસ્થિતિ જીવનનો અંત નથી. કદાચ એ નવા જીવન ભણી આગળ વધવાની શક્યતાનું આરંભ બિંદુ પણ હોઈ શકે.

## સંસ્થા સમાચાર
## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## સમાજને ભેટ

૧૫૦૦/- શ્રીમતી હીનાબેન હરેશભાઈ મહેતા તરફથી ધર્મચક્ર તપની પુર્ણાહુતી નિમિત્તે

૧૧૧૧/- શ્રી જયસુખલાલ હેમચંદ વસા તરફથી વસંતપ્રભા ના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા તરફથી સિદ્ધિતપની પુર્ણાહુતી નિમિત્તે

૧૦૦૦/- શ્રી મનીષભાઈ પ્રભુદાસ તરફથી ચિ. કિંજલના ૧૬ ઉપવાસ ની તપશ્ચર્યા નિમિત્તે

૭૦૦/- શ્રી નીતિનભાઈ શાંતિલાલ મહેતા તરફથી ચિ.નિધિના લગ્ન પ્રસંગ

૫૦૧/- શ્રી વિપુલભાઈ મનીષભાઈ મહેતા તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે

૫૦૦/- શ્રી મહેશભાઈ શાંતિલાલ ધોળકિયા પરિવાર તરફથી સ્વ. મહેશભાઈના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રીમતી લતાબેન કનકભાઈ સંઘવી તરફથી અમીષ કનકભાઈ સાંઘવીના ૯ ઉપવાસ તથા કૃપા અલ્પેશભાઈ સંઘવીના ૧૬ ઉપવાસ નિમિત્તે

### મુખપત્રને ભેટ :

૧૫૦૦/- શ્રીમતી હીનાબેન હરેશભાઈ મહેતા તરફથી ધર્મચક્ર તપની પુર્ણાહુતી નિમિત્તે

૧૧૧૧/- શ્રી જયસુખલાલ હેમચંદ વસા તરફથી વસંતપ્રભાના આત્મશ્રેયાર્થે

૧૫૦૦/- શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા તરફથી સિદ્ધિતપની પુર્ણાહુતી નિમિત્તે

૫૦૧/- શ્રી વિપુલભાઈ મનીષભાઈ મહેતા તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે

**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO
**(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

### શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈ

### અનાજ વિતરણ ખાતે :

૧૦૦૦/- શ્રી નગીનદાસ ધનજીભાઈ સંઘવી પરિવાર તરફથી સ્વ. દમયંતીબેન નગીનદાસ સંઘવીના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- શ્રી મનીષભાઈ પ્રભુદાસ મહેતા તરફથી ચિ. કિંજલના ૧૬ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે

૫૦૦/- શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા તરફથી શ્રીમતી દર્શનાબેનના સિદ્ધિતપ ની પુર્ણાહુતી નિમિત્તે

૫૦૦/- શ્રીમતી લલીતાબેન જેઠાલાલ શાહ તરફથી સોનલબેન ના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રી શાંતિલાલ નાથાલાલ ધોળકિયા પરિવાર તરફથી સ્વ. મહેશભાઈ ના આત્મશ્રેયાર્થે

### તારાચંદભાઈ ધનજીભાઈ મહેતા તબીબી રાહત ખર્ચ

૧૦૦૦૦૦/- શ્રીમતી ઉષાબેન નવીનચંદ્ર શેઠ તરફથી સ્વ.નવીનચંદ્ર ઈશ્વરલાલ શેઠના સ્મરણાર્થે ભેટ.

૫૧૦૦૦/- શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતાના ૭૬માં જન્મ દિવસ નિમિત્તે ભેટ

૧૦૦૦/- શ્રી નગીનદાસ ધનજીભાઈ સંઘવી પરિવાર તરફથી સ્વ. દમયંતીબેન નગીનદાસ સંઘવી ના આત્મશ્રેયાર્થે

### આથિક સહાય ખાતે :

૫૦૦૦૦/- શ્રી કપૂરચંદ જેચંદ દોશી પરિવાર તરફથી સ્વ.ભાયચંદ કપુરચંદ દોશીના સ્મરણાર્થે ભેટ

૫૦૦૦૦/- શ્રી કપૂરચંદ જેચંદ દોશી પરિવાર તરફથી સ્વ. ધનલક્ષ્મીબેન ભાયચંદ દોશીના સ્મરણાર્થે ભેટ

૪૨૫૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી આવેલ ભેટ

૧૦૦૦/- શ્રી સતીષચંદ્ર પ્રભુલાલ મહેતા તરફથી સ્વ.નીરૂબેન સતીષચંદ્ર મહેતાના સ્મરણાર્થે

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી**

Name : Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal
Banker : Bank of India
Branch : Bullion Exchange Branch Mumbai
A/c No. : 000810100006108
80G AACTS 1446 GF 20214 DT.28-05-21

**(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને ૯૮૩૩૫૦૦૫૦૮ના વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી)**

## અવસાન નોંધ :

**સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ**

❑ માખીયાળા નિવાસી હાલ કાંદિવલી, સ્વ.શાંતિલાલ નાથાલાલ ધોળકિયાના પુત્ર મહેશભાઈ (ઉ.વ.૬૭) તા.૨૦-૯-૨૦૨૩ના બુધવારે અરિહંત શરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ, પૂજા અને ઝીલના પિતા, સ્વ.વાસંતીબેન તેમજ મનોરમાબેન મનહરલાલ દોશી તથા કિરીટભાઈના નાના ભાઈ અને સ્વ. શાંતાબેન કુમુદચન્દ્ર કોઠારીના જમાઈ, સાહિલ અને રુચિના કાકા.

❑ મોટાઉજળા નિવાસી હાલ ભાયંદર સ્વ.રમીલાબેન રમણીકલાલ તારાચંદ દોશીના પુત્ર રશ્મિકાન્ત (ઉ.વ.૭૦) તા.૨૪-૦૯-૨૦૨૩ના અરિહંત શરણ પામેલ છે. તે શૈલેષ, મુકેશ તથા નલિની અશ્વિનકુમાર વસાના મોટાભાઈ, તે રક્ષા અને અ.સૌ.કિર્તીદાના જેઠ તથા સ્વ.કાંતિભાઈ, સ્વ.બિપીનભાઈ તથા કિરીટભાઈ સાવડીયાના ભાણેજ તથા વિનીત, કનિષા, હસ્તીના મોટા પપ્પા.

❑ ઉપલેટા નિવાસી હાલ ઘાટકોપર સ્વ.પોપટલાલ જુઠાભાઈ વોરાના પુત્ર ચંદુલાલ (ઉ.વ.૮૪) તા.૨૧-૦૯-૨૦૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે લીલાવંતીબેનના પતિ, ભાવના, અમિતના પિતા, ભારત, દીપ્તિના સસરા, સ્વ.જેચંદ પરમાનંદ ધોળકિયાના જમાઈ, સ્વ. જશવંતીબેન, સ્વ.મુક્તાબેન, સ્વ.રંજનબેન, સ્વ.ભાઈચંદભાઈ, ભાનુબેનના ભાઈ.

❑ મોટી પાનેલી નિવાસી હાલ દહિસર, શશિકાંતભાઈ ભગવાનજી મહેતા (ઉ.વ.૭૮) તે સ્વ ભગવાનજી મહેતા ના પુત્ર, જ્યોત્સનાબેન ના પત્ તેમજ રિતેશભાઈ તથા સેજલબેન ના પિતાશ્રી તે સ્વ. મણિલાલ હરિચંદભાઈ મહેતા ના જમાઈ, તા.૨૧-૦૭-૨૦૨૩ ના શ્રાવણ સુદ (અધિકમાસ) ના રોજ નમસ્કાર મંત્ર સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે.

❑ જુનાગઢ નિવાસી હાલ બોરીવલી સ્વ. નગીનદાસ ધનજીભાઈ સંઘવીના પત્ની દમયંતીબેન (ઉ.વ.૮૪) તે મનીષ, ભરત, રાજીવ, ચેતન તથા સંજીવના માતા, કલ્પના, કિરણ, આરતી, હિરલના સાસુ, રૂપલ, સલોની, આયુષ, રોશનીના દાદી, પિયરપક્ષ રાણકપુર ભેંસાણ, મનસુખભાઈ, ચુનીલાલભાઈ, પ્રવિણભાઈ, વિનોદભાઈ, કિરણભાઈ, ચંદનબેન, જશવંતીબેન, કરૂણાબેન તથા કનકબેનના બહેન તા.૨૭-૯-૨૦૨૩ના અરિહંત શરણ પામેલ છે.

❑ જેતપુર નિવાસી હાલ અંધેરી સ્વ.શાંતિલાલ દુર્લભજી શેઠના ધર્મપત્ની નિર્મળાબેન (ઉ.વ.૮૨) સોમવાર તા.૯-૧૦-૨૦૨૩નાં અરિહંત શરણ પામેલ છે. તેવો કાંતિલાલ ધ્રુવલાલ રાપરાના પુત્રી ચિ.પ્રતિક્ષા મયુરભાઈ વારીયા, ચેતનભાઈ, પરેશભાઈનાં માતુશ્રી, તેમજ ભાવનાબેનનાં સાસુ, ધોરાજી નિવાસી.

❑ જુનાગઢ નિવાસી હાલ ઘાટકોપર શ્રી વિજયભાઈ બાબુલાલ શાહ (ઉ.વ. ૮૨) તા.૧૫-૧૦-૨૦૨૩ના આસો સુદ ૧ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ શ્રી હંસાબેનના પતિ વઢવાણ નિવાસી શ્રી શાંતિલાલ છગનલાલ શાહના જમાઈ, શ્રી મયુરભાઈના પિતાશ્રી તેમજ અ.સૌ.બિનીતાબેનના સસરા તેમજ હીશના દાદા.

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ, સમાજને લગતી વિવિધ રાહત યોજનાઓ ચલાવી રહ્યા છે. આપ આપની યથાશક્તિ અનુદાન નીચે આપેલી બેંકમાં ભરવા વિનંતી છે.**

**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO
**(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**Address Change**

Shri Ankit Pravinkumar Bhayani.
404 - Samaj Darshan, Parekh Lane,
Off. Mathuradas Road, Besides
Munisuvarat Jain Mandir,
Kandivali (West), Mumbai - 400067.

# KANAK HEIGHTS

Geeta Bhavan CHSL, Haji Bapu Road,
Near Devchand Nagar Derasar, Malad (E), Mumbai - 97.

MAHA RERA REG NO: P51800047686



- Terrace Garden
  - Barbeque Area
  - Small Pantry
  - Kid's play Area: Swings, Slide, see-saw...
  - Yoga / Meditation Corner
  - Sitting & Swings for adults
  - Artificial Lawn (Grass)
  - Rain Water Harvesting.
- Reputed High Speed Elevators up to Terrace level with Power backup.
- Integrated Security system with 24 hours surveillance by CCTV cameras.
- Advance and Secure Fire Fighting System.
- Intercom Facility.
- Space for Fitness Center.
- Space for Society Office.
- Double Height Entrance Lobby.

*Typical Floor Plan*




A PROJECT BY

KR
KANAK REALITY
*Luxury Unparalleled*

**KANAK REALITY**
Office No.-2, 1st Floor, Sheetal Kund,
Opp. Vaishnodevi Temple,
Subhash Lane, Daftary Road,
Malad (East), Mumbai - 400 097.
Contact No. : +91 7021024494
E-mail : kanakreality@gmail.com

**KEVAL VORA**
+91 9619003225

**HIMANSHU MARU**
+91 9820134144

ARCHITECTS
HARISH GANDHI
BUILDING CONSULTANTS
PRINCIPAL ARCHITECT HARISH GANDHI
DESIGN ARCHITECT VICKY GANDHI








Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR